
નવેમ્બર-૨૦૧૮ વાર્ષિક લવાજમ રૂ.૧૫૦/-

# પાવન હૃદય દૂત

મૂળ સામયિકની સ્થાપનાઃ



# 1996 થી ઈઝરાયેલ ના વર્ક વિઝા માટે કાર્યરત અમારી કંપની On service Travel

**OSTC**

**ON SERVICE TRAVEL CONSULTANTS PVT. LTD.**

Reg.by.Goverment of India




## વિઝાના પ્રકાર

કેર ગીવર -
ઓલ્ડ કેર વર્ક વિઝા
હોલી લેન્ડ ટૂર - (ટૂરીસ્ટ વિઝા)
એગ્રો ટુરીઝમ -
એગ્રીકલ્ચર ટૂર વિઝા

**અમારા ટ્રેનીંગ સેન્ટરમાં ટ્રેનીંગ લીધા બાદ વર્ક પરમીટ મેળવવાની સુવર્ણ તક**

**ઈઝરાયેલ જેવા પ્રગતિશીલ દેશમાં બહેનો માટે રહેવા તથા જમવાની ફ્રી સગવડતા મેડીકલ ઈન્સ્યોરન્સ, વર્ક પરમીટ સાથે ઉચ્ચ પગારથી નોકરી કરવાની સુવર્ણ તક**

અમારી કંપની OSTC ઈઝરાયેલ સાથે વર્ષોથી ખુબજ નજીકના સંબંધોથી જોડાયેલ છે તેમજ અમારી કંપનીના વર્ષોના અનુભવથી ઈઝરાયેલ જવા ઈચ્છતા ભાઈઓ તથા બહેનોને ખુબજ ઓછા ટાઈમમાં ઈઝરાયેલમાં નોકરી માટે વર્કપરમીટ અને વીઝાની સરળ રીતે સફળતાપૂર્વક કાર્યવાહી કરી આપેલ છે.

અમારી કંપનીના વર્ષોના અનુભવ અને કામ કરવાની સરળ રીતને લીધે જ ખુબજ ઝડપથી ભાઈઓ તથા બહેનો ઈઝરાયેલ પહોંચેલ છે. અને ગુજરાતમાં વધારે સફળતા, સંતોષ અને વિશ્વાસ અમારી કંપની દ્વારા લોકોને મળેલ છે.

અમારી કંપની દ્વારા ઈઝરાયેલમાં નોકરી કરવા જવા ઈચ્છતી બહેનોને ઈઝરાયેલમાં પણ સુરક્ષા અને સલામતી મળી રહે તેમજ રહેવા, જમવા, આરોગ્યની, પગારની, રજાઓની તેમજ નોકરી માટે કોઈપણ મુશ્કેલી ન પડે તે માટે મદદરૂપ થવાના પ્રયાસો કરીએ છીએ. તેમજ ઈઝરાયેલમાં પણ વધુમાં વધુ મદદરૂપ થવું એજ ધ્યેય સાથે વર્ષોથી અમારી કંપની ઈઝરાયેલમાં કાર્યશીલ છે.

ગુજરાતમાં બોગસ એજન્ટો દ્વારા ઈઝરાયેલમાં નોકરી અપપાવવાના બહાને વિશ્વાસઘાત અને છેતરપીંડી દ્વારા લોકોને ફસાવવાનું કામ કરવામાં આવે છે. આવા બોગસ એજન્ટો દ્વારા લોભામણી વાતોથી સાવછેત રહેવું જરૂરી છે.

" ઈઝરાયેલ જવા માટે એક માત્ર ગુજરાતમાં વિશ્વાસપાત્ર સ્થળ છે, કે જ્યાં તમને મળશે ખુબ ઓછા સમયમાં

**ઈઝરાયેલ જવા માટે વિશ્વાસપાત્ર સ્થળ વધુ માહિતી માટે રૂબરૂ મળો.**

રાજકોટ ઓફિસ : એવરેસ્ટ હાઉસ, તપોવન સ્કુલની બાજુમાં, મવડી સર્કલ પાસે, ૧૫૦ ફીટ રીંગ રોડ, રાજકોટ.
અમદાવાદ ઓફિસ : ૧૦૪, અકીક ટાવર, રાજપથ ક્લબની સામે, એસ.જી રોડ, બોડકદેવ, અમદાવાદ.

મો : +૯૧ ૯૬૨૪૦ ૦૧૭૧૪, +૯૧ ૯૬૨૪૦ ૦૧૭૧૭

# યુરોપ (માલ્ટા) માં બહેનો તથા ભાઈઓને પ્રગતિશીલ દેશમાં નોકરી વર્ક પરમીટ સાથે તેમજ P.R. મેળવવાની સુવર્ણ તક.

## માસીક પગાર રૂા. ૬૦૦૦૦/- થી ૧,૫૦,૦૦૦

**OSTC**
**ON SERVICE TRAVEL**
Reg. by Government of India.










**જનરલ**
- જનરલ કલીનર (ઓફીસ-મોલ-બોટ-આઉટ સાઇડ એરીયા
- હાઉસકિપીંગ કલીનર (ઓફીસ - હોટલ - પ્રાઈવેટ હાઉસ)
- હોટલ રૂમ કલીનર - ૪, ૫, સ્ટાફ હોટેલ માટે
- સ્ટોરકીપેર (કોર્મશીયલ કંપની માટે)
- લોન્ડ્રી મેન (લોન્ડ્રી ના અભુભવી)
- ડ્રાઈવર (કોમર્શીયલ ના અનુભવી)
- કેર ગીવર (ઓલ્ડમેન કેર અને બેબીકેર)
- જનરલ નર્સ (એમ.એસ.એન નર્સ સ્ટાફ નર્સ)
- કુક (રસોયા) (કંપની અને હોટલ માટે)
- કિચન કલીનર અને કુક હેલ્પર (હોટલ માટે)
- વેઈટર (રેસ્ટોરન્ટ અને હોટલ માટે)
- વિન્ડોઝ અને ગ્લાસ કલીનર

**એડમિનિસ્ટ્રેટર**
- અકાઉન્ટન્ટ (બી.કોમ. / એમ.કોમ. / સી.એ.)
- રેસેપ્શનીસ કમ ઓફીસ સેક્ટરી (કોમ્પ્યુટર સાથે)

**કન્સ્ટ્રકશન**
- સિવીલ ફોરમેન
- આર.સી.સી. ફિકસચર
- મિસ્ત્રી
- કડીયા - મેસન (ઓલરાઉન્ડર)
- પેઈન્ટર
- પ્લમબર
- ઈલેકટ્રીશીયન
- એલ્યુમિનિયમ ફેબ્રીકેશન
- સ્ટીલ ફેબ્રીકેટર
- ગ્લાસ ફિકસર અને કટર
- વેલ્ડર
- સુથાર - કારપેઈન્ટર
- ટેન્ડર
- ગ્રાઈન્ડર

યુરોપ (માલ્ટા) જેવા પ્રગતીશીલ દેશમાં અમારા ટ્રેનીંગ સન્ટરમાં ટ્રેનીંગ લીધા બાદ વર્ક પરમીટ અને યુરોપીયન દેશોનું ટેમ્પરરી રેસીડન્ટ કાર્ડ મેળવવાની સુવર્ણ તક.
માસીક પગાર રૂા. ૬૦૦૦૦/- થી રૂા. ૧,૫૦,૦૦૦/- (અઠવાડીયામાં માત્ર ૫ દિવસ જ કામ) દરરોજ ૮ કલાક કામ ઓવર ટાઇમની એકસ્ટ્રા આવક.
માલ્ટા એ યુરોપનું ખુબજ સુંદર અને લોકપ્રિય નં. ૧ પ્રવાસનું સ્થળ છે. જયા દર મહિને લાખો યુરોપિયન ટુરીસ્ટ માલ્ટાની મુલાકાતે આવે છે.
અમારી કંપની ઓન સર્વિસ ટ્રાવેલ્સ માલ્ટા અને ઈઝરાયેલ સાથે વર્ષોથી ખુબજ નજીકના સંબંધ થી જોડાયેલ છે. અને માલ્ટા જવા ઈચ્છતા અને નોકરી કરવા માંગતા ભાઇઓ તથા બહેનોને ટ્રેનીગ આપી ટુકા સમયગાળામાં સરળતા પૂર્વક યુરોપ (માલ્ટા) માં મોકલી આપીએ છીએ.
૨૦૧૮ ના યુરોપિયન દેશોના પાટનગર માલ્ટા માં ઉચ્ચ પગારોથી કમાવા માટેની સુવર્ણ તક.
માલ્ટા દેશના લોકો ઇંગ્લીશ બોલે છે. અને ખુબ જ મળતાવળા સ્વભાવના હોય છે. માલ્ટામાં નોકરી કરવા જનાર બહેનો-ભાઈઓની સંપૂર્ણ પણે સલામતી છે.
માલ્ટાની કરન્સી (પૈસા) યુરો છે.
માલ્ટાના વિઝા માટે કેન્ડીડેટને એમ્બેસીમાં ઈન્ટરવ્યુ આપવાની જરૂર નથી
વર્ક પરમીટ સાથે યુરોપના ૨૮ દેશોમાં ફરવા માટે વિઝા કાર્ડ આપવામાં આવશે.
સંપૂર્ણ ભરોસા અને વિશ્વાસ પૂર્વક ઓછા સમયમાં માલ્ટા (યુરોપ) માટે વર્ક પરમીટ, યુરોપ વિઝા કાર્ડ અને વિઝા આપવામાં આવશે.

## ઓન સર્વિસ ટ્રાવેલ

રાજકોટ ઓફીસ : એવરેસ્ટ હાઉસ, તપોવન સ્કુલની બાજુમાં, મવડી સર્કલ પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ રાજકોટ.
અમદાવાદ ઓફીસ : ૧૦૪, અકીક ટાવર, રાજપથ કલબની સામે, એસ.જી. રોડ, બોળકદેવ, અમદાવાદ.
Mo. +91 9624001714 / +91 9624001717

નાઈસ કોટન - ફેકટરી આઉટ લેટ સેલ - કીસમસ ઓફર
(રીટેલ - હોલસેલ મળશે) શ્યામ જ્યોત બિઝનેસ પાર્ક
(ફેક્ટરી નંબર - ૧૨), મોતીપુરા ચોકડી, શાહવાડી, પાણીની ટાંકી પાસે, નારોલ, અમદાવાદ





Special Christmas Sale!

snapdeal
Available at amazon
Flipkart
SHOPCLUES



૧. ડબલ બેડસીટ સેટ
૨. સીંગલ બેડસીટ સેટ
૩. ટુવાલ (દરેક સાઈઝમાં)
૪. નેપકીન
૫. રજઈ (ડબલ, સીંગલ)
૬. કુસન (૪૦ x ૪૦ સાઈઝ)
૭. કમ્ફટર

અમારી બંધી પ્રોડક્ટસ એમેઝોન,
સ્નેપડીલ, ફલીપકાર્ડ અને શોપક્લુસ પર મળશે.

આશિષ એસ. મેકવાન
મો. ૯૮૨૫૫ ૦૪૫૭૯
E mail - nicecotton79@gmail.com





WORK PERMIT

- Europe
- Dubai
- Qatar
- Kuwait

New Dimensions

**MEA RA5399507**

https://emigrate.gov.in/ext/home.action

www.newdimensions.co www.ndi.co.in

## Start your Career Get Employed

## Domestic Worker cum Care Giver for





# Cyprus - Europe

### URGENT REQUIREMENT FOR

- Domestic Worker-(F)
- Care Giver / Nurse-(F)
- Male Nurse(GNM & B.Sc Nursing)-(M)
- Welder-tig/ Mig/ Arc -(m)
- Waiter / Waitress -(M/F)
- Fashion Designer -(F)
- Cook -(M)
- Agriculture Worker -(M)
- Poultry Firm Worker (Couple -M/F)

*Some Happy & Successful Candidates :*



Angrej Singh
+35 796 152 576



Mansi J. Parmar
+35 797 617 370



Smita Solanki
+357 9902 6303



Jyotiben I. Vaghela
+357 97731513

*Congratulations for their placement*

**Drop your CV to: caregiver@ndi.co.in**

*Free Training in Gujrat, For Registration Please Contact :*

**Ashish 9810157341, Chanda 9560541112**

**NEW DIMENSIONS** (RA 5399507)

302, Bhanot House, 18 Local Shopping Center
Madangir, Pushp Vihar Main Road, New Delhi-110062

S.J. DEVELOPER'S

# આશી રેસીડેન્સી

*We build your dream... your dream house@...*

2 BHK
Ready પઝેશન
3 BHK

**2 BHK અને 3 BHK બંગ્લોઝ તથા દુકાનોનું ભવ્ય આયોજન**





**સંપર્ક :**

**સેલ્વીન ચૌહાણ : ૯૬૬૨૩ ૦૭૭૭૭**

**સાઈટ એડ્રેસ : આશી રેસીડેન્સી,**
**હરિગંગા સોસાયટીની બાજુમાં,**
**ગામડી (આણંદ) ૩૮૮૦૦૦૧**

**2 BHK** અને **3 BHK** તથા
**દુકાનોનું** ભવ્ય આયોજન..., જૂજ મકાનો બાકી
R.C.C. 25" પહોળા રસ્તા,
આકર્ષક મુખ્ય એન્ટ્રન્સ સેટ, ચિલ્ડ્રન પ્લે એરીયા,
સ્ટ્રીટ લાઈટની વ્યવસ્થા, ૨૪ કલાક પાણીની સુવિધા

લોન પેપર્સ ઉપલબ્ધ
SBI, BOB, ICICI, HDFC પ્રાયવેટ ફાઈનાન્સ



**Publisher's Name**
**Antony Pitchai Vedamuthu**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Place of Publication**
Anand
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printer's Name**
**Antony Pitchai Vedamuthu**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printing at**
**Anand Press**
Gamdi - Anand - 388001, Gujarat

**Editor's Name**
**Jasvant Macwan**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**માનદ્ તંત્રીઃ**
ફાધર ડો. વિનાયક જાદવ એસ.જે.

**તંત્રીઃ**
જસવંત મેકવાન

**કાર્યકારી તંત્રીઃ**
ડો. થોમસ પરમાર

**સહતંત્રીઃ**
શૈલેષ ક્રિસ્ટી

**તંત્રી મંડળ**
ડો. સિલાસ પટેલિયા
રાજેશ ક્રિશ્ચિયન, બકુલ મેકવાન,
ઈન્દુ રાવ, આગ્નેસ વાઘેલા,
ફાધર ડો. આરસકુમાર રાયપ્પન
સ્નેહલતા ભાટિયા

**લવાજમ, જાહેરાત અને પ્રસાર**
માર્ટીન એમ. મેકવાન

**ટાઈપ સેટિંગઃ** મંજુ એમ. મેકવાન

**ડિઝાઈનઃ** વિજય મેકવાન

અંકઃ ૧૧ વર્ષઃ ૨૦૧૮

પાવન હૃદય **દૂત**

# અનુક્રમણિકા

**આમંત્રિત તંત્રીલેખ**
મૃત્યુને પરમ મિત્ર બનાવીએ ✧ થોમસ પરમાર ૦૯

**કાવ્યધારા (સંપાદકઃ ડો. સિલાસ પટેલિયા)** ૧૧
કલ્પેશ સોલંકી 'કલ્પ' ✧ સંગીતા સુનિલ ચૌહાણ 'તપસ્યા'
✧ કાંતિ વાઘેલા ✧ શૈલેષ વાણીયા - 'શૈલ' ✧ સિલાસ પટેલિયા

**તમારો પત્ર** ૧૨
શાંતિલાલ મેકવાન

**લેખો**
સંઘર્ષને જીતો : પ્રેમ અને શાંતિની ભાષાથી ✧ બ્રધર મેરીદાસ કુલાન્ગારા ૧૩
ધર્મસભાને મળી સાત સંતોની ભેટ ✧ રાજેશ ક્રિશ્ચિયન ૧૫
સર્વ સદ્ગત ભક્તોની સ્મૃતિ ✧ ફાધર એન્થોની પિચ્ચાઈ વેદમ એસ.જે. ૧૮
'દો દિન કે એ મુસાફિર' ✧ સિસ્ટર નીતા એમ. પરમાર ૧૯
મૃત્યુ વિજયમાં વિલીન થયું ✧ ઈન્દુ રાવ ૨૦
ગરીબોના બેલી સંત માર્ટીન દે પોરેસ ✧ લોરેન્સ જે. રાઠોડ ૨૨
ઈસુસંઘના સૌથી નાની વયના સંત ✧ જેમ્સ બી. ડાભી એસ.જે. ૨૪
સંવાદ - રવિવાર ✧ ફાધર અશોક વાઘેલા એસ.જે. ૨૬

**કિશોરમિત્ર (સંપાદકઃ રાજેશ ક્રિશ્ચિયન)** ૨૯
પત્રકારત્વ : ત્રીજું નેત્ર-ચોથી જાગીર ✧ શૈલેષ રાઠોડ ૩૩
બાળકને વસ્તુથી નહીં વ્હાલથી જીતો ✧ દીપ્તિ જોયલ મેકવાન ૩૫
આથમણે અજવાળું ✧ સ્નેહલતા ભાટિયા ૩૭
પ્રમાણિકતાના સથવારે શ્રદ્ધાનો સથવારો ✧ ગાબ્રિયેલ પાઉલભાઈ ૩૮
ખ્રિસ્ત શાંતિદાતા ✧ જયપ્રકાશ ટી. રોય ૪૨
લાભદાયક દુઃખ ✧ જસવંત મેકવાન ૪૩

**પંખીની પાંખે (સંપાદકઃ શૈલેષ ક્રિસ્ટી )** ૫૦

**આવરણઃ** વડાધર્મગુરુ ફ્રાન્સિસે ૧૪ ઓક્ટોબર ૨૦૧૮ના રોજ ધર્મસભામાં સાત નવા સંતોની ઘોષણા કરી છે. નવેમ્બરમાં સર્વ સંતોનું પર્વ ઉજવીએ છીએ ત્યારે આ ઘોષણા આપણને સંત બનવા પ્રેરણા આપે છે. એટલે સંતોને ઓળખીએ અને અનુસરીએ.

મુખપૃષ્ટ ફોટો તથા
આ અંકમાં લીધેલ અન્ય ફોટોગ્રાફ્સ સૌજન્યઃ ગુગલ




'ઈસુના પુનરુત્થાનને કારણે મૃત્યુ આશાપ્રદ છે.'

## ગુજરાતના કૅથલિકોનું સર્વાંગી માસિક



✞ 'પાવન હૃદય દૂત' ઈસુ ભગવાનના હૃદયને એટલે કે મનુષ્યાવતાર પામેલા પ્રેમસ્વરૂપ ઈશ્વરના અંતઃસ્વરૂપને સમર્પિત છે. ઈસુના પાવન હૃદયમાંથી વહેતાં જ્ઞાન, શક્તિ અને તેજ મારફતે માનવહૃદયનું અને માનવસમાજનું સર્વક્ષેત્રે નવઘડતર કરવામાં નિમિત્ત બનવું તેને 'દૂત' પોતાનું કર્તવ્ય સમજે છે.

✞ 'પાવન હૃદય દૂત' ગુજરાતના ઈસુસંઘ દ્વારા સ્થાપિત-સંચાલિત, સમગ્ર જીવનને ઈસુપંથી દૃષ્ટિથી સંસ્કારતું સર્વાંગી માસિક છે. ઈસુસંઘ એ કૅથલિક ધર્મસભામાં આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતો એક સાધુસંઘ છે.

✞ 'પાવન હૃદય દૂત' સમસ્ત ગુજરાતના કૅથોલિકો માટે છે. ઉપરાંત અન્ય ઈસુપંથીઓ અને અન્ય ધર્મીઓનું હિત પણ ચાહે છે. ઈસુધર્મના સિદ્ધાંતોને અનુરૂપ માનવજીવન શૈલી ઘડવા ઉપરાંત વિવિધ ધર્મો અને સામાજિક વર્ગો વચ્ચે સમજણ, સદ્‌ભાવ અને સહકાર વધારતા રહેવાની મહેચ્છા પણ સેવે છે.

### લેખ, કાવ્ય, લવાજમ, પત્રવ્યવહારનું સરનામું

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧

### કાર્યાલયનો સમય

૮.૦૦ થી ૧૨.૦૦ અને ૧.૦૦ થી ૫.૦૦ કલાક સુધી.

**Ph. (Office) : (02692) 240161**
**Mob. 94084 20847 / (02692) 240178**
**Website: http://www.gspbooks.in**
**e-mail : phdoot@gmail.com**

### રવિવારે કાર્યાલયમાં રજા રહેશે

### લવાજમ

ભારતમાં વાર્ષિક : રૂા. ૧૫૦/-
પાંચ વર્ષ માટે : રૂા. ૭૦૦/-
પરદેશમાં (વાર્ષિક) : (U.S. $ ૩૦) રૂા. ૧,૮૦૦/-

### નવેમ્બર, ૨૦૧૬થી જાહેરાતના નવા દર

| | | |
|---|---|---|
| છેલ્લું કવરપેજ | : | રૂા. ૧૪,૦૦૦ |
| અંદરની બાજુના બધાં જ કલર પેજ | : | રૂા. ૧૩,૦૦૦ |

### અંદરના સામાન્ય પેજ

| | | |
|---|---|---|
| આખું પેજ | : | રૂા. ૮,૪૦૦ |
| અર્ધું પેજ | : | રૂા. ૪,૨૦૦ |
| ૧/૪ પેજ | : | રૂા. ૨,૧૦૦ |
| ટચુકડી | : | રૂા. ૦,૭૦૦ |

### જાહેરાત સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫મી રહેશે.

દર મહિને ૨૦મી તારીખે આપની જાહેરાતનું પ્રૂફ જોવા રૂબરૂ આવવા વિનંતી.

### લવાજમ/જાહેરાતની રકમના નાણાં ભરવા બાબત

'દૂત' ગ્રાહકો/જાહેરાતદાતાઓ, આપ સમય અને નાણાંનો વ્યય કર્યા વગર સીધાં જ લવાજમ/જાહેરાતની રકમ અમારા બેંક ખાતામાં જમા કરાવી શકો છો. જેની વિગત આ પ્રમાણે છે.

A/c Name: Gujarat Sahitya Prakash Society
Name of the Bank: ICICI Bank,
V.V. Nagar 388120
Account No.: 008501008925
IFS Code: ICIC0000085

રકમ બેંકમાં જમા કરાવ્યા પછી ઈમેઈલ/એસ.એમ.એસ. ફોન કે પત્ર દ્વારા અમને જણાવવા વિનંતી.

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧

## આમંત્રિત તંત્રીલેખ...



# મૃત્યુને પરમ મિત્ર બનાવીએ

એક શાળામાં છેલ્લા ૩૬ વર્ષથી ગુજરાતીના શિક્ષક તરીકેની સેવા આપ્યા બાદ નિવૃત્તિવયને કારણે શ્રી રાવલ સાહેબ નિવૃત્ત થવાના હતા. તેમના માનમાં શાળાના સ્ટાફ અને ટ્રસ્ટ દ્વારા પરંપરા મુજબ વિદાય સમારંભ યોજવામાં આવ્યો. સમારંભમાં ફૂલહારથી રાવલ સાહેબનું સન્માન કરવામાં આવ્યું. અંગ્રેજી વિષયના તેમના મિત્ર પટેલ સાહેબે રાવલ સાહેબના જીવનનો પરિચય કરાવી તેમની સેવાઓને બિરદાવી. તેમની પ્રમાણિકતા, નિયમિતતા, નમ્રતા, વિષય પરનું પ્રભુત્વ, વિદ્યાર્થી વત્સલતા વગેરે સદ્‌ગુણો ઉદાહરણ આપીને રજૂ કર્યા. એટલું જ નહિ તેમની કૌટુંબિક સેવાઓને પણ યાદ કરવામાં આવી. આ સિવાય અન્ય શિક્ષકોએ પણ તેમની સેવાની કદરમાં પ્રાસંગિક પ્રવચનો કર્યા. રાવલ સાહેબને છેલ્લે શાલ ઓઢાડી અને મોમેન્ટો આપીને સન્માનવામાં આવ્યા. પ્રત્યુત્તરમાં રાવલ સાહેબે સૌ કોઈનો આભાર માન્યો. તેઓ એટલા બધાં ભાવવિભોર અને લાગણીવશ થઈ ગયા હતા કે બોલતાં બોલતાં ડુમો ભરાઈ ગયો હતો તેથી વધુ બોલી શક્યા ન હતા. આંખમાંથી આંસુ પણ સરી પડ્યા હતા. આમ છતાં આ સમારંભથી રાવલ સાહેબને અહેસાસ થયો હતો કે ભલે તેઓ નિવૃત્ત થયા પણ આ શાળા અને તેનો સ્ટાફ હંમેશા તેમને યાદ કરશે. બે મહિના પછી પટેલ સાહેબ પણ નિવૃત્ત થવાના હતા. પરંતુ તેમણે સ્વેચ્છાએ પોતાનો વિદાય-સમારંભ ન યોજવાની ઈચ્છા દર્શાવી હતી. તેથી તેમનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો ન હતો. પટેલ સાહેબની નિવૃત્તિ પછીના બીજા દિવસે રાવલ સાહેબ મિત્રભાવે પટેલ સાહેબના ઘરે ગયા. તેમને બુકે આપી તેમનું સન્માન કર્યું. બાદ બંને મિત્રો વાતોએ વળગ્યા. શાળાના દિવસો યાદ કરવા લાગ્યા. રાવલ સાહેબે બેચેન રહેવાની ફરિયાદ કરી.

'જુઓને પટેલ સાહેબ, શાળાની યાદ મનમાંથી જતી જ નથી. વધુ તો દુ:ખ એ થાય છે કે આજ સુધી તમારા સિવાય કોઈનો ફોન આવ્યો નથી. તમને મારા જેવું કશું થતું નથી ?'

'રાવલ સાહેબ મેં સમજીને જ વિદાય સમારંભ નહોતો ગોઠવવાં દીધો. એ તો પ્રથા પ્રમાણે કરવું પડે છે. નજીકની લાગણી ખૂબ જ ઓછાને હોય. આપણે ટ્રેઈનમાં મુસાફરી કરતા હોઈએ ત્યારે આપણું સ્ટેશન આવે ત્યારે ઉતરી જઈએ છીએ. કોચ (ડબ્બા)માં બેઠેલાં આપણો વિદાય સમારંભ યોજે છે ? મેં શાળામાં આ ભાવથી જ નોકરી કરી હતી. આ તો આપણો ઘડીક સંગ. અંતે તો બધાંએ છૂટા પડવાનું જ છે.'

આ બંને પ્રસંગોને પ્રતીકો ગણીને જીવન અને મૃત્યુની ચર્ચા કરવાનો આશય છે. રાવલ સાહેબને વિદાય કોરી ખાય છે. કારણ કે તેમને શાળા અને સહકાર્યકરોના સાંનિધ્યમાં ખરું સુખ લાગે છે. પણ પટેલ સાહેબની જેમ તેમણે પણ ટ્રેઈનના ડબ્બાના પ્રવાસીઓની જેમ પોતાની જાતને ગણી હોત તો તેઓ દુ:ખી ન હોત. મિત્રો, ટ્રેઈનની મુસાફરીને જીવન અને પહોંચવાના સ્ટેશનને મૃત્યુ સ્વીકારીને ચાલીએ તો મૃત્યુનો ભય ટળે. આ જ સંદર્ભમાં થોમસ કેમ્પિસ 'ઈસુને પગલે' (Imitation of Christ)માં જણાવે છે કે, 'આ દુનિયામાં તમે એક આંગતુક, એક યાત્રી હો અને તમારે આ દુનિયાની બાબતો સાથે કશી લેવા દેવા ન હોય એમ જ વર્તો.' (ભા. ૧, પ્ર. ૨૪ : ૪૬)

પ્રણામી સંપ્રદાયના પ્રસિદ્ધ ગ્રંથ 'શ્રી તારતમ સાગર'માં મહામતિ શ્રી પ્રાણનાથજી આજ વાત જણાવે છે કે, 'સર્વ આત્માઓ આ નશ્વર જગતની યાત્રા માટે પરમધામમાંથી આવ્યા છે. તેમણે આ યાત્રા પૂરી કરીને પોતાના ઘર પરમધામમાં પાછા ફરવાનું છે. આ યાત્રાને સુખમય બનાવવા માટે જ ધર્મનો ઉપદેશ થયો છે.'

આપણાં મૂર્ધન્ય કવિશ્રી નિરંજન ભગત આ જ વાત દોહરાવતા કહે છે.

કાળની કેડીએ ઘડીક સંગ
રે ભાઈ, આપણો ઘડીક સંગ;
આતમને તોય જનમોજનમ
લાગી જશે એનો રંગ !
ધરતી આંગણ માનવીના આ ઘડીક મિલનવેળા,
વાટમાં વચ્ચે એક દિ નક્કી આવશે વિદાય વેળા

રાવલ સાહેબને નિવૃત્તિ પછી કોઈ યાદ નથી કરતું તેનું દુ:ખ છે. જો નિવૃત્તિ પછી કોઈ આપણને યાદ ન કરતું હોય તો મૃત્યુ પછી કોણ યાદ કરશે ? નિવૃત્તિના પ્રસંગ પરથી આપણે આ બોધ ગ્રહણ કરવાનો છે. ત્રીજી પેઢી પછી આપણા કુટુંબમાંથી આપણે નામશેષ થઈ ગયા હોઈશું એ પણ એટલી જ વરવી વાસ્તવિકતા છે. લોકો આપણને કાયમ યાદ કરશે એવું માનનારા ભીંત ભૂલે છે અને એટલે જ થોમસ કેમ્પિસ આપણી સમક્ષ લાલબત્તી ધરે છે કે "તમે ધારો છો તે કરતાં લોકો તમને વહેલા ભૂલી જશે." (ભા. ૧ પ્ર. ૨૪ : ૨૬) તમે પોતે જ વિચારો કે તમારા જીવનમાં અત્યાર સુધી કેટલાયના પરિચયમાં આવ્યા, કેટલાયની સાથે નિકટતા સધાઈ તેમાંથી કેટલાં તમને યાદ કરે છે ? કેટલાને તમે યાદ કરો છો ? આપણે જીવતાં હોઈએ ત્યારે પણ જો કોઈ આપણને યાદ ન કરતું હોય તો મૃત્યુ પછી કોણ યાદ કરવાનું છે? અર્થાત્ આ જીવનમાં આપણે તો એક યાત્રી જ છીએ અને આ જીવન આપણું કાયમી વસવાટ નથી. માત્ર ઘડીક સંગ માટે જ આપણને અહીં મોકલવામાં આવ્યા છીએ.

માનવજીવનની ક્ષણભંગુરતા વિશે યોબના ગ્રંથ (૧૪:૧,૫)માં આ રીતે જણાવ્યું છે. 'માટી ઘડ્યા માનવીનું જીવન ક્ષણિક ક્ષુબ્ધ હોય છે. એ ફૂલની જેમ ફૂટે છે અને ખરી પડે છે. એ પડછાયાની જેમ અલોપ થાય છે. એનો આવરદા પહેલેથી નક્કી થઈ ચૂકેલો હોય છે, એ કેટલું જીવશે એ તેં નક્કી કરી નાખ્યું હોય છે.' સંત કબીર માનવ જીવનની ક્ષણિકતા વિશે એક દોહામાં કહે છે.

'પાની કેરા બુદબુદા અસ માનવજાત'

અર્થાત્ માનવ જીવન પાણીની સપાટી પરના પરપોટા જેવું ક્ષણિક છે. પરપોટો ઉદ્ભવે છે અને તરત જ નાશ પણ પામે છે આવું જ ક્ષણિક મનુષ્યનું જીવન છે.

મૃત્યુના રહસ્ય વિશે અનેક ચિંતકોએ ચિંતન કર્યું છે. આપણા પ્રસિદ્ધ ચિંતક અને સાહિત્યકાર કાકાસાહેબ કાલેલકરે મૃત્યુ વિશેનું એક ચિંતન-પ્રધાન પુસ્તક લખ્યું છે. તેનું શીર્ષક છે - 'પરમસખા મૃત્યુ' તેમણે મૃત્યુને પોતાના પરમ મિત્ર બનાવવાની વાત કરી છે. 'જન્મ અને મરણ એક જ સિક્કાની બે બાજુ છે. કુદરતે જીવન-મરણની અનિવાર્ય જોડી બનાવી છે. ઊંઘ વિના તડપતો માણસ રાત્રે નિદ્રાને લીધે શાંત થાય છે તેથી તે (નિદ્રા) મનુષ્યની દયાળુ પરિચારિકા (Kind nurse of man) છે. તેથી મૃત્યુને પણ મનુષ્યનો સખા કહેવો જોઈએ. મરણને પોતાની સાથે જ રાખીને તેની સાથે વાતચીત કરતો કરતો જીવનયાત્રા ચલાવે. મરણના ખ્યાલથી જીવનનો આનંદ નષ્ટ શા સારુ થવો જોઈએ ? જીવન અને મૃત્યુ બંને ભગવાનનાં એક સરખાં વરદાન જ છે.'

આ લેખ લખી રહ્યો હતો ત્યારે જ ગુજરાત સમાચાર (૧૩ ઓક્ટો. ૨૦૧૮)ના નેટવર્ક વિભાગમાં હિન્દી ફિલ્મ જગતમાં નાની-મોટી ભૂમિકા સફળ રીતે ભજવનાર પ્રસિદ્ધ કલાકાર સંજય મિશ્રા વિશેનો લેખ વાંચવા મળ્યો. એ લેખમાં આ કલાકારના મૃત્યુ વિશેના વિચારો સ્પર્શી ગયા. મૃત્યુ વિશે તે જણાવે છે કે, ''જે દિવસે તમે પેદા થાવ છો ત્યારથી જ તમે મૃત્યુ તરફ ધસવા માંડો છો. આવું માત્ર માણસોમાં જ નથી, પાંદડાઓમાં પણ છે. એક નાનું નાજુક પાંદડું પણ પીળું થવા જ જન્મે છે. પીળું પડ્યા પછી તેને ખરી જ જવાનું છે, તમારા પેદા થવાની સાથે જ ડેથ (મૃત્યુ) તમારા પડખામાં આવીને સૂઈ જાય છે... તમે દુનિયા છોડીને જાવ તો લોકો કહેવા જોઈએ કે યાર ગંદકી કરીને નથી ગયો. અમને કંઈક આપીને ગયો છે.''

અંતમાં મેક્યુસ ઓરેલિયસ (Macus Aurelius) ને ટાંકીને મૃત્યુની ચર્ચા અટકાવીએ.તે જણાવે છે કે, 'માણસે મૃત્યુનો ભય રાખવો જોઈએ નહિ, બલકે તેણે (સફળ રીતે) જીવન જીવવાનો પ્રારંભ ક્યારેય નથી કર્યો તેનો ભય રાખવો જોઈએ' તો ચાલો આપણે પણ સફળ રીતે જીવીને અને જીવનનો આનંદ લૂટતાં મૃત્યુને આપણો પરમ મિત્ર બનાવીએ.●

**- થોમસ પરમાર (કાર્યકારી તંત્રી)**

## 'પાવન હૃદય દૂત'ને મળેલ દાન

| | | |
|---|---|---|
| સ્વ. પ્રદિપભાઈની પ્રાર્થના સભામાં | - | ૫૦ |
| સ્વ. મિનાક્ષીબેન કાંતિલાલ શાહ | નડિયાદ | ૧૦૦ |
| મેકવાન જગદિશભાઈ કાન્તિભાઈ | નડિયાદ | ૧૦૦ |
| સ્વ. પિયુષભાઈ ખેંગારભાઈ પરમાર | નડિયાદ | ૧૦૧ |
| સ્વ. મણીબેન દલાભાઈ ખ્રિસ્તી | વણસર | ૧૦૦ |
| સ્વ. કાશીબેન અંબાલાલ પરમાર | ખડાણા | ૧૦૦ |
| શારદાબેન મનુભાઈ વાણિયા | આણંદ | ૧૦૦ |
| સ્વ. પાઉલભાઈ મોરારભાઈ વણકર | રામનગર | ૫૦ |
| સ્વ. ક્લેરાબેન પાઉલભાઈ પરમાર | - | ૧૦૦ |

## 'દૂત' સ્વયંસેવક વાર્ષિક સંમેલન

**૨ ડિસેમ્બર ૨૦૧૮ રવિવાર ('દૂત' રવિવાર)**

**સ્થળ : કમ્યુનિટી હોલ, સેંટ ઝેવિયર્સ ચર્ચ, ગામડી - આણંદ**

| | |
|---|---|
| આગમન / રજિસ્ટ્રેશન, ચા-નાસ્તો | સવારે ૧૦:૦૦ કલાકે |
| સંમેલન આરંભ (પ્રાર્થના, આવકાર) | સવારે ૧૦:૩૦ કલાકે |
| 'દૂત' કાર્ય, વિચારોની આપ-લે | સવારે ૧૦:૪૫ કલાકે |
| પ્રેમ ભેટ | સવારે ૧૦:૩૦ કલાકે |
| ખ્રિસ્તયજ્ઞ | સવારે ૧૧:૪૫ કલાકે |
| સ્નેહભોજન / વિદાય | બપોરે ૦૧:૦૦ કલાકે |

**નોંધ :** સ્વયંસેવકોને નમ્ર વિનંતી કે જે સ્વયંસેવક મીટિંગમાં રહી શકે તેઓએ અગાઉથી નામની નોંધણી ગુજરાત સાહિત્ય પ્રકાશને કરવી.

**મો. ૯૪૦૮૪૨૦૮૪૭, E Mail : phdoot@gmail.com**

## 'દૂત'ની નીતિવિષયક સ્પષ્ટતા
## ગ્રાહકોને... લેખકોને...વિજ્ઞાપન દાતાઓને...

૧. 'દૂત'માં પ્રસિદ્ધ થતી જાહેરાત કેથોલિક ધર્મસભાના સિદ્ધાંતો અને મૂલ્યોને સુસંગત હોવી જોઈએ.

૨. 'દૂત'માં આવતી તમામ જાહેરાતોની વિચારસરણી સાથે 'દૂત' બંધાયેલ નથી.

૩. 'દૂત'માં પ્રગટ થતી જાહેરાતની સત્યતાની ખાત્રી ગ્રાહકે કરવાની રહેશે. ખાત્રી બાબતે 'દૂત' જવાબદાર રહેશે નહિ.

૪. 'દૂત'માં પ્રગટ થતા વિચારો કે અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.

૫. કાર્યાલયને મોકલેલ લેખની નકલ/ફોટો લેખકે પોતાની પાસે રાખવી, મળેલ નકલ પરત કરવા કાર્યાલય બંધાયેલ નથી.

૬. લેખના સુધારા-વધારાનો અબાધિત અધિકાર તંત્રીનો રહેશે જેની નોંધ લેવી.

૭. અન્યત્ર પ્રકાશિત થયેલ સામગ્રી-લેખ 'દૂત'માં પ્રકાશિત કરાશે નહીં. લેખકે તે અંગેની બાંહેધરી આપવાની રહેશે.

૮. અસ્વીકૃત લેખ/કાવ્ય/સમાચાર અંગે પત્રવ્યવહાર અશક્ય છે.

૯. ધર્મસભામાં નોંધપાત્ર પ્રદાન ધરાવનાર વ્યક્તિઓ વિશેષ જ 'દૂત'માં શ્રદ્ધાંજલિ લેખ પ્રસિદ્ધ કરવામાં આવશે.

૧૦. ન્યાયિક હકૂમત (Jurisdiction) આણંદ જિલ્લો રહેશે.

# કાવ્યધારા



## સફર થયો

સ્વપ્નમાં નીરખો, સવારે તું અસર થયો,
ખુદને ફંફોસી છેક સુધી તું બેખબર થયો.

પગલાંઓની ભીડમાં સતત ચાલ્યા કર્યું,
અંતે આખેઆખો થાકી તું નગર થયો.

ઉલેચ્યાં આંખોના પોપચાં, સાવ કોરા કટ,
ઝાકળ સરીખું મન તારું, તું સરવર થયો.

અરીસા સામે એકાંતમાં બોલતા રહ્યા,
સાંભળી ગયું બારણું, પછી તું ખબર થયો.

લે, થાક્યા ચરણ સતત તારી દિશાના,
દુનિયા ઊંઘતી રહી 'કલ્પ' તું સફર થયો.

- કલ્પેશ સોલંકી 'કલ્પ'

## વાદળ છું !

વાદળ છું, વરસી પડું ભૈ, વાદળ છું,
કો અષાઢી સાંજમાં ગરજી પડું ભૈ વાદળ છું-
વાદળ છું, વરસી પડું ભૈ, વાદળ છું !

છું મનુજની જેમ હુંય નટખટ અને ચંચળ
વળી,
ભરશિયાળે તેથી જ કદીક ટપકી પડું,
વાદળ છું, વરસી પડું ભૈ, વાદળ છું !

છું જલધર, મસ્ત, તરંગી મનુજલોકની
રીતનું,
કોક દિ' ઝરમર, કદીક સરવર ભરું,
વાદળ છું, વરસી પડું ભૈ, વાદળ છું !

છે મનુજની જેમ મનેય ધરમકામની ચાહના,
બીજ નાનેરાં સિંચી, ભરચક કરું,
વાદળ છું, વરસી પડું ભૈ, વાદળ છું !

- સંગીતા સુનિલ ચૌહાણ 'તપસ્યા'

## ચાલ્યો જા

અંધકાર ભેદીને તું ચાલ્યો જા,
જંગલ ખેડીને પણ તું ચાલ્યો જા !

રાહ તું કાપતો રહેજે સતત...
મંઝિલ ના મળે ત્યાં સુધી ચાલ્યો જા !

રાત્રિની વિદાય જ સવાર લાવશે,
હામ ધરી, સંયમ રાખી, તું ચાલ્યો જા !

કરી ભરોસો માત્ર ઈશ્વર પર,
મૂકી દેજે ચિંતા નેવે, અને ચાલ્યો જા !

પરિશ્રમ એળે નહીં જાય તારો 'કાંતિ'
ફતેહ ના મળે ત્યાં સુધી ચાલ્યો જા !

*- કાંતિ વાઘેલા*

## કરી લઈએ

સાથે મળી સ્તુતિ તેની
બધા વચ્ચે હળીમળી !

ભક્તિ કેરું ભાથું લઈને,
ઈશ કેરું નામ લઈને !

આવ્યો જગમાં તેના થકી,
સવાર પડ્યે શ્વાસ લઈને !

ખોટી વાત મૂકી દઈને,
આવો સૌની સાથે થઈને !

મસીહાનો જયકાર કરીએ,
બુલંદ અવાજે નામ લઈને !

*— શૈલેષ વાણીયા - 'શૈલ'*

## વહેતા રહેવું

વહેતી નદીના કાંઠે
બેસી, બાંધી એક વાત ગાંઠે -
કે આમ જ વહેતા રહેવું...

વહેતું જળ
પથ્થર પર પછડાતાં
મધુર અવાજથી વાતાવરણ રમ્ય બનતું !

વહેતા જળ પર
આકાશમાં ઊડતા પંખીના પ્રતિબિંબ પડતાં
ને જળ સાથે, એ વહેતા રહેતા
એ દશ્ય જોયા જ કરવાનું ગમે !

જળ વહે
પણ કાંઠા પરના વૃક્ષની ઘટા
જળ પર ઝળુંબાયેલી,
તોયે લાગે વહેતી...
પણ હોય ત્યાંની ત્યાં
જળને જોતી ચૂપચાપ !

આમ જ
બસ વહેતા જળ જેવું
વહેતા રહેવું...

*- સિલાસ પટેલિયા*

સરનામું:

To,
**ડૉ. સિલાસ પટેલિયા**
**૨૦૧-સેફ્રોન ક્લાસિક**
SBS Colony, **ડિલક્ષ ચાર રસ્તા**
**નિઝામપુરા વડોદરા - ૩૯૦૦૦૨**
**મો: ૯૩૭૭૨૬૬૮૨૮**



# તમારો પત્ર



(૧)

માહે ઓક્ટોબર ૨૦૧૮ના પાવન હૃદય દૂતનું વાંચન-મનન અને ચિંતન કર્યું. વિવિધ ઉત્સવો પ્રસંગે લખાયેલ ઘણા ખરા લેખો પ્રેરણાદાયક જણાયા. આમંત્રિત લેખ ઈસુકેન્દ્રી મરિયમ ભક્તિ સમયોચિત જણાતા ખૂબ જ પ્રેરણા સ્ત્રોત રહેવા પામશે. બધા જ મર્મોના હાર્દને સમજાવતો માહિતી સભર લેખ સૌ કોઈને ખૂબ જ લાભદાયી બની રહેશે. તેમાં બે મત ન હોઈ શકે. પૂજ્ય ફાધર રીચાર્ડ લોપેસને અભિનંદન. 'સંન્યાસીઓ અને સાધ્વીઓ ગરીબોના હામી બને,' વડાધર્મગુરુ પોપ ફ્રાન્સિસના ઓક્ટોબરના સામાન્ય હેતુના અનુસંધાનમાં લખાયેલ ફાધર જોસેફ મંગલમની કલમે કડારેલ ખૂબ જ પ્રશંસનીય રહેવા પામ્યો. સૂચક લેખ સૌ કોઈને આમ નિરીક્ષણ માટે ખૂબ જ ફળદાયી નીવડશે. ક્રોધ લેખ સમયોચિત્ત જણાતા ધર્મજનને જીવનકેન્દ્રી બનશે તેમાં શંકાને અવકાશ નથી. સંત મધર ક્લોડીન થેવેનેટના સેવાકાર્યની નોંધ દર્શાવતો લેખ સન્યસ્તગણ માટે દિશાસૂચક બની રહેશે. અર્થસભર માહિતી આપવા બદલ શ્રી જોસેફ પટેલીયાને અભિનંદન. શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિજેતા શિક્ષકોની કાર્યશૈલીને બિરદાવતો લેખ શિક્ષણ કાર્યમાં કાર્યરત શિક્ષકોને આત્મખોજ માટેની પ્રક્રિયાને ચેતનવંતી બનાવશે. સંકલનકર્તાને અભિનંદન સહ આભાર.


**જન્મદિનની શુભેચ્છા**



**'શેમ'**

**જન્મ તા. ૨૬-૧૧-૨૦૧૭**

**'છોકરાં તો યહોવાનું આપેલું ધન છે.'** (ગીતશાસ્ત્ર ૧૨૭:૩)

**પિતા :** મનિષ એમ. મેકવાન, **માતા :** પ્રિતી એમ. મેકવાન

**દાદા :** મગનભાઈ ડી. મેકવાન,

**કાકા :** યાકુબ અને માર્ટીન મેકવાન,

**નાની :** ડહીબેન એમ. મહીડા, જયોતિ અને શૈલેષ (માસી-માસા), બ્લેસી (બહેન) તથા સમગ્ર પરિવાર

*૩૨, સંકલ્પ રો-હાઉસ, ટ્રીનીટી સોસાયટી પાછળ, મુ. ઈસરામા, તા. પેટલાદ, જિ. આણંદ*



**ઓલીવીયા ક્રિએશન**

**લગ્નની મેક્ષી માટેનું જુનું અને જાણીતું એકમાત્ર સ્થળ એટલે ''ઓલીવીયા ક્રિએશન'' અમારે ત્યાં કોમ્યુનીયન મેક્ષી, કલર મેક્ષી બનાવી આપવામાં આવશે.**

**ખાસ નોંધ :** ઓલીવીયા ક્રિએશન તમારી સેવામાં હંમેશાં હાજર છે. કોઈના કહેવાથી ગેરમાર્ગે દોરાશો નહિ.

**અંજના શૈલેષ પરમાર (૯૮૭૯૧ ૮૧૩૪૮, ૯૮૨૪૪૯૧૭૩૭)**

**૧૧, આશીર્વાદ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, પાધરીયા આણંદ**


નિસ્બત અને મૃત્યુ લેખ સૌ કોઈને પ્રેરણાદાયી બની રહેશે. ટૂંકા પરંતુ તાકાતવાન લેખ-લેખકની કલમને એળે જવા દેશે નહિ. પાવન હૃદય દૂતમાં સુવર્ણ જયંતી અને અમૃતોત્સવની ઉજવણી બાળકની ગૌરવપૂર્ણ પ્રતિકો આજના છાશવારે વધતા છૂટાછેડા માટે એક પડકારરૂપ જણાયા. સહજ ભાવે તૂટતા લગ્નો માટે એક ઉત્તમ ઉદાહરણરૂપે લગ્ન જયંતી મનાવવાના સૌ દંપતીઓને અભિનંદન. – *શાંતિલાલ મેકવાન*




૧૭ વર્ષના અનુભવી

**આવકાર સિલેક્શન**

(ગુજરાતનું સૌથી સારૂ અને મોકળુ સ્થળ) અમારે ત્યાં લગ્નની મેક્ષી, બર્થ ડે ફ્રોક કોમ્યુનિયન ફ્રોક, કલર મેક્ષી, ડિઝાઈનર મેક્ષી, રિસેપ્સન ગાઉન તમારા બજેટમાં બનાવી આપવામાં આવશે. ***રૂા. ૩૦૦૦/- થી શરૂઆત થાય છે.***

**કોમલ.એસ.પરમાર / રેખા.આર.ચૌહાણ**

ફોન કરીને આવવું **મો. ૯૯૧૩૫૬૧૨૭૫ / ૯૭૨૭૨૩૨૦૨૨**

**ઘર નં-૫, આશીર્વાદ કોલોની,સેંટ ઝેવિયર્સ રોડ પાધરીયા આણંદ - ૩૮૮૦૦૧**

**સેલ... સેલ... સેલ...**

## કૃપા સ્ટીલ એન્ડ વુડન ફર્નિચરનો મેગા સેલ

અમારે ત્યાં સ્ટીલ તીજોરી, સ્ટીલ સ્ટોરવેલ, વુડન વોર્ડરોબ, બોક્સ પલંગ, દિવાન પલંગ, પાટ, મેટ્રેસીસ, સોફાસેટ, ટીપોઈ, ડાઈનીંગ ટેબલ, ડ્રેસીંગ ટેબલ, રીવોલ્વીંગ ચેર, તમામ પ્રકારના હીચકા, ઝૂલા તેમજ ઘર તથા ઓફિસનું તથા સ્કૂલનું તમામ ફર્નિચર મળશે.

**કોલીન (સામરખાવાળા)**

**મો. ૯૮૨૪૬ ૧૭૮૫૪**

**મો. ૯૦૩૩૪ ૨૫૨૫૬**

**: સ્થળ :**

*અમૂલડેરી રોડ, રેલવે ફાટક પાસેના ગ્રાઉન્ડમાં, આણંદ*

# સંઘર્ષને જીતો : પ્રેમ અને શાંતિની ભાષાથી

**(વડાધર્મગુરુ માન્ય પ્રાર્થના હેતુ : નવેમ્બર ૨૦૧૮)**

✍ બ્રધર મેરીદાસ કુલાન્ગારા

**પ્રેમ અને શાંતિની ભાષા હંમેશા સંઘર્ષની ભાષા પર જીત મેળવે.**

'શાંતિના સ્થાપકો પરમસુખી છે, તેઓ ઈશ્વરનાં સંતાન કહેવાશે' (માથ્થી ૫:૯)

આપણે બધા ભારતમાં રહીએ છીએ અને ભારતમાં લોકો અલગ - અલગ ધર્મ અનુસરે છે. ક્યારેક જુદા જુદા ધર્મો વચ્ચે અસમંજસ ઉત્પન્ન થાય છે. એનાથી હુલ્લડ સુધી પહોંચી જાય છે. લોકો એકબીજાને મારવા માટે તૈયાર થઈ જાય છે. ધર્મના નામે લોકો પોતાના ઘરબાર ગુમાવી બેસે છે. આજે ધર્મના નામે રાજકારણ રમાય છે. આવા સમયે આપણા પોપ ફ્રાન્સિસ કહે છે કે,

'અમે શું કહીએ છીએ અને કેવી રીતે કહીએ છીએ, દરેક શબ્દ અને હાવભાવ, બધા માટે ભગવાનની, દયા, નમ્રતા અને શ્રમને વ્યક્ત કરવા જોઈએ.'

કેથોલિક ધર્મસભા સંવાદમાં વિશ્વાસ રાખે છે એટલા માટે પોપ ફ્રાન્સિસ સંવાદને મહત્ત્વ આપે છે. બધા જ ધર્મના ગુરુઓ અને શ્રદ્ધાળુઓ સમજે અને પ્રેમના મુખ્ય નિયમથી સભાન થાય, એકબીજાના ધર્મ વિશે સમજાવવું પડે. જેનાથી નાસમજ દૂર થાય અને બીજાના ધર્મના પણ પ્રેમના નિયમમાં માને. આજ સમયમાં શ્રદ્ધાળુઓને બીજા જોડે વાતચીત કરવાની તક મળે છે. આવી તકનો શાંતિ માટે ઉપયોગ કરવો જોઈએ. સંવાદ એવું સાધન છે જેનાથી સંઘર્ષની ભાષા પર જીત મેળવી શકાય છે.

ઈસુ કહે છે કે એમ ન માનશો કે નિયમ - સંહિતા કે પયગંબરોનાં વચનોનો ઉચ્છેદ કરવા આવ્યો છું હું ઉચ્છેદ કરવા નહીં, પણ પરિપૂર્તિ કરવા આવ્યો છું. અને બધાને પ્રેમમાં એક કરવા માટે આવ્યું છું. ઈસુ એમના જીવનમાં બધા જોડે પ્રેમથી રહ્યા હતા. ઉ.દા. વિધર્મી સૌનિકની શ્રદ્ધા. (લૂક ૭:૧-૧૦)

આજના સમયમાં પણ આપણે એકતા જોઈ શકીએ છીએ. ઉ.દા. જ્યારે કેરેલામાં પૂર આવ્યું ત્યારે બધા ધર્મના લોકોએ એકઠા થઈને પૂરનો સામનો કર્યો. એક બીજા જોડે પ્રેમથી વર્તન કર્યું. અહિંયા આપણે શાંતિ અને પ્રેમનો સંવાદ જોવા મળે છે. આપણી કેથોલિક ધર્મસભામાં પણ અમુક ખોટી માન્યતા હતી કે ખાલી કેથોલિક લોકો જ સ્વર્ગમાં જશે. એના લીધે કેથોલિક ધર્મસભાએ ઘણા ખોટા પગલાં લીધાં છે. ઉ.દા. ધર્મયુદ્ધ (Crusade), કેથોલિક ધર્મસભાના વિરોધમાં બોલનારને મારી નાખવામાં આવ્યા અને ઘણા પ્રકારની બીજા સજાઓ.

હવે આપણે પ્રેમના સંવાદના ફળો જોઈએ.

(૧) પૂરકતા (Complementarities) પૂરકતા દ્વારા એકબીજાના ધર્મમાં કોઈ ખામીઓ રહી ગઈ હોય તો આપણે પૂરી પાડી શકીએ અને એકબીજાથી શીખી શકીએ છીએ.

(૨) આત્મસમજણ (Self - Understanding) આત્મસમજણ દ્વારા આપણે એકબીજાના ધર્મ વિશે સમજી શકીએ છીએ અને એકબીજાના વિશ્વાસથી પોતાનો વિશ્વાસ મજબૂત થાય છે.

(૩) પરસ્પર પરિવર્તન (Mutual Transformation) જ્યારે આપણે બીજાના ધર્મ વિશે શીખીએ છીએ, ત્યારે એકબીજાના ધર્મને માન આપવાનું પરીવર્તન આપણામાં થાય છે.

(૪) પ્રતિબધ્ધતા (Commitment) જ્યારે આપણે બીજાના ધર્મ વિશે સમજણ પ્રયત્નો કરીએ છીએ ત્યારે આપણા પોતાના ધર્મ માટે પ્રતિબદ્ધતા રાખવામાં મદદ થાય છે.

(૫) સંવાદ આપણને ઈસુનું રાજ્ય લાવવા મદદ કરે છે. (Helps to bring kingdom of God) સંવાદ ઈસુનું રાજ્ય લાવવા મદદ કરે છે. કેમ કે સંવાદથી પ્રેમ વધે છે. મિત્રતા વધે છે. જ્યારે લોકોમાં એકતા હોય ત્યારે ન્યાય જોવા મળે છે અને જ્યાં ન્યાય અને પ્રેમ હોય ત્યાં ઈસુનું રાજ્ય હોય છે.

**સંવાદના પ્રકારો**

(૧) કાર્યનો સંવાદ (Dialogue in action) જ્યારે જીવનમાં સંવાદનો ઉપયોગ કરીએ ત્યારે પ્રેમનો અનુભવ થાય છે. આપણે રોજિંદા જીવનમાં સંવાદનો ઉપયોગ કરીશું તો આપણે શાંતિ અનુભવીશું આપણે કાર્યો દ્વારા પણ સંવાદ કરી શકીએ જ્યારે કોઈને પણ મદદ જોઈતી હોય ત્યારે વાતચીતની તક વધે છે.

(૨) દેવવિદ્યા (Theology) જ્યારે એકબીજાના ધર્મગુરુઓ પોતાની દેવવિદ્યાને આગળ મૂકે છે. એનાથી સારા મૂલ્યો શીખવા મળે છે.

(૩) આધ્યાત્મિક આદાનપ્રદાન (Spiritual sharing) જ્યારે આપણે આપણા પોતાનો વિશ્વાસ બીજા સામે મૂકીએ છીએ ત્યારે આપણો વિશ્વાસ અને બીજાનો વિશ્વાસ મજબૂત થાય છે.

પ્રભુ ઈસુ બધાને પ્રેમ કરે છે. પ્રભુ બધાની મુક્તિ માટે પ્રાર્થના કરે છે. એમના જીવનમાં ઈસુએ બધાં લોકો જોડે પ્રેમ અને શાંતિનો સંવાદ રાખ્યો હતો. ગરીબ હોય કે એમના વિરોધી હોય બધા જોડે પ્રેમથી

રહેલા. બધાને સાંત્વના આપી હતી. આપણને બધાને ખબર છે કે ઈસુ એક સાચા દ્રાક્ષનો વેલો છે એ હંમેશા શિષ્યો વચ્ચે એકતા માટે પ્રાર્થના કરતા હતા. એટલા માટે ધર્મસભાને એક પવિત્ર ધર્મસભા કહેવામાં આવે છે અને આપણી ફરજ પણ છે કે આ વાત બીજાને ફેલાવીએ બીજાને નીચા બતાવીને અથવા બીજાના ધર્મની અદેખાઈ કરીને નહીં પણ પોપ ફ્રાન્સિસના કહ્યા પ્રમાણે પ્રેમ અને શાંતિની ભાષા દ્વારા સંઘર્ષની ભાષા પર જીત મેળવી શકીએ છીએ.

'હથિયારનો માર્ગ છોડો અને બીજાને મળવા જાઓ. સંવાદ, માફી અને સમાધાન, તમારા આસપાસ ન્યાય, વિશ્વાસ અને આશા પુનઃશરૂઆત કરવા મદદરૂપ થશે.' (પોપ ફ્રાન્સિસ)●




**Maxi Maker**

**(ગુજરાતનું સૌથી સસ્તું સ્થળ)**

લગ્નની મેક્ષી, બર્થ ડે ફ્રોક, કોમ્યુનિયન ફ્રોક, ડાયમંડ સેટ તથા લગ્ન માટેના ચંપલ મળશે. રૂા. ૩,૫૦૦/- થી શરૂઆત થાય છે. **૧૫ વસ્તુ ફ્રી મળશે.**

એકવાર અમારી મુલાકાત લેવાનો અવશ્ય આગ્રહ રાખો.

**ઈમરજન્સી ઓર્ડર લેવામાં આવશે.**

સરોજબેન એસ. મેકવાન, સુનિલભાઈ એસ. મેકવાન (ચેનલવાળા) : નિર્મલનગર ગામડી, આણંદ

મોબાઈલ : ૯૯૦૪૮ ૨૦૧૭૩ / ૯૯૧૩૪ ૩૯૭૪૯



✝ ઈસુ ગોવાળ છે મારો ✝

**આશીર્વાદ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ**

૩+૨ લક્ઝરી બસ દ્વારા પ્રવાસ

**પ્રવાસ નં. ૧ :**

ગોવા (૩ દિવસ-ક્રિસમસ ગોવામાં) મહાબળેશ્વર પંચગીની-લોનાવાલા-ખંડાલા-મુંબઈ

**પ્રયાણ તા.** ૨૨-૧૨-૨૦૧૮ **પરત તા.** ૩૦-૧૨-૨૦૧૮

**દિવસ :** ૮ **ટિકિટનો દર :** રૂા. ૬૫૦૦/-

અમદાવાદ-નડિયાદ-આણંદ-ભરૂચ-અંકલેશ્વર-સુરતથી પીકઅપ અને ડ્રોપ કરવામાં આવશે.

**પ્રવાસ નં. ૨ :**

કચ્છ નહિ દેખા તો કુછ નહિ દેખા. કચ્છના રણોત્સોવમાં ચાલો

કચ્છનું સફેદ રણ, ભૂજ-માંડવી-અંજાર(જેસલ-તોરલની સમાધિ)

**પ્રસ્થાન તા.** ૦૧-૦૨-૨૦૧૯ **રાત્રે** ૯ કલાકે

**પરત તા.** ૦૪-૦૨-૨૦૧૯ **સવારે** ૭ કલાકે

**દિવસ :** ૨ **ટિકિટનો દર :** રૂા. ૨૭૦૦/-

● દરેક પ્રવાસમાં સવારમાં ચા-નાસ્તો તથા બે ટાઈમ ભોજન, રહેવાની વ્યવસ્થા હોટલમાં. ● રૂા. ૧૦૦૦/- આપી આપની સીટ બુક કરાવો.

**બસ ઉપડવાનું સ્થળ :** *(૧) સત્યનારાયણ ટાઉનશીપ, ટી.પી. ૧૩, છાણી જકાતનાકા , વડોદરા (૨) ખોખરા સર્કલ, મણિનગર-અમદાવાદ*

**આયોજક સંપર્ક : આશીર્વાદ વાઘેલા મો. ૭૩૮૩૫ ૧૪૨૩૮**

**સંજય વાઘેલા** મો. ૯૭૨૩૮ ૨૨૩૧૧

**સંગીતા વાઘેલા** મો. ૯૮૭૯૬ ૩૧૧૭૭



લગ્નપ્રસંગ તથા લગ્નતિથિની ઉજવણીમાં ભક્તિ અને આનંદનો લ્હાવો લેવા પ્રસ્તુત છે : ગુર્જરવાણીનું નિર્માણ

**લગ્નોત્સવ - ઑડિયો સીડી**

સ્ત્રી અને પુરુષ વચ્ચેના સંબંધને ઈશ્વરના આશીર્વાદથી પાવન અને કાયમ કરવો એ લગ્નસંસ્કારનો હેતુ છે. આ સંગ્રહમાં લગ્નમંડપમાં સ્નેહીજનોનાં આગમનથી માંડી કન્યાવિદાય સુધીના પ્રસંગોને વણી લેવામાં આવ્યા છે.

- ગુજરાતની ધર્મસભાને સંગીતમય રચનાઓ થકી ધબકતી રાખનાર અને નિત્ય નવીનતાના રંગે રંગનાર ઈસુસંઘી ફાધર રેમન્ડ એ. ચૌહાણનાં થનગનાટભર્યા ગીતો તથા સ્વર-રચનાઓ...
- સંગીત ક્ષેત્રે ગુજરાતને એક ઊંચા સ્થાને લઈ જનાર સંગીતજ્ઞ શ્રી એડવિન વાઝ (અપ્પુ)નાં સંગીત-આયોજનનો સુંદર સથવારો...

**સ્વર :** વિશ્વનાથ બાટૂંગે, નયના શર્મા, સુચિતા વાઝ, અપ્પુ

**વૃંદ :** વૈદેહી, મિત્તલ, શિવાની, રિષભ, તીર્થ, બાલિન

**આ ગીતો ગુર્જરવાણી એપમાં ઋતુચક્ર વિભાગમાં મળી શકશે.(ફ્રી ડાઉનલોડ)**

ગુર્જરવાણી

સેંટ ઝેવિયર્સ કોલેજ કેમ્પસ,
નવરંગપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૯,
ફોન નંબર ૦૭૯-૨૬૩૦૦૧૨૭-૨૬૩૦૩૧૧૪
**Email : gurjarvani@gmail.com**



# ધર્મસભાને મળી સાત સંતોની ભેટ

✍ રાજેશ ક્રિશ્ચિયન

ગત ઓક્ટોબરની ૧૪ તારીખ રવિવારનો દિવસ કેથોલિક ધર્મસભા માટે આનંદનો અનેરો ઉત્સવ લઈને આવ્યો. વેટિકન રોમ ખાતે વડાધર્મગુરુ ફ્રાન્સિસે નવા સાત સંતો જાહેર કર્યા અને આમ કેથોલિક ધર્મસભાના વંદનીય સંતોની નામાવલીમાં સાત નવા સંતોનો ઉમેરો થયો.

આવો આ નવઘોષિત સંતોનો ટૂંકમાં પરિચય મેળવીએ.

**(૧) વડાધર્મગુરુ સંત પાઉલ છઠ્ઠા :** પોપ પાઉલ છઠ્ઠાને બીજી વેટિકન કાઉન્સિલના મુખ્યકર્તા હર્તા કહી શકાય. કેથોલિક ધર્મસભામાં નવા વિચારનો જે પવન ફૂંકાયો તેની પાછળ વડાધર્મગુરુ પાઉલ છઠ્ઠાએ અગત્યનો ભાગ ભજવ્યો એમ ગણી શકાય.

૨૬ સપ્ટેમ્બર ૧૮૯૭માં ઈટાલી દેશમાં જન્મેલ પોપ પાઉલ છઠ્ઠાનું મૂળ નામ જોવાની બતિસ્તા મોન્તિની હતું. દેશના આગળ પડતા પરિવારમાં જન્મેલ મોન્તિનીના પિતા પત્રકાર, વકીલ અને પછીથી રાજકારણમાં પ્રવેશી ઈટાલીની સંસદના સાંસદ બન્યા. જ્યારે તેમની માતા એક જાજરમાન ગૃહણી હતા. તેમના ભાઈ દાક્તર અને બીજા વકીલનો વ્યવસાય કરતા હતા.

ઓગણીસ વર્ષની વયે તેઓ સેમિનરીમાં દાખલ થયા અને ૨૯ મે ૧૯૨૦ના રોજ તેમને પુરોહિત દીક્ષા પ્રદાન કરવામાં આવી. અભ્યાસમાં અત્યંત તેજસ્વી અને તીક્ષ્ણ બુદ્ધિશાળી એવા ફાધર મોન્તિનીએ કેનન લોમાં ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરી હતી. તદ્ઉપરાંત સાહિત્ય અને ફિલસૂફીમાં પણ ઉચ્ચ અભ્યાસ કર્યો હતો.

ફાધર મોન્તિની વેટિકન ખાતે વડાધર્મગુરુના સલાહકાર તરીકે નિયુક્ત થયા. વડાધર્મગુરુ પિયુષ બારમા અને વડાધર્મગુરુ યોહાન ૨૩માના કાર્યકાળ દરમિયાન તેમણે વેટિકન ખાતે મહત્ત્વની કામગીરી સંભાળી. વિશ્વયુદ્ધનો આ સમયગાળો હતો અને રોજે રોજ દુનિયાભરમાંથી અગણિત પત્રો વેટિકન ખાતે માર્ગદર્શન અને સહાયતા માટે આવતા મોન્તિનીના શિરે આ બધી જ જવાબદારીઓ હતી જે તેમણે બખૂબી નિભાવી હતી.

૧૯૫૪માં તેમને મિલાન ધર્મપ્રાંતના મહાધર્માધ્યક્ષ અને ૧૯૫૮માં ધર્મગુરુ યોહાન ૨૩માએ તેમને કાર્ડિનલ તરીકે નીમ્યા

વડાધર્મગુરુ યોહાન ૨૩ માએ ૧૯૬૨માં બીજી વેટિકન કાઉન્સિલ બોલાવી ધર્મસભામાં આ પરિષદ પછી નવી દિશાઓ ઉઘડી, પરંતુ બીજી વેટિકન પરિષદના આરંભ પછી તુરંત થોડા સમયમાં જૂન ૧૯૬૩માં વડાધર્મગુરુ યોહાન ૨૩માનું અવસાન થયું અને તેમના ઉત્તરાધિકારી તરીકે કાર્ડિનલ મોન્તિની ચૂંટાઈ આવ્યા. વડાધર્મગુરુ તરીકે તેમણે પાઉલ છઠ્ઠા નામ ધારણ કર્યું.

વડાધર્મગુરુનું પદ ગ્રહણ કર્યા પછી તેમણે વેટિકન પરિષદને આગળ ધપાવી અને કુમારી મરિયમના નિષ્કલંક ગર્ભધારણના પર્વ દિન ૮ ડિસેમ્બર ૧૯૬૫ના રોજ પોપ પાઉલ છઠ્ઠાના કાર્યકાળ વખતે પરિષદનું સમાપન થયું. વેટિકન પરિષદની મુખ્ય ફલશ્રુતિ એ કે તેના પછી કેથોલિક ધર્મસભાએ સામાન્ય ધર્મજનને સહિયારી ભાગીદારી સોંપવા નિર્ણય લીધો. તદ્ઉપરાંત, બિન કેથોલિક અને બિન ખ્રિસ્તી લોકો સાથે સંવાદના દ્વાર ઉઘડ્યા. વડાધર્મગુરુ પાઉલ છઠ્ઠાનો કાર્યકાળ ધર્મસભા માટે કટોકટીભર્યો રહ્યો. કેથોલિક ધર્મસભામાં અનેક કૌભાંડો જાહેર થયા. પરંતુ ઠરેલ અને મુત્સદી એવા પોપ પાઉલ છઠ્ઠાએ વિશ્વને પોતાના શાણપણ અને સૌમ્યતાનો અનુભવ કરાવ્યો. તેમના સમયગાળામાં કૃત્રિમ કુટુંબ નિયોજનનો વિશ્વમાં ઝડપભેર સ્વીકાર થયો. આપણી ધર્મસભાના ખ્યાલથી આ વિપરીત વિચાર હોવાથી પાઉલ છઠ્ઠાએ સમગ્ર વિશ્વથી અળગા રહી હિંમતભેર પોતાનો વિરોધ પણ નોંધાવ્યો. ધર્મસભામાં ધાર્મિક વિધિઓમાં આવેલ સાદગીનો શ્રેય પણ એમને જ આપી શકાય. ભવ્ય જાજરમાન અલંકીત વિધિઓને સ્થાને તેમણે સાદગી અપનાવી.

આપણા ભારત દેશ માટે વડાધર્મગુરુ પાઉલ છઠ્ઠાની યાદ એક સુખદ સંભારણા તરીકે જળવાઈ રહી છે. ભારતની મુલાકાત લેનાર તેઓ સૌ પ્રથમ વડાધર્મગુરુ હતા. ડિસેમ્બર ૧૯૬૪ દરમિયાન મુંબઈ ખાતે યોજાયેલ ૩૮મી આંતરરાષ્ટ્રીય ખ્રિસ્તસંસ્કાર અધિવેશન સમયે તેમની પધરામણી થઈ હતી.

**(૨) સંત ઓસ્કાર રોમેરો :** સંત ઓસ્કાર રોમેરોનો જન્મ મધ્ય અમેરિકાના એલ સાલ્વાડોર રાજ્યમાં ૧૯૧૭માં થયો હતો. કુલ આઠ ભાઈ-ભાંડુઓના પરિવારમાં પિતા સુથારી કામ કરતા હતા. થોડુંઘણું પ્રાથમિક શિક્ષણ અપાવ્યા પછી ઓસ્કાર પણ સુથારી કામે લાગી જાય તેવી પિતાની ઈચ્છા. પરંતુ બાળપણથી જ ધાર્મિક વાતાવરણે રંગાયેલ ઓસ્કારે જ્યારે પુરોહિત બનવાની ઈચ્છા જાહેર કરી ત્યારે કોઈને આશ્ચર્ય ન થયું.

સેમિનરીમાં જોડાયાના થોડા સમય બાદ માતાની તબિયત બગડતા રોમેરો ઘેર પરત ફર્યા અને ખાણમાં કામે વળગ્યા. ત્યારબાદ ફરી સેમિનરીમાં જોડાયા અને રોમ ખાતે અભ્યાસ કર્યો. આ સમયગાળામાં બીજુ વિશ્વયુદ્ધ ફાટી નીકળતા તેઓ પુરોહિત દીક્ષા માટે પોતાના વતન પરત જઈ શક્યા નહિ.

રોમ ખાતે તેમને ૪ એપ્રિલ ૧૯૪૨માં પુરોહિત દીક્ષા પ્રદાન કરવામાં આવી ત્યારે પણ તેમના કુટુંબીજનો યુદ્ધની પરિસ્થિતિને લીધે હાજર રહી શક્યા ન હતા. જ્યારે વતન પરત જવા મળ્યું ત્યારે પણ નસીબ બે ડગલાં આગળ ચાલતું હતું. રસ્તામાં ક્યુબા દેશમાં તેમની

ધરપકડ થઈ અને જેલમાં ધકેલી દેવામાં આવ્યા. તબિયત બગડતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા અને અહીંથી તેમનો છુટકારો થયો. પોતાને દેશ પરત ફર્યા પછી તેમણે અનેક વર્ષો સભાયાજ્ઞિક તરીકે સેવાઓ આપી. આ સમય દરમિયાન તેઓ ગરીબ, કચડાયેલાં, તરછોડાયેલાં લોકોના હામી બની રહ્યા.

૧૨ માર્ચ ૧૯૭૭ના ગોઝારા દિવસે ફાધર રોમેરોના ખાસ મિત્ર ઈસુસંઘી ફાધર રોતેલ્લીઓનું ખૂન કરી નાખવામાં આવ્યું. આ ઘટનાએ ફાધર રોમેરોને હચમચાવી નાખ્યા. ફાધર રોમેરોને લાગ્યું કે, જો ફાધર રોતેલ્લીઓને તેમના સારા કર્મોને લીધે મારી નાખવામાં આવ્યા તો પછી મારે એ જ પંથે ચાલવું જોઈએ અને આમ ફાધર રોમેરો સમાજના તરછોડાયેલ લોકોનો સાથી બની રહ્યા.

૧૯૧૭માં તેઓને ધર્માધ્યક્ષ પદે નીમવામાં આવ્યા અને ૧૯૭૭માં મહાધર્માધ્યક્ષ તરીકે તેમની નિમણૂક થઈ. દર અઠવાડિયે તેઓ રેડિયો પર લોકોને સંબોધતા અને સમાજના અત્યંત છેવાડાના લોકોની મુશ્કેલીઓને વાચા આપતા. અત્યંત નીડર અને સ્પષ્ટવક્તા રોમેરો એલ સાલ્વાડોર રાજ્યનો કબજો કર્યો ત્યારે જરા પણ ભય વિના તેમણે અમેરિકન પ્રમુખ જિમી કાર્ટરને પત્ર લખ્યો અને નારાજગી દર્શાવી. આમ પોતાના સમગ્ર જીવન કાળ દરમિયાન તેઓ ન્યાય, સમાનતા અને સામાજિક ઉદ્ધાર માટે સંઘર્ષ કરતા રહ્યા.

૨૩ માર્ચ ૧૯૮૦ના રોજ રોમેરોએ તેમનું છેલ્લું રેડિયો ભાષણ આપ્યું જેમાં તેમણે એલ સાલ્વાડોરના સૈન્યને ખ્રિસ્તી તરીકે આહ્વાન આપી સૈનિકોને પોતાના અંતરાત્માના અવાજને અનુસરવા હાકલ કરી અને માનવ અધિકારોને વળગી રહેવા ઉપદેશ આપ્યો. બીજે દિવસે ૨૪ માર્ચને દિવસે તેઓએ એક હોસ્પિટલના દેવળમાં ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો. ખ્રિસ્તયજ્ઞમાં બોધ આપ્યા પછી તેઓ પૂલપીટ પરથી મુખ્ય વેદીએ પહોંચ્યા ત્યાં જ દેવળના દરવાજે એક કાર આવીને ઊભી રહી. એક વ્યક્તિ કારમાંથી ઉતાર્યો અને બંદૂક કાઢી મહાધર્માધ્યક્ષ રોમેરોની છાતી વીંધી નાખી. ૩૦ માર્ચના દિવસે યોજાયેલ દફનવિધિ પણ લોહિયાળ બની રહી. તેમની દફનવિધિમાં આજ સુધી ભેગી ન થઈ હોઈ એટલી અઢી લાખથી વધુ જનમેદની ઉમટી પડી. દફનવિધિ ચાલુ હતી ત્યારે જ એમ કહેવાય છે કે સાદા વેશમાં પ્રવેશેલ સરકારી પોલીસ અને સૈન્યના લોકોએ અંધાધૂંધ ગોળીબાર કર્યો. તેને કારણે નાસભાગ અને ધક્કામુક્કી થઈ. લગભગ પચાસેક લોકો મોતને ભેટ્યા.

૧૯૨૦માં સંયુક્ત રાષ્ટ્રસંઘે (યુનો) રોમેરોની પુણ્યતિથિ ૨૪ માર્ચનો દિવસ વિશ્વ માનવ અધિકાર દિન જાહેર કર્યો. ૨૦૧૫માં વડાધર્મગુરુ ફ્રાન્સિસે ઓસ્કાર રોમેરોને સુધન્ય અને ૧૪ ઓક્ટોબર ૨૦૧૮ના દિવસે સંત જાહેર કર્યા.

**(૩) સંત વિન્સેન્ટ રોમાનો :** ૩ જૂન ૧૭૧૫માં ઈટાલીના અત્યંત ગરીબ પરિવારમાં જન્મેલ વિન્સેન્ટનું બાળપણ કઠિન પરિસ્થિતિમાં ગુજર્યું હતું. ૧૭૭૫માં પુરોહિત દીક્ષા પામેલ રોમાનો સંત એલ્ફોન્સ લીગોરીથી ખૂબ પ્રભાવિત હતાં. સંત લીગોરીએ લખેલ પુસ્તકોનો તેમણે ઊંડાણથી અભ્યાસ કર્યો હતો. પ્રિતસંસ્કાર પ્રત્યે તેમને ઊંડી ભક્તિ અને શ્રદ્ધા હતી.

પુરોહિત તરીકે પોતાનું સમગ્ર જીવન તેમણે લોકોની સેવા કરવામાં વિતાવ્યું. નમ્રતાથી તેઓએ લોકોના દિલ જીતી લીધા. અત્યંત ગરીબ અને ખાસ કરીને અનાથ લોકોના હામી બની રહ્યા.

૧૫ જૂન ૧૭૯૪ના રોજ ઈટલીના નેપલ્સ શહેરની ઉત્તરે આવેલ જ્વાળામુખી ફાટ્યો અને સમગ્ર શહેરને ખેદાન મેદાન કરી નાખ્યું. જ્વાળામુખીથી થયેલ વિનાશ પછી શહેરને ફરીથી બેઠું કરવામાં ફાધર વિન્સેન્ટ રોમાનોએ ભગીરથ સેવાઓ આપી. તેઓ જાતે ખંડેરો અને કાટમાળ વચ્ચે લોકો સાથે ખભેખભો મિલાવી કામ કરતાં. જૈફ આયુ અને સતત કાર્યરત રહેવાને કારણે ફાધર વિન્સેન્ટ રોમાનોની તબિયત લથડવા લાગી. લાંબી માંદગી પછી નાતાલના પાંચ દિવસ પહેલાં ૨૦ ડિસેમ્બર૧૮૩૧ના રોજ તેમણે અંતિમ શ્વાસ લીધા. ૧૯૬૩માં વડા ધર્મગુરુ પોલ છઠ્ઠાએ ફાધર વિન્સેન્ટ રોમાનોને સુધન્ય જાહેર કર્યા અને પોપ ફ્રાન્સિસે તેમને સંતોની પંક્તિમાં મૂક્યા.

**(૪) સંત ફ્રાન્સેસ્કો સ્પિનેલી :** ફ્રાન્સેસ્કો સ્પિનેલીનો જન્મ ઈટલી દેશમાં મિલાન ખાતે ૧૪ એપ્રિલ ૧૮૫૩ના રોજ થયો હતો. નાનપણમાં તેમની માતા સાથે બીમાર અને ગરીબ લોકોની મુલાકાત વખતે કિશોર ફ્રાન્સેસ્કો કઠપૂતળીનો ખેલ બતાવી ગરીબ બીમાર બાળકોનું મનોરંજન કરતાં.

ધાર્મિક રંગે રંગાયેલ માતાની પ્રેરણાથી ફ્રાન્સેસ્કો પુરોહિત બન્યા અને ૧૮૭૫માં તેમને દીક્ષા પ્રદાન કરવામાં આવી. ગરીબ બાળકોને શિક્ષણ પૂરું પાડવામાં તેમણે જાત ઘસી નાખી. આવા બાળકોના ઉત્થાન માટે તેઓ રાત્રી શાળા ચલાવતાં. સાથે સાથે સેમિનરીમાં યુવા તાલીમાર્થીઓને તેઓ ભણાવતા. તેજસ્વી બુદ્ધિ પ્રતિભાના માલિક એવા ફાધર ફ્રાન્સેસ્કો અનેક સંઘોના આધ્યાત્મિક માર્ગદર્શક તરીકે સેવાઓ આપતા. કેથરીના કોમેસોલી (જેમને પાછળથી સંતોની પંક્તિમાં સામેલ કરવામાં આવેલ છે.) સાથે તેમણે પ્રિતસંસ્કાર આરાધના સાધ્વી મંડળની સ્થાપના કરી. આ મંડળના સાધ્વી બહેનો વિશ્વ શાંતિ અને ગરીબ, મુશ્કેલીઓ વેઠતા લોકો માટે રાત-દિવસ પ્રિતસંસ્કારની આરાધના કરે છે. હાલમાં આ મંડળની અઢીસોથી વધુ સંસ્થાઓ અનેક દેશોમાં કાર્યરત છે.

૧૯૧૩માં ફાધર ફ્રાન્સેસ્કો સ્પિનેલી અવસાન પામ્યા. વડા ધર્મગુરુ યોહાન પાઉલ દ્વિતીયે તેમને સુધન્ય જાહેર કર્યા અને હવે વડા ધર્મગુરુ ફ્રાન્સિસ્કો ફાધર ફ્રાન્સેસ્કો સ્પિનેલીને સંત જાહેર કર્યા.

**(૫) સંત ન્યૂનઝીઓ સલપ્રિઝીઓ :** ફક્ત ઓગણીસ વર્ષનું જીવન અને એ પણ કેવું જીવન... કારમી વેદના સભર જીવન. સંત ન્યૂનઝીઓ સલપ્રિઝીઓનો જન્મ ૧૩ એપ્રિલ ૧૮૧૭ના રોજ ઈટલી દેશના એબ્રુઝો પ્રાંતમાં થયો હતો. જ્યારે તેઓ ફક્ત છ વર્ષના હતા ત્યારે તેમના પિતાનું નિધન થયું અને માતાએ બીજા લગ્ન કરી લીધા. નાનકડા ન્યૂનઝીઓની જવાબદારી તેમની નાનીએ સંભાળવી પડી. ૧૮૨૩માં તેઓનું પણ અવસાન થયું ત્યાર પછી તેમના કાકાએ સલપ્રિઝીઓનો ઉછેર કર્યો. પરંતુ અહીં તેમને અનેક હાડમારીઓનો સામનો કરવો પડ્યો. અત્યંત કડક સ્વભાવના કાકા તેમને વૈતરું કરાવતા અને લુહારને ત્યાં કામે લગાડ્યા. કોઈ જાતની સગવડ નહિ. આમ ખેલવા-કૂદવાની કિશોર

ઉંમરના સલમ્રિઝીઓને મજૂરી કરવી પડતી અને જો કાકાને ગુસ્સો ચડ્યો તો તો નાનકડા સલપ્રિઝીઓનું આવી જ બનતું. કડક શિક્ષા સાથે ભૂખ્યા પણ રહેવું પડતું. છતાં કિશોર અવસ્થાના સલપ્રિઝીઓ કોઈ જાતની ફરિયાદ કરતાં નહિ. નાનીએ સિંચેલ ધાર્મિક ઘડતરે અહીં અગત્યનો ભાગ ભજવ્યો.

શારીરિક હાડમારીને લીધે ન્યૂનઝીઓ સલપ્રિઝીઓની તબિયત લથડવા લાગી. પરંતુ કડક સ્વભાવના કાકાના ડરને લીધે તેઓ મોટેભાગે ચૂપચાપ સહન કરતાં. તેમને સતત તાવ આવતો રહ્યો અને પછીથી ખબર પડી કે તેમના પગે ગેંગરીન થઈ ગયું છે. ગેંગરીનને લીધે પગમાંથી પરૂ નીકળ્યા કરતું. એક વખત પગનો ઘા સાફ કરવા તેઓ એક ઝરણાં પાસે ગયા તો એક સ્ત્રીએ તેમને ઝરણાનું પાણી ગંદુ થાય છે એમ કહી હડસેલી મૂક્યા. લંગડાતા લંગડાતા તેઓ બીજા ઝરણે જઈ પોતાનો ઘા સાફ કર્યો પરંતુ આ દરમિયાન પણ સતત ગુલાબમાળાનું રટણ તો ચાલતું જ રહે. ન્યુનઝીઓ સલપ્રિઝીઓ કહેતા, મારે માટે પ્રભુ ઈસુએ કારમી વેદના સહન કરી છે, તો પછી હું કેમ આ મુશ્કેલીઓ સહન ન કરું ? એક પાપીનો હૃદય પલટો થાય તો તેની સામે હું મોતને ભેટવાનું પણ પસંદ કરીશ. કેવી ગજબની શ્રદ્ધા !

ગેંગરીનને લીધે ૧૮૩૫માં તેમનો એક પગ કાપી નાખવો પડ્યો. પરંતુ હિંમત હાર્યા વિના તેઓ બીજા દર્દીઓની સેવા કરતાં. માર્ચ ૧૮૩૬માં હાડકાના કેન્સરને લીધે તેમનું આખું શરીર નિર્બળ થઈ ગયું. સલપ્રિઝિઓને ખ્યાલ આવી ગયો કે હવે તેઓનો અંત નજીક આવી પહોંચ્યો છે. હાથમાં ક્રૂસ લઈ પ્રાર્થના કરતાં કરતાં પાંચ મે ૧૮૩૬ના દિવસે ઓગણીસ વર્ષની યુવા આયુમાં તેમણે અંતિમ શ્વાસ લીધા. ૧૯૬૩માં પોપ પાઉલ છઠ્ઠાએ તેમણે પુનિત જાહેર કર્યા અને હવે વડા ધર્મગુરુ ફ્રાન્સિસે સંત જાહેર કર્યા.

**(૬) સંત નાઝારીયા ઈગ્નાસિયા :** સ્પેન દેશમાં મેડ્રિડ શહેરમાં વિશાળ પરિવારમાં ૧૦ જાન્યુઆરી ૧૮૮૯માં જન્મેલ નાઝારીયા ઈગ્નાસિયાએ કૌટુંબિક ઉથલપાથલ અનુભવી. બાળપણમાં જ એક દેશથી બીજા દેશમાં સ્થળાંતર કરવું પડ્યું. ૯ વર્ષની ઉંમરે પ્રભુનો સાદ સંભળાયો. 'હે નાઝારીયા, મારે પગલે ચાલ.' અને પ્રભુના કોલનો તેમણે હકારાત્મક પ્રતિસાદ આપ્યો. ૧૯૦૪માં તેમનું કુટુંબ સ્પેનથી મેક્સિકો આવીને વસ્યું. અહીં યુવા નાઝારીયા ઈગ્નાસિયા અનાથ વૃદ્ધોની સંભાળ લેતાં સાધ્વી મંડળના સંપર્કમાં આવ્યાં. આ મંડળની કામગીરીથી પ્રભાવિત થઈ તેઓ મંડળમાં જોડાયાં અને ૧૯૧૫માં મંડળના વ્રત સ્વીકાર્યા. આ મંડળમાં તેમણે બારેક વર્ષ સુધી સેવા કાર્ય કર્યું.

પરંતુ ૧૯૨૦માં તેમને પોતાનું એક અલગ સાધ્વી મંડળ શરુ કરવાની તીવ્ર ઈચ્છા જાગી. ૧૯૨૫માં તેમણે અલગ ચીલો ચાતરી પોતાનું મંડળ શરુ કર્યું. પાછળથી મંડળને 'મિશનરી ધર્મ સેવિકાઓ' એવું નામકરણ કર્યું. આ મંડળની સાધ્વી બહેનો તાબામાં પુરોહિતોને સહાયરૂપ થઇ બાળકો અને યુવાનોને ધર્મશિક્ષણ આપવું, ધાર્મિક ઉપદેશ શિબિરોનું આયોજન, બીમાર તથા વૃદ્ધોની મુલાકાત વગેરે જેવા કાર્યો કરે છે. ઘણા વિરોધ વચ્ચે પણ સિસ્ટર નાઝારીયા અને તેમના મંડળની સાધ્વી બહેનોએ ૧૯૩૨-૩૫ વચ્ચે પેરૂગ્વે અને બોલિવિયા વચ્ચે ફાટી નીકળેલ યુદ્ધના સમયે આ દેશોની સરહદની બંને તરફ સૈનિકોને દેખભાળ લીધી. સ્પેનમાં ગૃહ યુદ્ધના સમયે સિસ્ટર નાઝારીયા અને તેમના મંડળને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો.

૬ જુલાઈ ૧૯૪૩ના રોજ આર્જેન્ટિના ખાતે સિસ્ટર નાઝારીયા ઈગ્નાસિયાનું નિધન નીપજ્યું. તેમના અવસાનના ચાર વર્ષ પછી તેમણે સ્થાપેલ મંડળને ધર્મસભા તરફથી અધિકારિક અનુમતિ પ્રાપ્ત થઇ. સિસ્ટર નાઝારીયા હંમેશા કહેતા, 'ધારાસભાના નીતિ નિયમોના પાલન સાથે પ્રેમ સહિત પ્રભુના શુભસંદેશથી સમગ્ર માનવજાતને અવગત કરાવવી એ પાયાનું કાર્ય છે.'

**(૭) સંત મારિયા કેથરીના કેસ્પર :** મારિયા કેથરીના કેસ્પરનો જન્મ ૨૬ મે ૧૮૨૦માં જર્મની દેશમાં થયો હતો. નાનપણથી જ તેમની તંદુરસ્તી સારી રહેતી ન હતી. માંદગીને લીધે તેમને પૂરું પ્રાથમિક શિક્ષણ પણ પ્રાપ્ત થયું નહિ. કિશોરી અવસ્થાથી જ મારિયા લોકોની સેવા કરવામાં આનંદ અનુભવતી. નાનપણથી જ તેમની માતાએ મારિયાને ઘરકામ અને વણાટ કામ શીખવ્યું હતું. પિતાના નિધન પછી તેઓ કુટુંબને સહાયરૂપ થવા ખેતરે મજૂરી કરવા લાગ્યા. વણાટ કામ પણ ચાલુ રહ્યું. બચપણથી જ તેમને બાઈબલ વાંચવું ખુબ ગમતું. 'સ્વર્ગનો રસ્તો' તેમનું પ્રિય પુસ્તક હતું. મિલનસાર અને સેવાભાવી સ્વભાવને લીધે તેમની ઘણી બહેનપણીઓ હતી. સહુ સાથે મળી પ્રાર્થના કરતાં. ધીરે ધીરે સાધ્વી બનવાની ઈચ્છા એ જોર પકડ્યું પરંતુ પિતાના અવસાન પછી માતાને ટેકો મળી રહે તે માટે તેમણે સન્યસ્ત જીવનની શરૂઆત કરી નહિ.

માતાના નિધન પછી મારિયા કેસ્પર અને તેમના જેવી બીજી થોડી યુવતીઓએ સ્થાનિક ધર્માધ્યક્ષની અનુમતિ સાથે સાધ્વી મંડળનો શુભારંભ કર્યો. મંડળનું નામ આપ્યું 'પ્રભુ ઈસુની દીનદાસી સાધ્વી મંડળ.' ૧૮૫૧માં મારિયા અને બીજી ચાર યુવતીઓએ નિર્ધનતા, પવિત્રતા અને આજ્ઞાપાલનના વ્રત સ્વીકારી અધિકારિકરૂપે સન્યસ્ત જીવનનો આરંભ કર્યો. સતત પાંચ ટર્મ સુધી સિસ્ટર મારિયા કેથરીનાએ મંડળના ઉપરી તરીકે જવાબદારી સંભાળી. ૨૭ જાન્યુઆરી ૧૮૯૮ના રોજ સિસ્ટર મારિયાને હૃદયરોગનો હુમલો આવ્યો જે જીવલેણ સાબિત થયો. ૭૭ વર્ષની પાકટ વયે સિસ્ટર મારિયાએ આ ફાની દુનિયાનો ત્યાગ કર્યો. એપ્રિલ ૧૯૭૮માં રોમ ખાતે વડા ધર્મગુરુ પાઉલ છઠ્ઠાએ તેમને પુનિત જાહેર કર્યા અને તાજેતરમાં પોપ ફ્રાન્સિસે તેમને સંતની પંક્તિમાં સામેલ કર્યા.

હાલમાં મંડળના લગભગ સાતસો જેટલાં સાધ્વી બહેનો યુરોપીય દેશો સહીત અમેરિકા, મેક્સિકો, આફ્રિકી દેશો અને આપણા ભારતમાં પણ સમાજ સેવાના કાર્યમાં લાગેલા છે. લગભગ ૧૫૦ સાધ્વી બહેનો ભારતમાં કેરળ રાજય સહીત મધ્ય પ્રદેશમાં પણ ગરીબ આદિવાસીઓના ઉદ્ધારની સેવાઓ આપી રહ્યા છે. આ મંડળ કેરળમાં એક હોસ્પિટલ અને નર્સિંગ સ્કૂલનું સંચાલન પણ કરે છે. મંડળની ઘણી ભારતીય સાધ્વી બહેનો યુરોપના દેશોમાં પણ કાર્યરત છે.●

# સર્વ સદ્‌ગત ભક્તોની સ્મૃતિ

✍ ફાધર એન્થોની પિચ્ચાઈ વેદ્દમ એસ.જે.

દર વર્ષે બીજી નવેમ્બરના રોજ ધર્મસભા સર્વ સદ્‌ગત ભક્તોની સ્મૃતિનું પર્વ ઉજવે છે. આપણાં સ્વજનો, જેઓ શાશ્વત જીવનની આશામાં શ્રદ્ધામય જીવન પૂર્ણ કરી, પ્રભુનાં વચન પર ભરોસો રાખી આ દુનિયામાંથી પરલોકે સિધાવ્યાં છે તેમના સ્મરણનો તહેવાર છે. વિશેષમાં અતિ ભયંકર પાપને કારણે શોધનાગ્નિમાં સજા ભોગવતાં આપણાં ભાઈભાંડુઓના માટે પ્રાર્થના કરવાનો પણ આ દિવસ છે. આ દિવસે આપણાં મરહૂમ માતાપિતા, વ્હાલાંઓ, બાળકો, સગાંસ્નેહીજનો અને મિત્રગણની કબરની મુલાકાત માત્ર કરતાં નથી, તદ્‌ઉપરાંત જેમણે આપણા જીવન ઘડતરમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે, તેવાં સદ્‌ગત લોકોને પણ યાદ કરીએ છીએ અને તેમની આત્મશાંતિ માટે પ્રાર્થના કરીએ છીએ.

જીવન, ઈશ્વરદત્ત બક્ષિસ છે, જેને સાર્થક કે નિરર્થક કરવું તેની આપણને સ્વતંત્રતા છે. ઈશ્વરનાં સંતાન તરીકે, ઈશ્વરની દૃષ્ટિમાં આપણે અગત્યનાં છીએ. આપણું જીવન એ પ્રભુ અને તેમના પ્રેમનું પ્રતિબિંબ છે. આપણાં સ્વર્ગસ્થ સ્વજનો, જેમનું આજે આપણે પુણ્ય સ્મરણ કરીએ છીએ; તેમણે ઓછાવત્તા અંશે પ્રભુના પ્રેમનું પરાવર્તન કર્યું જ હતું. આપણે પ્રિયજનની દફનવિધિમાં સાંભળીએ છીએ કે, ‘તેઓની ક્યારેય વિદાય થતી નથી, તેઓ આપણી વચ્ચે જીવતાં હોય છે !’ અગર એક મહિનો, છ કે બાર મહિના, દસ અથવા પચાસ વર્ષ પછી પણ તેઓની સ્મૃતિઓ આપણા દિલ-દિમાંગમાં કાયમ રહે છે. તેઓનો હૃદયસ્પર્શ, આપણું જીવન ઘડતર, જીવન પરિવર્તન વગેરે તેમને આભારી હોય છે. આપણો તેમના પ્રત્યેનો પ્રેમ, શાશ્વતજીવનની પ્રાપ્તિમાં આપણને સહાયરૂપ બને છે. મૃત્યુ આપણા સગપણ-સંબંધને ક્યારેય તોડી શકતું નથી ! આપણે તેમનું સ્મરણ કરીએ છીએ અને તેઓ શાશ્વત જીવનની મિજબાની કરતાં આપણા માટે વિનંતી કરતાં રહે છે. આપણું આ દુન્યવી જીવન પૂર્ણ કરી શાશ્વત જીવન તરફની મુક્તિયાત્રામાં તેમનો આપણા પ્રત્યેનો પ્રેમ ઉપકારક નીવડે છે ! આઘાત, શોક કે વિષાદ આજે આપણને કદાચ ઘેરી વળશે, કારણ તેમના પ્રેમની અનુભૂતિ આપણને થઈ છે !

આપણાં સ્વજનોની જીવનયાત્રા પૂર્ણ થઈ છે અને તેમનું જીવન પૂર્ણ થયું છે ! આપણો જન્મ, સંત બનવા માટે થયો છે, જો કે સંતપદ તરફનું આપણું પ્રયાણ આજીવન, અવિરત હોય છે. પ્રત્યેક પળે જીવનનો સદ્‌ઉપયોગ આપણને તે તરફ ગતિપ્રેરક હોવો જોઈએ. સંઘર્ષ અને કઠણાઈઓ વારંવાર આપણને જખ્મી કરે છે. ઘણીવાર આપણા સ્વાર્થ આગળ તેમજ જીવનનાં પ્રલોભન સામે આપણે નમતું જોખીએ છીએ. જ્યારે આપણે આ જીવન પસાર કરી, બીજા જીવનમાં પ્રવેશ કરીએ છીએ ત્યારે પ્રભુ આપણને વિશુદ્ધ કરે છે. આપણા અપરાધ અને અપૂર્ણતાઓનો પ્રભુ અંત આણે છે, પૂર્ણતા બક્ષે છે.

આપણા આત્માનું શુદ્ધિકરણ કરે છે અને પ્રભુના સાંનિધ્યમાં ઊભા રહેવા યોગ્ય બનાવે છે. આપણાં ત્યાગ, યાતનાઓ અને સત્કાર્યોની પ્રભુ અચૂક નોંધ લે છે. આપણામાં જે સારું છે, તેને પ્રભુ પૂર્ણતાએ-પરાકાષ્ઠાએ પહોંચાડે છે.

જ્યારે આપણે શોક કરીએ છીએ ત્યારે આપણાં સદ્‌ગત સ્વજનો પ્રભુની હાજરીમાં શાશ્વત જીવનની મિજબાનીમાં આનંદોત્સવ કરી રહ્યાં હોય છે. એવો આપણો વિશ્વાસ છે. સર્વ સદ્‌ગત ભક્તોની સ્મૃતિનું આ પર્વ આપણને યાદ અપાવે છે કે પ્રભુએ આપણ સર્વને જીવનની મહાન ભેટ આપી છે ! આજનું જીવન, આપણી આવતીકાલને બહેતર બનાવે એ આવશ્યક છે. પ્રભુના પ્રેમનો આસ્વાદ આજે આપણે કરીએ, આજના વર્ગખંડમાં પ્રભુના સંતાનને છાજે એવું જીવનશિક્ષણ મેળવીએ.

સર્વ સદ્‌ગત ભક્તોની સ્મૃતિનું પર્વ આપણા માટે છે. તે આપણું પર્વ છે. આજ, આપણા વ્યક્તિત્વને સ્પર્શે છે. હા, આ પર્વ મિશ્ર લાગણીઓનું પણ પર્વ છે. સ્વજનોનું પાવન સ્મરણ, તેમની ગેરહાજરીના ખેદ સાથે આનંદ પણ મનાવીએ. આપણા જીવન તરફ દૃષ્ટિપાત કરીએ. આપણામાં આત્મા છે જે યાત્રારત છે. પ્રભુનાં સંતાન તરીકે, તેમના સાંનિધ્યમાં શાશ્વત જીવનની પ્રાપ્તિ માટે આપણે સતત પ્રયાસ કરવો રહ્યો.

આજે જેમનું પુણ્ય સ્મરણ આપણે કરીએ છીએ તેમના પર પ્રભુ શાશ્વત પ્રકાશ પાથરે, સદ્‌ગત આત્મા શાંતિ પામે એટલું જ નહીં શાંતિમાં જીવે એ જ આપણી પ્રાર્થના.●


**લગ્ન વિષયક**

**ગુજરાતી કેથોલિક સંસ્કારી, ઊંચાઈ ૫'૨'' MBA ઉચ્ચ અભ્યાસ ધરાવતી, ઉં. ૨૫ વર્ષ, માટે ઉચ્ચ અભ્યાસ ધરાવતા સંસ્કારી યુવકના વાલીઓએ સંપર્ક કરવો.**

**મો. ૯૧૭૩૬ ૩૪૪૭૨**

**Prathna Movies** Creatin Memories for a lifetime
HD વીડિયો શુટીંગ, ફોટોગ્રાફી, મોડલીંગ ફોટોગ્રાફી, ફ્લેક્ષ બેનર, ફોટો ફ્રેમીંગ, ફોટો લેમીનેશન, લગ્ન તથા શુભ પ્રસંગે ફોટોગ્રાફી, HD વીડિયો શુટીંગ માટે મળો. **Jayesh Christian: Mo. 99133 46500 / 91733 68810.**
Email : prathnamovies@gmail.com

2 & 3 ways system liners
**Hazel DJ Rocks** Marriage-Birthday Party & other occassion
*AT. Vatav bus stand, kalpna street, Petlad.*
hazelparmar38@gmail.com, **Raj Parmar : 7226947088**
**Sunil Parmar : Mo. 9892836224 / 7977958396**

# ‘દો દિન કે એ મુસાફિર...’

✍ સિસ્ટર નીતા એમ. પરમાર (SchSA)

બાજુમાં પડેલા મોબાઈલની રીંગ વાગી એટલે ઓફીસમાં બેઠેલા સિસ્ટરે કોમ્પ્યૂટરમાં ખુપી ગયેલી પોતાની ગરદનને વાળીને ફોન લેવા હાથ લંબાવ્યો. બે મિનિટમાં જ ફોનની વાતચીત પૂરી થઈ ગઈ. એક હોસ્પિટલમાંથી ફોન આવેલો, એક નવજાત બાળકને માતૃછાયાના અનાથાશ્રમમાં લાવવાનું હતું. સૌના ચહેરા પર એક આછું સ્મિત હતું એક નવા સભ્યનો ઉમેરો થવાનો હતો. સિસ્ટર ત્યાં તાબડતોબ પહોંચી ગયા. એ નાનકડા જીવને પોતાના હાથમાં લઈ એમણે એના માથે ક્રૂસની નિશાની કરી. બાળક નવું-તરતનું જન્મેલું હતું. પણ તેની તબિયત નાજુક હતી એટલે તેને તરત જ સારી હોસ્પિટલમાં દાખલ કરી દેવામાં આવ્યું. બે મિનિટમાં એના શરીર પર એટલી પાઈપો નાખી કે તેનું મોં પણ દેખાતું નહોતું. માંડ અઠવાડિયું થયું અને ત્યાં તો હોસ્પિટલમાંથી ફોન આવ્યો કે એ નાનકડા જીવને તેઓ બચાવી શકયા નહિ !!!

આ સમાચાર સાંભળીને મારું મન ચકડોળે ચડી ગયું. અંતરમાં ગમગીની છવાઈ ગઈ. મૃત્યુની કડવી સચ્ચાઈ મારી આંખો આગળ તાંડવ કરવા લાગી. ત્યાં જ આ ગીતની કળી અંતરના ઊંડાણમાંથી જીભ પર આવી ગઈ, “ દુનિયા કે એ મુસાફિર, મંજિલ તેરી કબર હે, ય કરતા રહા હે તું જો દો દિનકા એ સફર હે.” મુસાફિર એટલે વટેમાર્ગુ કે પંથી. જીવનરૂપી આ પથને કાપતો જતો પથિક અને આ વટેમાર્ગુની મંઝીલ એટલે આત્માનું પરમાત્મા સાથેનું મિલન.

જીવનની આ કડવી વાસ્તવિકતા આપણે કેટલી સરળતાથી ભુલાવી દઈએ છીએ. કદાચ કોઈને પણ એ વિષય પર ચર્ચાવિચારણા કરવી ના ગમે. એક દિવસ એ સૌ કોઈના દ્વારે અણધાર્યા મહેમાનની જેમ આવી પહોચશે એ નિશ્ચિત છે. મૃત્યુ એ તો માણસના મિથ્યા, અભિમાન, માનમોભા, લાલસા અને સત્તાને શરમાવનારી હકીકત છે. જન્મ થતાની સાથે જ મૃત્યુનો આરંભ થાય છે અને એટલે જ પાપી કે પુણ્યશાળી, રંક કે રાજા, મુર્ખ કે મહાજ્ઞાની સૌ કોઈ અંતે તો એ પંચ મહાભૂતોમાં વિલીન થઈ જાય છે. એનું અસ્તિત્વ ચોક્કસ છે, એનું આવવું નિશ્ચિત છે બસ એનો સમય કોઈ જાણી શકતું નથી.

મનુષ્ય જીવન એ માનવીને ઈશ્વર તરફથી મળેલી મહામૂલ્ય અને કીમતી ભેટ છે અને એ મહામુલી ભેટનો કેટલો સદ્ઉપયોગ કરવો એ પોતાના વ્યક્તિગત જીવન પર નિર્ભર કરે છે. મોટા ભાગે માણસ ધન, વૈભવ અને પ્રતિષ્ઠા પાછળ આંધળી દોટ મૂકે છે અને એને કાંઈ જ દેખાતું નથી હોતું પરંતુ જયારે એને એ વાતનો અહેસાસ થાય ત્યારે બહુ મોડું થઈ ગયું હોય છે. એ સમયે આંખમાંથી પસ્તાવાના અશ્રુ સિવાય કંઈ જ હોતું નથી. જો બધું જ છોડીને જવાનું હોય તો શા માટે મારું તારું ? કેમ મનમાં આટલી કડવાશ અને વેરઝેર ? કેમ કઈ જતું કરવાની ભાવનાનો અભાવ ? પોતાના જ માટે જીવનારા અને માત્ર સ્વની સ્વાધ્યાયપોથીને ભરનારાને મન મૃત્યુ એ મિથ્યા અને કાલ્પનિક છે. બાઈબલમાં પણ ખૂબ જ સુંદર રીતે મૃત્યુની આ ગ્લાનિ ઉપજાવતી હકીકતને અત્યંત સુંદર રીતે સંત લુક રજૂ કરે છે.(લુક ૧૨:૧૮-૨૦ )

પછી તેણે કહ્યું : ‘હું આમ કરીશ, હું મારા કોઠારોને તોડી નાખીશ અને એનાથી મોટા બંધાવીશ અને ત્યાં હું મારું બધું અનાજ અને મારી વસ્તુઓ ભેગી કરીશ અને હું પોતાને કહીશ : ‘ઘણા વર્ષો માટે તારી પાસે ઘણી સારી વસ્તુઓ ભેગી કરેલી છે, આરામ કર, ખા, પી અને મઝા કર.’

પરંતુ ઈશ્વરે તેને કહ્યું, ‘ઓ મુર્ખ, આજે રાત્રે તેઓ તારી પાસેથી તારું જીવન લઈ લેશે. તો પછી, તે જે વસ્તુઓ ભેગી કરી છે તે કોની થશે ?’

ખરેખર વિચાર કરીએ તો ચંદ્ર સુધી પહોંચી ગયેલો માનવી આ બધી વાતોથી અજ્ઞાન નથી પણ જાણે અજાણે એ સચ્ચાઈને સ્વીકારવાની તેની તાકાત મોહમાયાની આટીઘુંટીમાં અટવાઈ જાય છે. મૃત્યુ એ આપણને ડરાવવા નહિ પણ જીવનનો સાચો મતલબ બતાવનાર આઈનો છે. બસ આપણને એ એ જ યાદ કરાવે છે કે વીતેલા દિવસો પાછા નહિ આવે. સમયની, સગાવાલાની અને મિત્રતાની કિંમત સમજતા થઈએ. પોતાના માટે તો સૌ કોઈ જીવે છે, થોડું બીજા માટે જીવી જઈએ. વાંક તારો હતો કે મારો એ ભૂલતા જઈએ. આજ આપણને મળી છે, કાલની ક્યાં કોઈને ખબર છે ? ચિંતાની ગાંઠડી બાજુમાં મૂકી હરેક પળને દિલથી જીવતા જઈએ. મૃત્યુ એ જીવનનું નુકસાન નથી, નુકસાન તો એ વાતનું હોય છે કે જિંદગી જીવ્યા વિના જ પૂરી થઇ જાય છે અને જયારે એ સમજાય છે ત્યારે મૃત્યુ આંખ આગળ ઊભું હોય છે.●


## લગ્ન વિષયક

**ગુજરાતી કેથોલિક યુવક ઉ.વ. ૩૨ U.S.A. માં H1B વિઝા ધરાવતા, સારી કંપનીમાં જોબ કરતા સોફટવેર એન્જિનિયર માટે M.BA, B.Sc. Nursing, BEIT, Farmacy ભણેલી તેમજ U.S.A. જવા ઈચ્છતી કેથોલિક, સંસ્કારી યુવતીના વાલીઓએ સંપર્ક કરવો. જાહેરાત યોગ્ય પસંદગી માટે જ છે.**

**મો. ૯૪૦૯૪ ૦૨૭૧૫**

**વારાણસી રીટ્રીટ પ્રવાસ- માતૃધામ આશ્રમ...વારાણસી**

૨૦૧૯ તપઋતુમાં રીટ્રીટ પ્રવાસ

**પ્રવાસ ફી : ૩૨૦૦/- રૂા.** (ટ્રેનભાડું + લકઝરી ભાડું + રજિસ્ટ્રેશન ફી)

● સિનિયર સિટિઝનને રેલવે વળતર પૂરેપૂરું પુરુષને ૪૦%, સ્ત્રીને ૫૦% આપવામાં આવશે. ● યથાશક્તિ ધર્માદા આપના નામે જ મરજીયાત આપવા વિનંતી. ● **પ્રવાસ તારીખ : ૦૧-૦૪-૨૦૧૯ થી ૦૯-૦૪-૨૦૧૯ સુધી. આજે જ એડવાન્સ ફી ૨૦૦૦/- રૂા., જન્મતારીખ સાથેનું ઓળખપત્ર આપી આપનું રીઝર્વેશન કરાવો. રીટ્રીટ - ક્રૂસના માર્ગની ભક્તિ - વારણસી દર્શન.**

**સંપર્ક : કેરેસ્મેટીક બંધુ : હેમંતભાઈ માધવભાઈ મેકવાન**

**મો. +૯૧૯૪૨૭૬ ૩૫૮૯૫, +૯૧૬૩૫૧ ૭૫૩૦૩૭**

*“અનંત” બી/૧૦ વૈભવ સોસાયટી, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮ ૦૦૧*

# મૃત્યુ વિજયમાં વિલીન થયું

✍ ઈન્દુ રાવ

'જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુઃ' જેનો જન્મ થાય છે તેનું મૃત્યુ નિશ્ચિત છે. એ વિષયક બાઈબલનાં માર્મિક વચનો પર ચિંતન કરતાં રહીએ :

* 'હું ખાલી હાથે આવ્યો હતો, માતાના ગર્ભમાંથી જન્મ્યો ત્યારે, અને જ્યાંથી આવ્યો ત્યાં પાછો જવાનો પણ ખાલી હાથે. ભગવાને આપ્યું અને ભગવાને પાછું લઈ લીધું. જે કંઈ ગુજર્યું છે તે ભગવાનની ઈચ્છાથી ગુજર્યું છે. ભગવાનનું ભલું થજો !' (યોબ ૧:૨૧)

* માટીઘડ્યા માનવીનું જીવન ક્ષણિક ક્ષુબ્ધ હોય છે. એ ફૂલની જેમ ફૂટે છે અને ખરી પડે છે. એ પડછાયાની જેમ અલોપ થાય છે.

* કોઈ માણસને એવી સત્તા નથી કે તે પ્રાણને રોકી શકે, તેમ તેના મૃત્યુના દિવસ ઉપર પણ સત્તા હોતી નથી, આ યુદ્ધમાંથી કોઈને મુક્તિ મળતી નથી, દુષ્ટ માણસની દુષ્ટતા પણ તેને બચાવી શકતી નથી. (તત્વદર્શી ૮:૮)

* મૃત્યુ તો નિશ્ચિત છે, એનાથી ડરીશ નહિ, તારી પહેલાં થઈ ગયેલા અને તારી પાછળ આવનારાનો વિચાર કર.

સૌ જીવોને માટે પ્રભુનું એ નિર્માણ છે, તો પછી પરાત્પરની ઈચ્છાનો વિરોધ શા માટે કરવો ? તારું આવરદા દસ વર્ષનું કે સો વર્ષનું કે હજાર વર્ષનું હતું, એ મૃત્યુલોકમાં કોઈ પૂછવાનું નથી.' (ઉપદેશમાળા ૪૧ : ૩-૪)

* 'એ પણ પહોંચી જાશે મૃત વડવાઓ પાસ;
ફરીવાર નહિ જોવા મળે પ્રકાશ.
ધનવૈભવમાં માનવ કદી નહિ ટકનાર,
અન્ય પશુઓ જેમ જ એ મરનાર.' (સ્તોત્ર ૪૯:૧૯-૨૦)

* 'સદાય જીવે એવું તે કોણ ? કોને મોત ન મળે ?
એવું તે કોણ, જે પોતાને કબર મહીંથી બચાવે.' (સ્તોત્ર ૮૯:૪૮)

* 'માણસને માટે' એક જ વાર મરવાનું નિર્માણ થયેલું છે, અને પછી તેનો ન્યાય થાય છે; તેમ ખ્રિસ્ત પણ બધાંનાં પાપોને હરી લેવા માટે એક જ વાર અર્પણ થયા, અને બીજીવાર પાપનું નિવારણ કરવા નહિ, પણ પોતાની પ્રતીક્ષા કરનારાંઓને મુક્તિ અર્પવા માટે પ્રગટ થશે.' (હિબ્રૂઓ ૯:૨૭-૨૮)

રોજ-બરોજની જિંદગીમાં આપણે ગળાબૂડ રચ્યાં-પચ્યાં રહેતાં હોવા છતાં આપણે આપણાં મૃત સ્વજનોને નિરંતર યાદ કરતાં રહીએ છીએ. મૃત્યુ ક્યારે - કેવી રીતે આવશે ? એવી મૃત્યુની અનિશ્ચિતતા વશેનાં બાઈબલનાં વચનોનું ચિંતન આપણને સહુને આપણા ખુદના મૃત્યુ પરત્વે માર્મિક દષ્ટિએ વિચારતાં કરી દે છે.

**કોઈ માણસને એવી સત્તા નથી કે તે પ્રાણને રોકી શકે, તેમ તેના મૃત્યુના દિવસ ઉપર પણ સત્તા હોતી નથી, આ યુદ્ધમાંથી કોઈને મુક્તિ મળતી નથી, દુષ્ટ માણસની દુષ્ટતા પણ તેને બચાવી શકતી નથી. (તત્વદર્શી ૮:૮)**

ઘરમાં નવાગતુંક બાળકનો જન્મ આપણને અનહદ આનંદ આપે છે. ઉભય પક્ષે ઘરમાં સ્વજનનું મૃત્યુ આપણને અસહ્ય દુઃખ આપી જાય છે. આપણે દુન્યવી વાસ્તવિકતાથી પૂરેપૂરાં સભાન છીએ કે આપણું મૃત્યુ થવાનું જ છે તેમ છતાં દુન્યવી માયાઓનાં બંધનમાં આપણે દોડભાગ કરતા માટીના માનવીઓ મૃત્યુથી ડરતા રહીને જીવીએ છીએ. કવિવર રવિન્દ્રનાથ ટાગોર એમના એક કાવ્યમાં કહે છે કે, 'આ સૌંદર્યમય વિશ્વમાં મને મરવાની ઈચ્છા નથી : આપણું પણ એવું જ છે ને !? તેમ છતાં અચાનક આવી પડતી આપત્તિઓનાં લીધે આપણને આપણું જીવન અકારું લાગે છે. ને ત્યારે માનવ જીવનથી નાસીપાસ થઈ જઈને આત્મહત્યા જેવડું ઘોર પાપ આચરી બેસે છે, જાણતા હોવા છતાં કે મૃત્યુ પર આપણા કોઈનો અધિકાર નથી એ પ્રભુના હાથમાં છે. મનમાં ક્યારેક -ક્યારેકનો વિચાર આવી જાય કે આપણું મૃત્યુ ક્યાં - ક્યારે - કેવી રીતે થશે ? એ વિશે વધુ વિચારવા કરતાં પ્રભુએ બક્ષેલા અમૂલ્ય જીવનનો સદ્‌ઉપયોગ થાય, અન્ય કાજે જીવન જીવવા પ્રભુ આપણને અથાગ શક્તિ બક્ષતા રહે એવું પ્રાર્થતા રહીએ.'

વિખ્યાત લેખક સુરેશ દલાલ 'ઝલક અધ્યાય' પુસ્તકના ઓલવાતો દીવો પ્રકરણમાં સ્વાનુભવનું જ્ઞાન પીરસતાં 'ચિકન સૂપ ફોર ધ સોલ'માં મૃત્યુ સંબંધી વર્ણવેલી એક સત્યઘટના સહુને એક મોટો સંદેશ આપે છે.

એમ.એ.ની એક વિદ્યાર્થિની નામ જૂલી. ઉષ્માસભર મિત્ર જેવી, આકર્ષક અને પ્રતિભાશાળી. કોઈપણ પ્રોફેસરને એની અભ્યાસ નિષ્ઠાને કારણે પ્રિય થઈ પડે એવી. વિદ્યાર્થિની તરીકે આદર્શ. એના ચહેરા પરની પ્રસન્નતા જોઈને શીખવનારને પણ કશુંક નવું નવું સૂઝે. માત્ર પરીક્ષા પૂરતી જ કેળવણી નહીં, જીવનની પણ કેળવણી. આ જૂલી એકવાર બાઈક લઈને નીકળી પડી અને એની બાઈક ટ્રક સાથે અથડાઈ. જૂલી બેભાન થઈ ગઈ. હોસ્પિટલમાં એને લઈ જવાઈ. એ બાઈક પર બેઠી એ પહેલાં મિત્રો સાથે ચિક્કાર આનંદમાં હતી. એને ખબર પણ નહોતી કે આ બાઈક શબવાહિની થઈ જશે. એને બચાવવાના ગમે એટલા પ્રયત્ન કર્યા પણ કશું વળ્યું નહીં. ડૉક્ટરે કહ્યું કે, "જૂલી પાસે હવે થોડોક જ સમય છે. મારે તમને ડૉક્ટર તરીકે પૂછવું જોઈએ કે જૂલીની કોઈપણ ઈન્દ્રિયોનું દાન કરવું હોય તો મને કહી રાખો.

જૂલીના વોર્ડની બાજુના જ ખાટલા પર મેરી નામની એક સ્ત્રી હતી. એના બે વરસના બાળકની આંખ સાવ નિસ્તેજ હતી. કદાચ એ બાળક આંધળું પણ થઈ જાય અને જૂલીની આંખો જૂલીના મરણ

બાદ આ બાળકને આપવામાં આવી. કોઈ એક દરદીની કિડની નકામી નીવડતી હતી અને જૂલીનાં માબાપે જૂલીની કિડનીનું પણ દાન કર્યું. જૂલી મરી ગઈ, પણ એનું મરણ બે માણસને જીવન આપતું ગયું. એક ઓલવાતો દીવો બીજા દીવાને પ્રગટાવીને ઓલવાઈ ગયો. જૂલી મરણ પામી ત્યારે એની ઉંમર વીસ વરસની હતી. જૂલી નાની વયે એટલી પુખ્ત હતી કે એના જીવનનો સિદ્ધાંત હતો કે કોઈની પણ પડખે ઊભાં રહેવું. એના માબાપને જૂલીના સ્વભાવની પૂરેપૂરી પરખ હતી.

સાચે જ જૂલીના માબાપને પોતાના બાળકની ઈચ્છા પૂર્ણ કર્યાનો કેટલો સંતોષ મળ્યો હશે તેની આપણે કલ્પના પણ નહીં કરી શકીએ. જૂલીની જેમ આપણે આપણા જીવન-મૃત્યુને સાચા અર્થમાં સાર્થક કરવું હોય તો જીવાતી જિંદગીમાં અન્યોને મદદરૂપ થવા પ્રયત્નશીલ રહીએ. આપણી આ જ સુકૃત્યોથી સભર બનાવીશું તો કાલ સુંદર બનવાની જ છે. મન-વાચા-કર્મમાં સતત જાગૃત રહીને જીવીશું તો જીવન અર્થસભર બની રહેશે. પ્રભુએ આપણને સહુને ખાલી હાથે મોકલ્યાં છે. આપણી આવરદા જેટલી પણ હોય, પ્રભુ જ્યારે આપણને ભરપટ્ટે જીવન આપે છે ત્યારે અન્યોને લ્હાણી કરવામાં કચાશ શા માટે રાખવી ?! વળી આપણો નશ્વર દેહ ઈહલોકમાં માટીમાં જ ભળી જવાનો છે, એ દેહ પરત્વેની માયા ફોગટ છે એવું જીવતેજીવ સમજીને આપણા મૃત્યુ બાદ આપણી ઈન્દ્રિયો અન્યને ઉપયોગી થાય એવી હોય તો દાન કરવામાં શા કાજે વિલંબ કરવાનો ? અંતે આપણો આત્મા પરમાત્મામાં વિલન થઈ જવાનો અને આપણો દેહ માટીમાં ભળી જવાનો. કબ્રસ્તાનની માટીમાં દેહ ભળી જાય, સ્વજનો કબરના પથ્થર પર આપણું નામ અંકિત કરી એના ઉપર ફૂલો - મીણબત્તી ચઢાવતાં રહે, એના કરતાં આપણી ઈન્દ્રિયો દ્વારા સદેહે આપણે જરૂરિયાતમંદ લોકોના દેહમાં જીવતા રહી શકીએ એવી શક્તિ - હિંમત મળતી રહે એવી પ્રભુને પ્રાર્થના કરીએ.

યથાર્થદર્શીઓ માને છે કે માનવના જન્મદિન કરતાં મૃત્યુદિનની ઉજવણી કરવી સાર્થક લેખાય. માણસ દુન્યવી મુસાફરીમાં કેવાં-કેવાં કાર્યો કરે છે એના આધારે એની પુણ્યતિથિનું મહત્ત્વ મપાતું હોય છે. ક્રોસ ઉપરનું પ્રભુ ઈસુનું બલિદાન આપણા માટે પ્રેરણારૂપ ઉત્કૃષ્ટ જ્વલંત ઉદાહરણ છે. પ્રભુ ઈસુ મૃત્યુ પામીને ત્રીજા દિવસે સજીવન થયા એ જ આપણને નવજીવન આપશે એવી દૃઢ શ્રદ્ધા આપણને મૃત્યુના ભયથી મુક્ત રાખે છે. કરિંથના ધર્મસંઘ પર પાઉલના પહેલા પત્રના અધ્યાય : ૧૫ના વચનોનું ચિંતન કરતાં રહીએ :

'બંધુઓ, મારું કહેવું છે કે, આ રક્તમાંસને ઈશ્વરના રાજ્યનો વારસો મળી શકતો નથી. નશ્વરને અવિનશ્વરતાનો વારસો મળી શકતો નથી. એક રહસ્ય કહું છું : આપણે બધા મૃત્યુ પામવાના નથી, પણ આપણા બધાનું રૂપાંતર થઈ જશે.' (૧૫:૫૦-૫૧)

'કારણ, આ નશ્વર દેહે અવિનશ્વરતા ધારણ કરવી પડશે અને જ્યારે આ નશ્વર દેહે અવિનશ્વરતા ધારણ કરી હશે, અને આ મર્ત્ય દેહે અમરતા ધારણ કરી હશે, ત્યારે શાસ્ત્રવાણી સાચી પડશે કે, મૃત્યુ વિજયમાં વિલીન થયું.' (૧૫:૫૩-૫૪)●


# NEELRAJ INTERNATION

**10/1ST FLOOR, FK ORCHID, RAMTALAVADI ROAD, NADIAD-02**

**CONTACT : RENUKA: 7016291837, AMIT: 8849386292**



● **ISRAEL, CYPRUS, UK, DUBAI, BAHRAIN માં કેરટેકર તથા ડોમેસ્ટિક વર્કરની તાત્કાલિક જરૂર છે.**

● **આકર્ષક પગાર, રહેવા, જમવા તથા મેડિકલની સુવિધા સાથે વર્ક વીઝા સાથે ૧૦૦% ગેરેન્ટેડ કામ.**



● **EUROPE ( CZECH REPUBLIC, CYPRUS-NORTH/ SOUTH, DUBAI, BAHRAIN, POLAND, MALTA) માં ડ્રાઈવર, હોટેલ સ્ટાફ, ઈલેકટ્રિશિયન, વેલ્ડર, ફાર્મ વર્કર, ફેકટરિ વર્કર, હેલ્પર, બ્યુટિશિયન, ફેશન ડીઝાઈનર, ટેઈલર, કુક વગેરેની જરૂર છે.**

**Language training :** English, Hebrew, Greek

**Caretaker training, interview training, patient care training**

**Mail your Cv@** neelrajint@gmail.com

**Office time :** 10 to 7

# ગરીબોના બેલી સંત માર્ટીન દે પોરેસ

✍ લોરેન્સ જે. રાઠોડ

આપણી ધર્મસભા ૦૩ નવેમ્બરનાં દિવસે સંત માર્ટીન દે પોરસનો તહેવાર ઉજવે છે. ત્યારે તેમના જીવન ઝરમર વિશે થોડું જોઈએ અને એમના કાર્યો વિશે મનન ચિંતન કરીએ.

દક્ષિણ અમેરિકાના પશ્ચિમ કિનારે, જ્યાં પ્રશાંત મહાસાગરના મોજાં ઉછળતા ત્યાં પેરુ નામનો પ્રદેશ પોતાની ડુંગરમાળાને હુલાવતો પથરાયો છે. આ પેરુ પ્રદેશની રાજધાનીનું શહેર લીમા માં ૯મી ડિસેમ્બર ૧૫૭૯નાં દિવસે માર્ટીનનો જન્મ થયો. એની આંખોમાંથી એવું તો દૈવી તેજ પ્રગટતું કે જોનાર તરત જ કહી શકે આ દુનિયાથી અલિપ્ત એવું આ પારેવડું છે. એ પોતા વિશે ઝાઝી ચિંતા કરતો નહિ એની નાની બહેન યોહાન્ના એનાથી ઉલટા સ્વભાવની હતી. એ તો રમતિયાળ છોકરી હતી. તક મળ્યે એ પોતાની સમજ પ્રમાણે અનેક પ્રશ્નોની પરંપરા શરૂ કરવાનું ચૂકતી નહિ સાથે પવિત્ર પણ હતી.

નાનકડો માર્ટીન અત્યંત શાંતિથી પોતાનો વિકાસ સાધ્યે જતો હતો. બચપણથી જ એના નાનકડા આત્માની મીઠી સુગંધ એના કાર્યો દ્વારા મહેંકવા લાગી હતી. આ બાળકની માનવતા અને બીજા પ્રત્યેનો પ્રેમ સહુને આશ્ચર્ય પમાડે એવા હતા. પોતે કમભાગી હોવા છતાં આ દુનિયામાં કમભાગીઓને તે સારી રીતે ઓળખી શક્યો હતો. ગરીબોના ટોળા સાથે તે શેરીઓમાં ફરતો અને તક મળ્યે ઘરનું વહેંચી દેવાનું ચૂકતો નહિ. દુઃખમાં પડેલી માતા પોતાના બાળકના વર્તનને પામી શકી નહિ અને વારંવાર માર્ટીનને ધોલધપાટા લગાવ્યા કરતી. એ બિચારી તો મનમાં બળ્યા કરતી કે છોકરાનું મન ચસકી ગયું છે અને અંતરમાં વધુને વધુ દુઃખી થતી માર્ટીન પણ પોતાની માને દુઃખી જોઈ દુઃખી થતો. અને પોતાને વારંવાર મળતી શિક્ષાને ગરીબોના પ્રેમને લીધે ખુશીથી સહન કરતો ગરીબોની અંદર ખ્રિસ્ત પ્રભુને જોતો અને ઘડી વારમાં પોતાનું દુઃખ વિસારી લઈ કલ્લોલતો તે ગરીબોના ટોળામાં દોડી જતો.

નાનપણથી જ માર્ટીનને ગરીબોના ઘા સાફ કરવાની તેમના ગુમડાં પર મલમ કરવાની અનેરી હોંશ હતી. તેની ઊંડે ઊંડે એવી જ તમન્ના હતી કે પોતે આવી વિદ્યામાં જ નિપુણ બને. અને જ્યારે તે બાર વર્ષનો થયો ત્યારે લીમાની એક હોસ્પિટલમાં એને એવી તક મળી. માર્ટીન ત્યાં દર્દીઓની સેવા કરતો ૧૫ વર્ષનો થયો. ત્યાં સુધી તેણે લીમા શહેરની હોસ્પિટલમાં કામ કર્યું. ત્યાં તેણે ઘવાયેલા અને રોગીઓની અત્યંત પ્રેમપૂર્વક સેવા કરી. માર્ટીનનું આવું પ્રેમભર્યું કાર્ય જોઈ પ્રભુ તેની ઉદારતાનો બદલો આપવાનું છોડે ખરો ?

આ લીમા શહેરમાં દોમેનિકન મઠવાસીઓનો પવિત્ર ગુલાબમાળાનાં નામે ઓળખાતો એક મઠ હતો. વર્ષોથી આ મઠના મઠવાસીઓ લોકોની સેવામાં ખૂબ જાણીતા હતા. નાનપણથી જ માર્ટીન પોતાની જાતને ખ્રિસ્તપ્રભુની સેવામાં ધરી દેવાનું સ્વપ્ન સેવ્યા કરતો. આ સ્વપ્ન પ્રભુએ તેના કાર્યો દ્વારા સાકાર કરવાની શક્તિ આપી અને પ્રભુએ તેને પસંદ કર્યો.



કોઈ બાળક અત્યંત શાંતિથી પોતાના રમકડાને બાજુ પર મૂકી દઈ જીવનનું મહત્ત્વનું કાર્ય કરે તેમ માર્ટીને ધીરેથી મોહમાયાની દુનિયાને બાજુ પર મૂકી દીધી અને ખ્રિસ્તપ્રભુનાં પ્રેમને પામવા માટે પોતાનું જીવન દોમિનિકન મંડળને ચરણે ધરી દીધું.

માર્ટીને પોતાને ત્રીજા વર્ગમાં સામેલ કરી દીધો. થોડાજ દિવસોમાં સફેદ ઝભ્ભો ધારણ કરીને પોતાનાં પ્રૈષિતિક કાર્યની શરૂઆત કરી. નવ વર્ષ સુધી એક જ કક્ષામાં પોતાનું કાર્ય આનંદપૂર્વક કર્યા કર્યું. આ કસોટીમાંથી પાર થયા બાદ ઉપરીની સલાહ અનુસાર તેમણે દોમિનિકન મંડળમાં બ્રધર તરીકેનાં વ્રત લીધા.

મઠમાં માર્ટીનને અનેક ફરજો બજાવી પડતી. ઘણીવાર તે માળીનું કામ કરતા, મઠનાં વૃક્ષો અને છોડોને પાણી પાતા તો કોઈવાર તે સાફસફાઈ કરતા તો કોઈવાર એક ઓરડામાં બેઠા બેઠા રોગીઓની સેવા ચાકરી કરતા, હલકામાં હલકું કામ કરવામાં તે સહેજ પણ શરમાતા કે અચકાતા નહિ. માર્ટીને પોતાની જાતે જ આવા કાર્યો સ્વીકાર્યા હતા. તેથી આવા કાર્યો હંમેશા વફાદારીથી કરતાં.

જીવનમાં કેવળ આવા નિમ્ન કાર્યો કરવામાં જ માર્ટીને પોતાના જીવનની ધન્યતા માની નહિ. આજીવન સંપૂર્ણ ગરીબાઈએ જીવનના પરમ ધ્યેયનું એક અંગ હતું. માર્ટીને રહેવા માટે જે ઓરડી પસંદ કરી તે તદ્દન સાંકડી અને અંધારી હતી. એક પથારી, ભાગ્યું તૂટ્યું એક ટેબલ દીવાલ પર એક ક્રૂસ અને પવિત્ર મારીયા તથા સંત દોમિનિક એ બે ચિત્રો આટલા સાધનો તેમની પાસે હતા. પોતાની પાસે બે ઝભ્ભા રાખતા તેને વારાફરતી પહેરતા. આ ઝભ્ભા પણ નવા તો નહીં જ કોઈ સંન્યાસીએ ઉતારી નાખેલા ફાટ્યા તૂટ્યા ઝભ્ભાને તે થીંગડા મારતા અને ગાડું ગબડે જતું, નવા પગરખા માટે કોઈ તેની ઉપર દબાણ કરતું તો તે લેતા ખરા પણ કોઈને ખબર ના પડે તેમ તે કોઈ ભીખારીને આપી દેતા અને બદલામાં તેના તૂટ્યાફૂટ્યા પગરખા ચડાવી લેતા. આમ તેમનું સમગ્ર જીવન સાદગીભર્યું હતું.

ગરીબોના બેલી તરીકે માર્ટીનની ખ્યાતિ લીમા શહેરમાં ઘણી હતી. ભીખારીઓના ટોળા મઠના દરવાજા બહાર જમા થયેલા જોવામાં આવતા અને તેમની ખાદ્ય સામગ્રી માર્ટીન અનેક રીતે પૂરી પાડતા. જ્યાં જ્યાં મદદ કરવાની હોય ત્યાં માર્ટીન હંમેશા દોડી જતા. મઠમાં હોય કે શહેરની કોઈ શેરીમાં હોય, ધોમધખતો દિવસ હોય કે કાળી અંધારી રાત હોય માર્ટીન

સેવાકાર્યનાં એક પણ અવસરને જતો કરતા નહી. એક વખત માર્ટીન શહેરની બહારથી પાછા ફરી રહ્યા હતા ત્યારે તેણે કેટલાક કેદીઓને સખત તાપમાં ભૂખ્યા પેટે પરિશ્રમ કરતા જોયા. માર્ટીન આ દશ્યથી પીગળ્યા સિવાય રહે ખરા ? પણ અત્યારે તો તેની પાસે ફૂટી કોડી પણ હતી નહિ. તેમણે માથા પરની પોતાની ટોપી યાદ આવી. પ્રખર તાપની લેશ માત્ર પરવા કર્યા સિવાય માર્ટીને પાસેની દુકાનમાં તેને વેચી દીધી. તેનાથી જે કઈ ઉપજ્યું તેણે પેલા ભૂખ્યા કેદીઓની ભૂખ ઠારવામાં ખર્ચી નાખ્યું.

માર્ટીન રોગીઓને ગરીબોને ખ્રિસ્તપ્રભુના પીડિત અંગ તરીકે માનતા. તેમણે એક ભીખારીને રસ્તા પર રગદોળાતો જોયો. તેમને તેને પોતાની ઓરડીમાં લઈ તેની સેવા ચાકરી કરી. આથી મઠમાંના તેમના સાથી સંન્યાસીઓએ માર્ટીનના આ વર્તનને વખોડી કાઢ્યું. માર્ટીને અત્યંત ધીરજથી પણ એટલી જ અડગતાથી જવાબ આપ્યો, 'ભાઈ, લૂગડાં મેલા થાય તો તેને સાબુના એક કટકાથી ઉજળા પણ બનાવી શકાય, પણ ગરીબોને તરછોડીને આત્મા પર લાગેલા ડાઘને દૂર કરવો ખૂબ મુશ્કેલ છે.'

એક સાંજે માર્ટીન જ્યારે મઠમાં પાછા ફરતા હતા ત્યારે દરવાજા પાસે તેમને એક વ્યક્તિને ઘવાયેલી જોઈ. માર્ટીને ત્યાંને ત્યાં જ તેનો ઘા સાફ કર્યો અને તેને મઠમાં લઈ ગયા. સામાન્ય રીતે મઠના નિયમ મુજબ કોઈ બહારના માણસને મઠમાં દાખલ કરી શકાતો નહિ. ત્યાંનાં મઠપતિએ માર્ટીનની કસોટી કરવા નિયમભંગ બદલ તેને સખત ઠપકો આપ્યો, શિક્ષા પણ કરી. એક શબ્દ ઉચ્ચાર્યા સિવાય માર્ટીને ફરમાવેલી શિક્ષા પૂરી કરી અને થોડા દિવસ પછી મઠપતિએ તેમને કામસર ફરી બોલાવ્યા, ત્યારે માર્ટીને તેમની આગળ નમ્રતાથી તે અંગે ચોખવટ કરી. આ ઉપરાંત માર્ટીને પોતાની બહેનના ઘરને એક ગરીબ ખાતામાં ફેરવી નાખ્યું હતું. ત્યાં અસંખ્ય, દુઃખી લોકોનો સમાવેશ થતો. દરેકની જરૂરિયાત ત્યાં પૂરી પાડવામાં આવતી. માર્ટીન ત્યાં કેવળ મનુષ્યોની બાહ્ય જરૂરિયાતો જ સંતોષાતા નહિ પણ આધ્યાત્મિક પાસાઓને પણ તે પૂરતો ન્યાય આપતા. ગરીબ અને દુઃખી અવસ્થાને લીધે જેમની જેમની શ્રદ્ધા પ્રભુ પરથી ઊઠી ગઈ હોય તેમને તે ઈશ્વર તરફ વાળતા.

આને માટે માર્ટીન મદદ ક્યાંથી મેળવવા ? દરરોજ તે લગભગ ૧૬૦ ભૂખ્યા જનોની ભૂખ ઠારતા. માત્ર એક જ અઠવાડિયાનું બે હજાર ડોલર ઉપરાંતનું ગરીબો પાછળનું તેમનું ખર્ચ હતું. આ બધું નિભાવવા પૈસાની જરૂર અવશ્ય પડતી. પ્રભુ પર અત્યંત શ્રદ્ધા રાખનાર માર્ટીનને તે મદદ મળ્યા સિવાય રહેતી નહિ. પેરુમાં એવા અનેક લોકો હતા જેમના હૃદયમાં ગરીબો પ્રત્યે દયાની ભાવના હતી. તેથી તેઓ માર્ટીનનાં હાથ સમાન બની રહેતા.

માર્ટીનમાં સાચા માનવીઓનાં લક્ષણો હતા. આ વાત કહેતા મને આજના માણસો માટે ગુજરાતીની જાણીતી પંક્તિ યાદ આવે, 'માનવી માનવ થાય તો ઘણું.'

માર્ટીનને પોતાના જીવન પ્રત્યેનો દષ્ટિકોણ એ પ્રભુ પરના પ્રેમનો જ હતો. લીમામાં જ તેમણે જોયું, અનેક દુઃખી બાળાઓ પોતાની ગરીબ અવસ્થાને લીધે દુરાચારનો ભોગ થઈ પડતી હતી. પોતાના સહવાસી જોહન મોરીસની મદદથી માર્ટીને આવી બાળાઓ માટે એક નિશાળ શરૂ કરી, આવા ગરીબોના માર્ટીનનો મુદ્રાલેખ-ખ્રિસ્તપ્રભુનો છલ્લોછલ કારુણ્યથી ભરેલો પ્રેમ દરેક ચેતન તત્ત્વમાં પ્રગટાવવો તેમના જીવનનું પરમ ધ્યેય ગરીબોને અપાર પ્રેમથી ચાહવાનો હતો. આમ માર્ટીનનું સમગ્ર જીવન જોતાં ખ્રિસ્ત પ્રભુના પેલા આશ્વાસનરૂપ પરમ શબ્દો તેમને માટે સિદ્ધ થતા 'મારા અદનામાં અદના માનવી માટે જે કઈ કર્યું છે તે મારા માટે જ કર્યું છે.' આમ તેમના સમગ્ર જીવન પરથી જોતા તેઓ ગરીબો માટેના રક્ષક સંત તરીકે ઓળખી શકાય.

ઈ.સ. ૧૮૩૬માં સંત પીટર મહાદેવાલયમાં પોપ ગ્રેગોરી ૧૬માએ બ્રધર માર્ટીનને 'મુબારક પદ'માં મૂક્યા અને 'મુબારક માર્ટીન' તરીકે માન પામવા લાગ્યા આવા સંત માર્ટીનને તેમના જીવન કાર્યો માટે શત શત વંદન.●



**"વેલી'સ બ્લિસ"**

**ડીઝાઈનર સ્ટુડિયો**

**બ્રાઈડલ ગાઉન, બ્રાઈડસ મેઈડ ગાઉન, કમ્યુનિયન ફ્રોક, ડિઝાઈનર વેડિંગ ડ્રેસીસ**

**Geniune and quality customers only**

સંપર્કઃ **પ્રિન્સ મેકવાન** (ફેશન ડિઝાઈનર)

૮-એ, નવજીવન કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧

**મો.: ૮૦૦૦૯ ૫૭૦૮૦ / ૯૭૨૫૨ ૩૯૨૯૨**

**સરજીલભાઈ** **મો. ૯૫૭૪૯ ૫૪૭૮૬**
**૯૯૦૯૪ ૧૫૧૮૦**

**MAA સ્ટીલ ફર્નિચર**

**દરેક પ્રકારનાં દીવાલગોખલાનાં ડ્રેસિંગ કબાટ, અભરાઈ કબાટ, કીચન કબાટ સંતોષકારક બનાવનાર.**

*વડોદરા, પેટલાદ, આણંદ, નડીઆદ બહારગામના ઓર્ડર લેવામાં આવે છે.*

**મકાન વેચવાનું છે**

**સંપૂર્ણ સુવિધાવાળું ડુપ્લેક્ષ તદ્દન નવું બાંધકામ**

**(ફક્ત ખ્રિસ્તી પરિવાર માટે ) પાધરિયા, આણંદ**

**મો. ૯૩૭૬૬ ૯૫૨૫૫**

**મકાન વેચવાનું છે**

ચાર બેડરૂમ, હોલ, કિચન, કાર પાર્કિંગ એરીયા, પોતાના સ્વતંત્ર બોરકૂવો ધરાવતું મકાન વેચવાનું છે. પ્રાર્થના પાર્ક સોસાયટીની પાછળ, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલની નજીક, ચાવડાપુરા

**મો. ૯૪૮૪૬ ૮૮૫૩૧**

# ઈસુસંઘના સૌથી નાની વયના સંત

✍ જેમ્સ બી. ડાભી એસ.જે.

પોલેન્ડ દેશના રૉસ્કોવ શહેરમાં ઈસ્વીસન ૧૫૫૦માં ઈસુસંઘના સૌથી નાની વયના સંત સ્તાનિસલાઉસ કૉસ્કાનો જન્મ થયો હતો. ચાર પુત્રો અને ત્રણ પુત્રીઓના એ કૉસ્કા પરિવારમાં સ્તાનિસલાઉસનો ક્રમ બીજો હતો. કૉસ્કા પરિવાર અગ્રગણ્ય, સન્માનનીય અને સંપત્તિવાન હતું. સ્તાનિસલાઉસના પિતા મોટી વગ ધરાવતા આગેવાન હતા. ધર્મભીરુ માતાપિતાએ પોતાનાં સંતાનોનો ઉછેર કેથોલિક શ્રદ્ધામાં થાય એની ખાસ કાળજી લીધી હતી. તદ્‌અનુસાર સોળેક વર્ષના જયેષ્ઠ પુત્ર પાઉલને અને ચૌદેક વર્ષના બીજા પુત્ર સ્તાનિસલાઉસને ઈસુસંઘીઓએ તાજેતરમાં જ ઑસ્ટ્રીયા દેશના વિયેના શહેરમાં જે કોલેજ શરૂ કરી હતી, તેમાં અભ્યાસાર્થે મૂક્યા. આ કોલેજમાં ઉમરાવ ખાનદાનના દીકરાઓ અભ્યાસાર્થે આવતા હતા.



પહેલા સાતેક મહિનાઓ આ કૉસ્કા બંધુઓ ઘરથી દૂર ઈસુસંઘ સંચાલિત હોસ્ટેલમાં જ રહ્યા. પણ રાજકીય કારણોસર ઈસુસંઘને એ હૉસ્ટેલ બંધ કરવાની ફરજ પડી. મોટાભાઈ પાઉલે તો એક આરામદાયક ઘર ભાડે રાખી લીધું. બંને ભાઈઓએ આ ભાડાના મકાનમાં કોઈની દેખરેખ વિના સ્વતંત્રપણે રહી અભ્યાસ ચાલુ રાખ્યો. સ્તાનિસલાઉસે વિનયન એટલે કે આર્ટ્સના વિષયો રાખ્યા. ઈતર પ્રવૃત્તિમાં તેઓ સંત બાર્બરા ગૃપના સભ્ય પણ બન્યા. સ્તાનિસલાઉસ સ્વભાવે શાંત, મિતાક્ષરી અને ગંભીર હોવાથી અન્યો સાથે બિનજરૂરી ભળવાનું ટાળતા હતા. ખાનદાનને શોભે એવાં પણ સાદાં વસ્ત્રો પરિધાન કરતા હતા. અભ્યાસ તો સખત કરતા હતા. પ્રાર્થનામાં સારો એવો સમય ગાળતા હતા. આવા નિયમિત અને શિસ્તબદ્ધ જીવન જીવતા સ્તાનિસલાઉસની મોટાભાઈ પાઉલે ખીજ પાડી હતી જેસુઈટ. સ્તાનિસલાઉસનું જીવન પાઉલના એશ ઐયાશીવાળા જીવન માટે પડકારરૂપ હતું. પડકાર ઝીલી ના શકાય તો પડકારને કચડી નાખવો પડે. પાઉલે એ જ કરવા માંડ્યું. આ ભાડાના મકાનમાં આ ભાઈઓને રોકટોક કરનાર કોઈ છે નહિ. એટલે પાઉલને તો સ્તાનિસલાઉસની હેરાનગતિ કરવાનો છૂટો દોર મળી ગયો. પાઉલ સ્તાનિસલાઉસને વાગ્બાણ મારતા, ક્યારેક છૂટા હાથનો માર પણ મારતા. લગભગ અઢાર મહિના સ્તાનિસલાઉસે ભારે સતામણી વેઠી. આવી સતામણીથી પોતાની નિયમિતતા અને શિસ્તબદ્ધતા છોડવાને બદલે સ્તાનિસલાઉસની જેસુઈટ બનવાની ઈચ્છા મજબૂત થવા લાગી. મોટાભાઈ જે ખીજથી પજવતા હતા એ જ બનવાની સ્તાનિસલાઉસને ઈચ્છા જાગી.

ઈસ્વીસ ૧૫૬૫માં ડિસેમ્બર મહિનામાં સ્તાનિસલાઉસ ગંભીર રીતે બીમાર પડ્યા. તેઓએ મોટાભાઈ પાઉલને વિનંતી કરી કે પાઉલ તેમને ખ્રિસ્તપ્રસાદ મળે એવી વ્યવસ્થા કરે. એ જમાનામાં ખ્રિસ્તપ્રસાદ માત્ર અઠવાડિયે એકવાર ગ્રહણ કરી શકાતો. ઈચ્છા થાય ત્યારે ખ્રિસ્તપ્રસાદ લઈ શકાય એવું નહોતું. પાઉલને તો એવું જ હતું કે બીમારી ગંભીર નથી એટલે સ્તાનિસલાઉસને ખ્રિસ્તપ્રસાદ આપવાની જરૂર નથી. જોકે ખરું કારણ તો એ હતું કે મકાન માલિક કેથોલિક નહોતા. તેઓ પોતાના મકાનમાં કોઈ કેથોલિક પુરોહિતને ખ્રિસ્તપ્રસાદ લાવવા ના જ દે. સ્તાનિસલાઉસને લાગ્યું કે પાઉલ કોઈ વ્યવસ્થા નહિ કરે, એટલે તેમણે સંત બાર્બરાને વિનંતી કરી કે સંત બાર્બરા પ્રભુને પ્રાર્થના કરે અને સ્તાનિસલાઉસને ખ્રિસ્તપ્રસાદ મળે. એમની વિનંતીના પ્રતિસાદમાં સંત બાર્બરા જાતે બે દેવદૂતો સાથે સ્તાનિસલાઉસની રૂમમાં આવ્યા અને તેમને ખ્રિસ્તપ્રસાદ આપ્યો. આ બનાવ પછી પવિત્ર મારીયા પણ સ્તાનિસલાઉસની મુલાકાતે આવ્યાં. તેમના હાથમાં બાળ ઈસુ હતા. મા મરિયમે સ્તાનિસલાઉસના હાથમાં બાળ ઈસુને મૂક્યા અને તેમને જણાવ્યું કે, તેમણે ઈસુસંઘમાં દાખલ થવાનું છે. મા મરિયમે આપેલા આ દર્શનની વાત સ્તાનિસલાઉસે પોતાના આધ્યાત્મિક માર્ગદર્શન ફાધર દોનીને કરી હતી. આ દર્શન પછી સ્તાનિસલાઉસની તબિયત સુધરી ગઈ અને તેઓ ફરીથી વર્ગો ભરવા લાગ્યા.

સ્તાનિસલાઉસને થયેલાં મા મરિયમનાં દર્શનના પ્રતિસાદરૂપે સ્તાનિસલાઉસ ઈસુસંઘના વિયેના પ્રાંતના ફાધર પ્રોવિન્શ્યલને મળ્યા અને ઈસુસંઘમાં જોડાવાની ઈચ્છા વ્યક્ત કરી. ફાધર પ્રોવિન્શ્યલની ઈચ્છા તો હતી કે સ્તાનિસલાઉસને પ્રવેશ આપે, પણ સ્તાનિસલાઉસનાં માતાપિતાની મંજૂરી આવશ્યક હતી. સ્તાનિસલાઉસે તો જાણતા જ હતા કે તેમનાં માતાપિતા મંજૂરી નહિ જ આપે. એટલે સ્તાનિસલાઉસે એક પોર્ચુગીસ જેસુઈટની સલાહ લીધી. આ પોર્ચુગીસ જેસુઈટે સ્તાનિસલાઉસને જર્માનીના પ્રોવિન્શ્યલ ફાધર પીતર કાનીસને મળવાનું સૂચવ્યું. એટલે સ્તાનિસલાઉસ ૧૦મી ઑગસ્ટ ૧૫૬૭ના રોજ સવારે પરમપૂજામાં ભાગ લીધા પછી નાસ્તો કરવાનું ટાળી પોતાના આધ્યાત્મિક માર્ગદર્શક પાસેથી ભલામણપત્ર લઈ આવ્યા અને પછી તેમણે વિયેના શહેર છોડી દીધું. જેવી વિયેના શહેરની સરહદ વટાવી કે તેમણે યાત્રિકની કંથા પહેરી લીધી અને હાથમાં લાકડી લઈ લીધી. ભાગી છૂટેલા નાના ભાઈ પર ક્રોધથી ધૂઆંપૂઆં મોટાભાઈ પાઉલ તેમને શોધવા નીકળી પડ્યા. પાઉલે સ્તાનિસલાઉસને પકડી પાડ્યા, પણ યાત્રિકના વેશમાં સ્તાનિસલાઉસને તેઓ ઓળખી ન શક્યા. પાઉલ ખાલી હાથે પાછા ફર્યા.

સ્તાનિસલાઉસનો વિયેના શહેરથી જર્મની દેશના ઑગ્સબર્ગ શહેર સુધીનો પંદર દિવસનો પગપાળા પ્રવાસ હતો. રસ્તે ભિક્ષા માગીને પેટ ભર્યું અને રાત્રે ખેતરોમાં નીંદર લીધી. ઑગ્સબર્ગ શહેર પહોંચ્યા ત્યારે સ્તાનિસલાઉસને જાણવા મળ્યું કે ફાધર પ્રોવિન્શ્યલ પીતર કાનીસ તો મુલાકાત માટે ડીલીન્ગન શહેર ગયા છે. ઑગ્સબર્ગથી ડીલીન્ગન એક દિવસનો પગપાળા પ્રવાસ. સ્તાનિસલાઉસને ચાલવાનું જારી રાખ્યું અને લગભગ ૬૦૦ કિલોમીટરનો પગપાળા પ્રવાસ કર્યો, માની લો ને અમદાવાદથી મુંબઈ નેશનલ હાઈવે પર. પ્રોવિન્શ્યલ પીતર કાનીસની મુલાકાત થતાં સ્તાનિસલાઉસે પેલો ભલામણપત્ર આપ્યો. ફાધર પ્રોવિન્શ્યલ પારખી ગયા કે આ ટીનએજરને પ્રભુની હાકલ થઈ છે, એટલે તેઓ સ્તાનિસલાઉસને ઈસુસંઘમાં જર્મની પ્રાંતમાં પ્રવેશ આપવા રાજી થયા. સ્તાનિસલાઉસને લાગ્યું કે જર્મની દેશ પોતાના દેશ પોલેન્ડની ખૂબ નજીક છે, એટલે તેમના પિતાની વગ જર્મની સુધી ચાલી શકે. પિતા તેમને ઈસુસંઘમાંથી પાછા ખેંચી જાય તો ? તેથી સ્તાનિસલાઉસે દૂર રોમમાં ઈસુસંઘમાં દાખલ થવાની વિનંતી કરી. ફાધર પ્રોવિન્શ્યલ સંમત થયા. અન્ય બે અરજદારો થોડા સમય પછી રોમ જવાના હતા. તેઓની સાથે સ્તાનિસલાઉસને રોમ મોકલવાનું નક્કી થયું. આ પ્રતીક્ષાના સમય દરમ્યાન ડીલીન્ગનમાં અભ્યાસ કરતા ઉમરાવ કુટુંબના પુત્રોના ભોજનખંડમાં સ્તાનિસલાઉસ સેવા આપે એવું પણ નક્કી થયું. આ કાર્ય સોંપણી દ્વારા સ્તાનિસલાઉસની ચકાસણી કરવાનો પણ હેતુ હતો. આખરે સપ્ટેમ્બર મહિનામાં બે અરજદારો સાથે સ્તાનિસલાઉસે રોમનો ૧૫૦૦ કિલોમીટરનો પગપાળા પ્રવાસ શરૂ કર્યો.

ત્રણેય અરજદારો ૨૫મી ઓક્ટોબર ૧૫૬૭ રોજ રોમ આવી પહોંચ્યા અને ફાધર જનરલ ફ્રાન્સિસ બોર્જિયાને મળ્યા. સ્તાનિસલાઉસે તેમને વિષે ફાધર પ્રોવિન્શ્યલ પીતર કાનીસે લખેલો પત્ર ફાધર જનરલને આપ્યો. સ્તાનિસલાઉસનું નોવિશ્યેટ શરૂ થઈ ગયું. નોવિશ્યેટ એટલે ઈસુસંઘમાં ઉમેદવારીનાં બે વર્ષનો ગાળો. તેઓ માત્ર દસ જ મહિના નોવિશ્યેટમાં જીવ્યા.

ઈસવીસન ૧૫૬૮ના ઑગસ્ટ મહિનાની શરૂઆતમાં સ્તાનિસલાઉસને અણસાર આવી ગયો કે તેઓ ૧૫મી ઓગસ્ટના રોજ મૃત્યુ પામશે. ૯મી ઓગસ્ટ ૧૫૬૮ના રોજ સ્તાનિસલાઉસે મા મરિયમને એક પત્ર લખ્યો કે મા મરિયમ તેમને સ્વર્ગમાં લઈ જાય, જેથી મા મરિયમના ઉદ્‌ગ્રહણનું પર્વ તેઓ સ્વર્ગમાં ઉજવી શકે. આ પત્ર તેમના ખિસ્સામાંથી મળી આવ્યો. ૧૦મી ઓગસ્ટના રોજ તેઓને મેલેરિયાનો તાવ ચઢ્યો. એમની બીમારી કોઈને ગંભીર ના લાગી. ૧૪મી ઓગસ્ટે તો તેઓએ તેઓની સેવાસુશ્રૃષા કરતા બ્રધરને જાણ કરી કે આવતીકાલે એટલે કે ૧૫મી ઓગસ્ટે તેઓ મૃત્યુ પામશે. બ્રધરે પણ આ માહિતીને ગંભીર ન ગણી. ૧૪મી ઓગસ્ટની બપોરે સ્તાનિસલાઉસની તબિયત એકદમ બગડી ગઈ. તેમની સંભાળ રાખતા બ્રધરે તેમને માટે ખ્રિસ્તપ્રસાદની વ્યવસ્થા કરી. પોતાના નોવિસ સાથીઓની હાજરીમાં સ્તાનિસલાઉસે છેલ્લીવાર ખ્રિસ્તપ્રસાદ ગ્રહણ કર્યો. તેમને માંદાઓનો સંસ્કાર પણ આપવામાં આવ્યો. તેઓએ સહુ સાથે આનંદપૂર્વક ગપસપ કરી. જેવા બધા ઈસુસંઘીઓ ચાલ્યા ગયા કે સ્તાનિસલાઉસે પોતાની અંગત પ્રાર્થના શરૂ કરી. તેઓએ વિનંતી કરી કે તેમને જમીન પર સુવડાવવામાં આવે. સ્નાનસંસ્કાર આપ્યા પછી બાળકને રોટીના રૂપમાં હાજર પ્રભુ ઈસુ સમક્ષ ભોંય પર સુવડાવવાનો રિવાજ હતો. આ પ્રક્રિયા દ્વારા બાળકને જાણે કે પ્રભુને અર્પણ કરવામાં આવતું. ૧૫મી ઓગસ્ટના સવારના ત્રણેક વાગ્યે તેઓએ પ્રાર્થના અટકાવી દીધી. તેમના ચહેરા પર આનંદ પ્રસરી ગયો. તેઓએ તેમની સાથે હાજર પુરોહિતોને બતાવ્યું કે મા મરિયમ, સ્વર્ગના દૂતો અને સંતોની સાથે, તેમની પાસે આવી રહ્યાં છે. આમ, મા મરિયમના ઉદ્‌ગ્રહણના પર્વના રોજ સ્તાનિસલાઉસના માત્ર અઢાર વર્ષના ટૂંકા જીવનનો અંત આવ્યો.

તેમના મૃત્યુ પછી માત્ર છત્રીસમા વર્ષે જ તેમને પુણ્યવંત જાહેર કરવામાં આવ્યા. આટલા ઓછા સમયમાં આવું બહુમાન પ્રાપ્ત કરનાર તેઓ પ્રથમ ઈસુસંઘી છે. વડાધર્મગુરુ બેનેદિક્ત તેરમાએ ૩૧મી ડિસેમ્બર ૧૭૨૬માં સ્તાનિસલાઉસને સંત જાહેર કર્યા. સંત સ્તાનિસલાઉસ ઈસુસંઘી નોવિસોના રક્ષકસંત છે. હે સંત સ્તાનિસલાઉસ, અમારા ઈસુસંઘને નૉવિસોની ભેટ મળે એવી પ્રભુને વિનંતી કરો !●




**બ્રાઈડ એન્ડ બ્રાઈડલ્સ**

- આકર્ષક ઈમ્પોર્ટેડ વેડિંગ ગાઉન મળશે.
- ડિઝાઈનર વેડિંગ ગાઉન, ફલાવર ગર્લ્સ ડિઝાઈનર-ફ્રોક, ગાઉન, ફર્સ્ટ કમ્યુનિયન અને બેપ્ટિસમ-ડિઝાઈનર ફ્રોક, ગાઉન બનાવનાર.

ચંદ્રનિલય સૂર્યનગર સોસાયટી, સેંટ ઝૅવિયર્સ રોડ, આંણદ.
Parul Macwan 98798 57797, 97277 04125

**Neal Tours & Travels**

Maninager, Ahemedabad

**પ્રવાસ ૧ :** SRI LANKA, Special tour, december- 6 - 20/18
5 Night 6 Days, Rs. 39900.00/-
જોવા લાયક સ્થળો :
(A) CANDY 1N (B) Nuvar Aliya 2N
(C) Bentota 1N (D) Colombo 1N
● ચેન્નાઈ - Colombo Air Tickets ● Visa ● ૩ તથા ૪ સ્ટાર હોટલમા રોકાણ
● B/F + Dinner. ● All S/S By A.C. 2x2 Lugury Bus.

**પ્રવાસ ૨ :** દિલ્હી - હરિદ્વાર - દહેરાદૂન - મસુરી - રૂષિકેશ - વૃંદાવન-આગ્રા-ગોકુલ મથુરા
જતા વિમાન વળતા રેલવે
7 Days. 9500/- ઉપ. તા. Nov. 30 - December.

**પ્રવાસ ૩ :** દિલ્હી - સિમલા - મનાલી - ડેલહાઉસી(ખજીયાર) - અમૃતસર
જતા વિમાનમાં વળતાં રેલવેમાં
9N-10 Days. ૧૧ તથા ૧૪ Nov. તથા Dec. Rs. 20500/-

**પ્રવાસ ૪ :** મુંબઈ દર્શન
જતા વિમાન વળતા રેલવે, Rs. 5500/-
1N + 2 Days. S/S, B/F + Dinner. દિવાળી રજામાં તથા December-18

પાસપોર્ટ + વિઝા + રેલવે ટિકિટ તથા
Inten Tickets વ્યાજબી દરે કરી આપવામાં આવશે.

**સંપર્ક : 85114 41975 / 75728 77648**
**neal13@live.com**

# સંવાદ - રવિવાર

✍ **ફાધર અશોક વાઘેલા એસ.જે.**

**(૧૮ નવેમ્બર સંવાદ રવિવાર નિમિત્તે)**

આમ તો, વડાધર્મગુરુ ફ્રાન્સિસ દર વર્ષે મે મહિનામાં પવિત્ર આત્માના અવતરણના આગલા રવિવારે સંવાદ રવિવાર માટેનો સંદેશ સમગ્ર વિશ્વને મોકલતા હોય છે. ભારતમાં કેથોલિક ધર્મસભા ૧૮મી નવેમ્બરે સંવાદ - રવિવાર તરીકે ઉજવશે.

૨૦૧૮ના વર્ષ માટે વડાધર્મગુરુ 'શાંતિ માટેનું પત્રકારત્વ' શિર્ષક હેઠળ આપણને નકારાત્મક કે જૂઠા સમાચારોથી સાવચેત રહેવા જણાવે છે. સત્ય જ તમને મુક્તિ આપશે. (યોહાન ૮-૩૨)ને ટાંકીને પોપ ફ્રાન્સિસ આ ભ્રામક, છેતરામણું કે જૂઠા સમાચાર શું છે ? તે વિશે આપણને વિચારવા હાકલ કરે છે, અને સત્યને પારખી તેનો સ્વીકાર કરવા આહ્‌વાન કરે છે.

સંવાદ એ આપણી વચ્ચેના સંબંધને ઓળખવા, અનુભવવા અને તેના વિકાસ માટે જરૂરી છે. સંવાદ સાધવાથી આપણી દુનિયા અન્ય સુધી પહોંચે છે, અને બહારની દુનિયા આપણને મળે છે. પણ જો સંવાદની આ પ્રક્રિયામાં ક્યાંય પણ સ્વાર્થ અને પોતીકો ફાયદો ઘૂસી જાય તો તે આપણને સત્યથી દૂર થઈ જઈ શકે. આજની ઝડપથી બદલાતી દુનિયામાં સત્યથી વેગળા - જૂઠ્ઠાણું ફેલાવતા સમાચારનો પ્રચાર પ્રસાર વધી ગયો છે. આપણને અનેક રીતે હાનિ પહોંચાડનાર આ દુષણથી સભાન થવું - આપણા પોતાના જીવન અને વિકાસ માટે ઘણું જરૂરી છે.

આમ જોવા જઈએ તો સાચી માહિતી આપવાને બદલે જૂઠ્ઠાણાં ફેલાવતા માધ્યમો ઘણું ઝડપથી ભ્રામક જગત રચે છે. કોઈક ઘટના, બનાવ કે સમાચારમાં બનાવટી કે ભ્રામકતાથી ભરપૂર માહિતીને કોઈક હેતુસર મરડીને રજૂ કરવામાં આવે ત્યારે આપણને મળતી વિગતો સત્યથી ઘણી ફંટાયેલી હોય છે. આપણને સત્ય વાતની ખબર જ નથી પડતી અને મારી મચેડીને કહેવામાં આવેલી વાતને આપણે સાચી માની લઈએ છીએ. આને લીધે માહિતી ગ્રહણ કરનાર વ્યક્તિ ગેરમાર્ગે દોરાય છે. આવી રીતે જે લોકો માહિતીને જૂઠ્ઠાણાંથી રંગી દે છે તે લોકોના મનમાં કોઈક છૂપો આશય હોય છે. આ માટે માનવીય લાગણીઓને ઉશ્કેરવામાં આવે છે, જેના લીધે લોકોમાં ખોટા સમાચારો વાયુવેગે ફેલાઈ જાય છે. દા.ત. બાળકોને ઉપાડી જતા લોકો વિશે બીજા દેશનો વીડિયો બતાવવો તેવા શંકાસ્પદ લોકો તરફ આંગળી ચીંધતો વીડીયો જોયા બાદ ઘણી જગ્યાએ કેટલાયે લોકોને ટોળાનાં ગુસ્સાનો ભોગ બનવું પડે છે અને કેટલાકે જીવ પણ ગુમાવ્યા છે.

ઘણીવાર ભ્રામક સમાચાર એટલા તો સાચા લાગે છે કે સામાન્ય માનવીને તેમાં કોઈએ અડપલું કર્યું હોય તેવો ખ્યાલ પણ ન આવે આવા સમાચાર બીજા સુધી પહોંચાડવા આપણે સૌ તત્પર હોઈએ છીએ કેમ કે, આવા જૂઠ્ઠાણાં યુક્ત સમાચાર સનસનાટી ફેલાવતા હોય છે. કહે છે ને કે અફવાને કશું અડે નડે નહીં, એ તો જંગલમાં ફેલાતા દાવાનળની જેમ ચોફેર ફેલાતા રહે.

ઘણાં લોકો આપણા મનની બની બેઠેલી ધારણાઓ, પૂર્વગ્રહો, માન્યતાઓ, ચિંતા, ગુસ્સો, હતાશા, તિરસ્કાર, અસલામતી વગેરે લાગણીઓને ઉશ્કેરે છે અને એટલે આપણે જાણે અજાણ્યે સમગ્ર પ્રક્રિયાના ભાગરૂપ બની જઈએ છીએ. એમાં પણ વિશેષ સોશ્યલ નેટવર્કને લીધે માહિતીની આપ-લે વધારે સહેલી અને ઝડપી બનવાને કારણે ભ્રામક સમાચારો વાયુવેગે ફેલાતાં રહે છે. સોશ્યલ નેટવર્ક દ્વારા આપણે આપણી જેમ વિચારતા, માન્યતા ધરાવતા, સમાન ધર્મી, શિક્ષણ કે સમાન રસવાળા લોકોના જૂથમાં વહેંચેલા છીએ આવા જૂથોમાં આવતા અને વહેતા મૂકાયેલા સંદેશાઓને આપણે સાચા માની લઈએ છીએ. કેમકે આપણાંમાના જ કોઈક તેને આપણા સુધી લાવેલ હોય છે. આપણે આ માની બેઠેલ સાચી માહિતીને ગણતરીની પળોમાં જ તેની સત્યતાની ચકાસણી કર્યા સિવાય એવા અન્ય જૂથોમાં અને મિત્રોમાં વહેંચી દઈએ છીએ - એકવાર આવી માહિતી આપણા દ્વારા અન્ય સુધી ગતિ કરે પછી તે આપણા હાથમાં રહેતી નથી.

તો આવા ભ્રામક સમાચારને ઓળખવા કેવી રીતે ?

આપણી વચ્ચે ફેલાતા ભ્રામક સમાચારને ઓળખવા સહેલા નથી. અમુક પ્રકારના વિવિધ માનસિક અને વૈચારિક દાખલા - દલીલોથી જૂઠી વાતને મારી મચેડીને સત્ય તરીકે રજૂ કરવામાં આવે છે. જૂઠ્ઠાણાં ધીમે પગલે માનવમનમાં ઘર કરી જાય છે. અને એમ જૂઠનું સામ્રાજ્ય રચાય છે. આ જૂઠના પરીબળ સામે અનેક સંસ્થાઓ દ્વારા સુંદર પ્રયાસ થઈ રહ્યા છે. વિશેષ કરીને મીડિયા વિશે સભાનતા કેળવવાની કાર્યશિબિરો અને યુવાવર્ગને ધ્યાનમાં રાખીને ચર્ચા ચોરો અને પરિસંવાદ યોજવામાં આવે છે. જેથી વિશેષ રીતે સોશ્યલ મીડિયામાં સૌથી વધુ સક્રિય યુવા પેઢી આ બાબતથી સભાન થઈને યોગ્ય પગલાં લઈ શકે.

એવા તો કેટલાયે દાખલાઓ આપી શકાય કે જ્યાં આપણી લાગણીને ઉશ્કેરી અમુક તત્વો જૂઠ્ઠાણાંની જાળ ઊભી કરી દે છે. હજીયે વોટ્સએપ પર પોપ ફ્રાન્સિસ માટે પ્રાર્થના કરવાનું આહ્‌વાન કરવામાં આવે છે. કેમ કે, તેમને અમુક કોમના ત્રાસવાદીઓ મારી નાખવા નીકળી પડ્યા છે. વિચારશીલ વ્યક્તિઓ આ સમાચારોને વાંચી તેમાંથી સત્ય તારવવાની કોશિશ કરે છે અને સત્ય સુધી કદાચ ન પહોંચાય તો પણ ખાતરી ન હોવાથી તે ભ્રામક અને ભડકાઉ સંદેશને અન્ય સુધી પહોંચાડતા નથી.

સત્ય સુધી પહોંચવા સૌ પ્રથમ તો 'નીર-ક્ષીર વસ્તુ વિવેક' અપનાવવું પડે ચારેય બાજુ ઘણા બધા પ્રમાણમાં ભ્રામક બાબતોના વિવિધ વલયોમાંથી સત્યબિંદુ સુધી પહોંચવાનું સહેલું નથી હોતું. એટલે જ, સ્થિતપ્રજ્ઞ રહીને સ્પષ્ટ ચિત્ર મળે ત્યાં સુધી પ્રયત્નો કરતા રહેવું પડે આવે વખતે લાગણી પર કાબૂ ધરાવી, મળેલ માહિતીની ચકાસણી વગર ઘણાં બધાને મોકલવાની પ્રવૃત્તિ પર અંકુશ રાખવો પડે. તથ્યની ખબર પડે પછી જ કોને પ્રસ્તુત માહિતી આગળ

મોકલવી કે પછી જે તે વ્યક્તિને યોગ્ય પ્રત્યુત્તર પાઠવવાનું પગલું ભરવું જોઈએ. આમ કરવાથી સત્ય વૃદ્ધિ પામશે અને છેતરામણાં સમાચારો અટકશે.

આમ જોવા જઈએ તો સર્જનની કથામાં સાપ આવીને પોતાની દલીલોથી સ્ત્રીને ભોળવે છે. તેને સત્યથી દૂર લઈ જાય છે અને એટલે, જે અસત્ય છે તે વધારે લલચામણું લાગે છે. આમ, સત્યસ્વરૂપ પરમેશ્વરની વિરુદ્ધ દિશામાં માનવની ગતિ શરૂ થાય છે. સમગ્ર માનવજાતની દિશા અને દશા આ જૂઠ્ઠાણાંના માધ્યમથી ફરી જાય છે.

ભ્રામક કે જૂઠ્ઠા સમાચાર માનવીની લોભવૃત્તિમાંથી જન્મે છે. અન્ય કરતાં એક ડગલું આગળ રહેવાની લોભી પ્રકૃતિને કારણે આપણને સત્યથી દૂર લઈ જતી માહિતી વધારે પ્રોત્સાહિત કરે છે. જાણે-અજાણ્યે આપણે પેલા ધસમસતા પ્રવાહને વશ થઈ જઈએ છીએ. આવી બાબતો ફેલાવતાં તત્ત્વો ઘણી વખત સત્તા, પૈસા અને પ્રશંસા માટે કામ કરતાં હોય છે. આપણે તેમના હાથા બની જઈએ છીએ. આપણી પોતીકી સ્વતંત્રતા ખોઈ બેસીએ છીએ. એટલે જ, પોતાના મનની સ્વતંત્રતા જાળવી રાખવા વિવેકબુદ્ધિ પોતાની ઈચ્છાને પારખવાની દૃષ્ટિ અને રજૂ થયેલ માહિતીને ચકાસવાની વૈચારિક શક્તિ કામે લગાડવી જરૂરી છે. સ્વથી પર સુધીની આપણી યાત્રા વધુ ફળદાયી બને તે માટે સંચાર-માધ્યમોનું શિક્ષણ જરૂરી થઈ પડે.

સત્ય જ આપણને મુક્તિ અપાવશે.

ઘણી વખત આપણે ચારે બાજુથી આવતા સમાચારો અને માહિતીથી એવા ઘેરાઈ જઈએ છીએ કે સાચું શું છે તે વિશે વિચાર કરવાનો પણ વિચાર નથી કરી શકતા. એટલે, ઘણી વખત આપણે પોતે પણ દિલમાં ઉઠતા સત્યના સૂરને દબાવી દઈએ છીએ. સ્વ માટે અને અન્ય માટેનુ માન ગુમાવી દઈએ છીએ. આ માનના અભાવે પ્રેમના અનુભવથી દૂર જઈએ છીએ. સ્વ અને પાડોશી પ્રેમને વધુ પ્રજ્વલિત કરવા પોતાની જાતને સતત પ્રયત્નશીલ રાખવી પડે. વાસ્તવિકતાને બહાર લાવવાની પ્રવૃત્તિ જ નહીં પણ, સાચું અને સારું શોધવાની પ્રવૃત્તિમાં માનવજીવનને ઉજાગર કરવાની વૃત્તિ મનમાં જીવંત હોવી જોઈએ. સત્ય કોઈને તોડી પાડવા કે અમાનવીય રીતે વર્તવા ન જ હોઈ શકે.

આજના જમાનામાં જ્યાં સ્વાર્થવૃત્તિ કે સ્વને કેન્દ્રમાં રાખવાનો મહિમા છે. ત્યાં સૌ સાથે એક કુટુબની ભાવના વિકસે તેવા પ્રયત્નો જ આપણને સત્ય તરફ દોરશે. આપણા દૈનિક જીવનમાં, આપણાં મન-વચન અને કર્મથી જો આપણે આ વસુધૈવકુટુંબકમની હકારાત્મક ભાવના વિકસાવીશું તો આપોઆપ સત્ય તરફ આપણી યાત્રાને વેગ મળશે જ. સત્યના પાયા પર રચાયેલ સંબંધો જ સુવાસ ફેલાવશે.

ટૂંકમાં :- જે તે સમાચાર કે માહિતીને તેના પરિણામથી ઓળખી શકાય. થોડીકવાર થોભી, આપણી આગળ ધરવામાં આવેલ સમાચાર - માહિતીને મૂલવવાની જરૂર છે. જો આ માહિતી કોઈપણ રીતે ભાગલા પાડવામાં, કોઈનું માનવીય ગૌરવ હરી લેવામાં અને નકારાત્મકતા ઊભી કરવા તરફ દોરતી હોય તો, ચેતી જવાની જરૂર છે. માહિતીનું યોગ્ય પૃથ્થકરણ કર્યા બાદ જ તેનો સ્વીકાર કરવાની કાં તો ફેલાતી અટકાવવાનો નિર્ણય લેવો જોઈએ. આપણે જે તે માહિતી પ્રસારમાં સહયોગ આપતા હોઈએ તે દ્વારા સાચો વિકાસ, વૈચારિક શક્તિ અને સબળ સંવાદ ઊભાં થતાં હોય તો આપણો પ્રયત્ન યોગ્ય છે એમ માનવું. આપણી માહિતી આપ-લેની પ્રવૃત્તિ દ્વારા માનવકુટુંબ રચાતું હોય તો વધુ ખંતથી આગળ વધવું જોઈએ.

શાંતિ અને એકતા તરફના આપણા પ્રામાણિક પ્રયાસો જ વૈશ્વિક સંવાદ અને સુંદર સમાજ રચી શકે. આપણે સૌ વ્યક્તિગત રીતે આ ભગીરથ કાર્યમાં યોગદાન આપીએ તો સર્વ હકારાત્મક પરીબળો અને ઈશ્વર આપણી પડખે રહેશે જ તેની ખાતરી નક્કી. માનવીય મૂલ્યો થકી આપણું વર્તમાન અને ભવિષ્ય વધુ ઉજ્જવળ દિશા ભણી દોરાય તેવી આશા.

'હે પ્રભુ અમને શાંતિ - સત્યના વાહકો બનાવો.'●


**ટેનામેન્ટ ટાઈપ મકાન વેચવાનું છે**

**આરાધના સોસાયટી - પેટલાદ, સુણાવ રોડ.**

**Area : 1200 Sq.Ft.**

**સંપર્ક : સુનિલભાઈ ચિમનભાઈ પરમાર, મુંબઈ**

**મો. ૯૮૯૨૮૩૬૨૨૪**

**ડુપ્લેક્ષ મકાન વેચવાનું છે**

**ટી.પી. ૧૩, છાણી જકાતનાકા, વડોદરા**

**૨૪ કલાક પાણીની સુવિધા સાથે શાંત વિસ્તારમાં.**

**સંપર્ક**

**મો. ૯૯૨૪૭ ૯૫૭૦૦ / ૭૨૨૭૦ ૦૧૮૦૦**



**શેરોન** વેડિંગ ડ્રેસ ડિઝાઈનર

ક્રિશ્ચિયન લગ્ન માટે પંદર વસ્તુઓનું પેકેજ
ફર્સ્ટ કમ્યુનિયન માટે મેક્ષી, નેટ, ક્રાઉન, ગ્લોઝ
મેક્ષી, ડાયમંડ સેટ, ક્રાઉન અને બૂકે મળશે.

શ્રીકૃષ્ણ ચોક, જૂનો સરપંચનો વાડો, બાકરોલ, તા.જિ. આણંદ

**પરવીન એસ.:** 'ઈવાઝ'ના સ્પેશ્યલ કારીગર
મો. ૯૬૨૪૩ ૬૦૬૮૯ / ૯૯૯૮૧ ૧૩૫૦૩

*બહારથી આવનારે એપોઈન્ટમેન્ટ લેવી. મેક્ષી હોલસેલ ભાવે બનાવી આપવામાં આવશે.*
*તદ્દન નવા સ્ટોકમાં, ઈમરજન્સી ઓર્ડર લેવામાં આવશે.*

**ફ્લેટ વેચવાનો છે**

**સિયોન નગર, મણિનગર(પૂર્વ), અમદાવાદ - ૩૮૦૦૦૮**

**2 BHK, પહેલો માળ, સંપૂર્ણ હવા-ઉજાસ.**

**દલાલ માફ**

**મો. ૯૫૫૮૩ ૯૯૩૪૧**

પધારો અમારે આંગણે... વડતાલ ધામમાં... હાર્દિક આમંત્રણ...

# ઈસુના પૂજ્ય હૃદયની ૨૧મી સામૂહિક યાત્રા



**: નવસંધ્યા ભક્તિ :**

**તા. ૨/૧૧/૨૦૧૮ થી ૧૦/૧૧/૨૦૧૮**

**રોજ સાંજે ૫.૩૦ કલાકે**


**પર્વ દિન : ૧૧ નવેમ્બર ૨૦૧૮, રવિવાર**

**સવારે ૯:૦૦ કલાકે ભવ્ય સરઘસ**

**(વડતાલ ચોકડી થી દેવાલય સુધી)**

**પરમયજ્ઞ : સવારે ૧૦:૦૦ કલાકે**

**(પૂજ્ય ધર્માધ્યક્ષશ્રી રત્નાસ્વામીના પાવન હસ્તે)**



## અગ્નેલ બાબાની ૯૧મી પુણ્યતિથિ ૨૦ નવેમ્બર, ૨૦૧૮
## વડતાલ તાબામાં ઉજવણી તા. ૧૮/૧૧/૨૦૧૮, રવિવાર

**ત્રિસંધ્યા ભક્તિ : તા. ૧૫, ૧૬, ૧૭ (સાંજના ૫:૩૦ કલાકે)**

**વિશેષ પરમયજ્ઞ : તા. ૧૮/૧૧/૨૦૧૮ (બપોરે ૩:૦૦ કલાકે)**

વ્હાલા અગ્નેલ ભક્તો,

ચાલુ સાલે અગ્નેલબાબાની ૯૧મી પુણ્યતિથિ તા. ૨૦/૧૧/૨૦૧૮ને મંગળવારના રોજ આવે છે. જાહેર રજા ન હોવાને કારણે અગ્નેલ ભક્તો ભક્તિમાં ભાગ ન લઈ શકે, પરંતુ સૌ ભક્તો સાથે મળી ૯૧મી પુણ્યતિથિ ઊજવી શકીએ એ હેતુથી તા. ૧૮/૧૧/૨૦૧૮ને રવિવારના રોજ બપોરના ૩.૦૦ કલાકે પરમયજ્ઞ તથા અગ્નેલબાબાની ભક્તિ દ્વારા ઉજવણી કરવાનું આયોજન કરેલ છે. સૌ ભક્તોને આ ઉજવણીમાં ભાગ લેવા હાર્દિક આમંત્રણ.

**વડતાલ ધર્મપરિવાર**

**અગ્નેલ ધામ, ઈસુના પૂજ્ય હૃદયનું દેવાલય, વડતાલ**



# કિશોરમિત્ર


## નવેમ્બર ૨૦૧૮

"બાળકોને મારી પાસે આવવા દો. એમને રોકશો નહિ; કારણ ઈશ્વરનું રાજ્ય એમનાં જેવાંઓનું જ છે." (માથ્થી ૧૯ : ૧૪-૧૫)

કિશોર મિત્રના સૌ વાંચકો - ચાહકોને બાળ દિનની શુભેચ્છા.

### ઈસુ - રાજ રાજેશ્વર

વડાધર્મગુરુ પોપ પિયુષ ૧૧માએ વર્ષ ૧૯૨૫માં 'ઈસુ - રાજરાજેશ્વર' પર્વની સ્થાપના કરી હતી. થોડા વર્ષો પહેલા આ પર્વ 'ઈસુ રાજાનો તહેવાર' તરીકે ઓળખવામાં આવતું હતું. વર્ષના સામાન્ય કાળના છેલ્લા રવિવારે સમગ્ર ધર્મસભા આ પર્વની હોંશભેર ઉજવણી કરે છે. આ પર્વ પછીના અઠવાડિયાથી આગમન ઋતુનો પ્રારંભ થાય છે અને સમગ્ર વિશ્વ બાળ ઈસુના જન્મની તૈયારીમાં લાગી જાય છે.




ઈસુ આપણા રાજા છે. સમગ્ર વિશ્વના રાજા છે. જ્યારે પ્રભુ ઈસુના દુન્યવી જીવનના અંતિમ સમયે તેમની ધરપકડ કરી પિલાત સમક્ષ હાજર કરવામાં આવ્યા ત્યારે ઈસુ પર એક આરોપ મૂકવામાં આવ્યો હતો કે તેઓ પોતાને ઈઝરાયેલના રાજા તરીકે જાહેર કરે છે. પિલાત ઈસુને પ્રશ્ન કરે છે, 'તું યહુદીઓનો રાજા છે ?' ત્યારે ઈસુ જવાબ આપે છે. 'તમે કહો છો કે હું રાજા છું. હું જન્મ્યો છું જ એટલા માટે, અને જગતમાં આવ્યો છું જ એટલા માટે કે, સત્યની સાક્ષી પૂરું. જે કોઈ સત્યપરાયણ છે તે મારી વાત સાંભળે છે.' અને પિલાત સમક્ષ ઈસુ જાહેર કરે છે, 'મારું રાજ્ય આ દુનિયાનું નથી.' (નોંધ : આ પ્રસંગ વાંચો - સંપૂર્ણ બાઈબલ : યોહાન ૧૮:૩૩-૩૭)

ઈસુનું રાજ્ય આપણે વિચારીએ છીએ એવું દુન્યવી રાજ્ય નથી. દુનિયાના રાજવીઓની જેમ પ્રભુ ઈસુના રાજ્યની સીમાઓ નથી. તેમનું રાજ્ય તો ચારે દિશાઓમાં ફેલાયેલું છે. જ્યાં જ્યાં માનવ વસવાટ છે ત્યાં ત્યાં ઈસુનું રાજ્ય આવેલું છે. તેમના રાજ્યના ફેલાવા માટે સરહદ કે સીમાડા નડતાં નથી. જ્યાં જ્યાં માનવતા, સત્ય અને ધર્મની આણ વર્તે છે ત્યાં ત્યાં ઈસુનું રાજ્ય હોય છે. ઈસુના સ્વર્ગારોહણ સમયે તેમને આકાશમાં ઊંચકી લેવામાં આવ્યા પછી પ્રગટ થયેલ બે દેવદૂતોએ કહ્યું હતું, 'આ ઈસુ જેમને તમારી પાસેથી સ્વર્ગમાં લઈ લેવામાં આવ્યા છે, તેઓ તમે એમને જે રીતે સ્વર્ગમાં જતા જોયા છે, એ જ રીતે પાછા આવશે.' (પ્રેષિતોનાં ચરિતો : ૧ : ૯-૧૧) આમ આપણો વિશ્વાસ છે કે અંતિમ દિવસે પ્રભુ ઈસુ રાજવી તરીકે પધારશે અને દુનિયાનો ન્યાય તોળશે.

### રાજ રાજેશ્વરની પ્રતિમા :

વહાલા કિશોરમિત્રો, વિશ્વમાં અનેક ઠેકાણે પ્રભુ ઈસુની મનમોહક પ્રતિમાઓ સ્થાપાયેલ છે. બ્રાઝીલ દેશમાં રિયો દે જનેરો શહેરમાં આવેલ 'તારણહાર ઈસુ' (Christ the Redeemer)ની પ્રતિમા જગપ્રસિદ્ધ છે અને વિશ્વની સાત અજાયબીઓમાં સ્થાન પામેલ છે.

પરંતુ 'રાજ રાજેશ્વર ઈસુ' (Christ the King) ની વિશ્વની સહુથી ઊંચી પ્રતિમા પશ્ચિમી પોલેન્ડમાં સ્વાઈબોડઝીન શહેરમાં આવેલ છે. કોન્ક્રીટ અને ફાઈબર ગ્લાસથી બનેલ આ પ્રતિમાના ઈસુના શરીરની લંબાઈ ૩૩ મીટર (૧૦૮ ફૂટ) રાખવામાં આવેલ છે. પ્રભુ ઈસુનું દુન્યવી જીવન ૩૩ વર્ષનું હતું. તેને અનુલક્ષીને ૩૩ મીટરની લંબાઈ રાખવામાં આવેલ છે. ૧૬.૫ મીટર (૫૪ ફૂટ) ના એક ખડક પર આ પ્રતિમા ઊભી કરવામાં આવી છે. આ પ્રતિમા રિયો દે જનેરો શહેરમાં આવેલ 'તારણહાર ઈસુ'ની પ્રતિમા કરતાં ૩ મીટર (૯.૮ ફૂટ) વધુ મોટી છે. પોલેન્ડનના એક પુરોહિત ફાધર સિલવેસ્ટરે આ ભવ્ય પ્રતિમા બનાવવાનું સ્વપ્ન સેવ્યું હતું. તેમના અથાક પ્રયત્નો પછી વિશ્વની પ્રભુ ઈસુની સહુથી ઊંચી પ્રતિમા સાકાર થઈ. આર્કિટેક્ટ મીરોસલોની દેખરેખમાં ૨૯ સપ્ટેમ્બર ૨૦૦૬માં ખાતમુહૂર્ત થયા પછી પ્રતિમા સંપૂર્ણ રીતે તૈયાર થઈ અને તેનું અનાવરણ ૬ નવેમ્બર ૨૦૧૦ના રોજ કરવામાં આવ્યું હતું. રવિવાર ૨૮ નવેમ્બર ૨૦૧૦ના રોજ તેનો આશીર્વાદ વિધિ સંપન્ન થયો. વિશ્વ વિક્રમોની નોંધ રાખતા ગિનિશ વર્લ્ડ રેકોર્ડમાં વિશ્વની પ્રભુ ઈસુની સહુથી મોટી પ્રતિમા તરીકે સ્થાન પ્રાપ્ત થયું છે. આ ભવ્ય અતિ વિશાળ પ્રતિમાની વિશાળતાને સમજવા થોડા ઉદાહરણો જોઈએ. પ્રતિમા વિશ્વની સહુથી મોટી પ્રભુ ઈસુની પ્રતિમા છે. પ્રતિમાનું વજન ૪૪૦ ટન અને તેની ઊંચાઈ ૧૦૮ ફૂટ છે. ૧૧ ફૂટ જેટલો તો માથે મૂકેલ રાજવી મુગટનો ઘેરાવો છે અને મુગટની લંબાઈ સાડા છ ફૂટથીયે થોડી વધારે છે. માથાની લંબાઈ જ ૧૫ ફૂટ જેટલી છે અને ફક્ત માથાનું વજન પણ અધધ ૧૫ ટન જેટલું છે. એક એક હાથની લંબાઈ પણ વીસ વીસ ફૂટ જેટલી છે અને ફેલાયેલ બે હાથ વચ્ચેનું અંતર ૨૪ મીટર (૭૯ ફૂટ)નું છે. કેવી વિશાળ અને ભવ્ય પ્રતિમા !!!



મહાન પક્ષીવિદ સલીમ અલી

## રાષ્ટ્રીય પક્ષી દિન

મોર આપણું રાષ્ટ્રીય પક્ષી છે. ભારતમાં ૧૨ નવેમ્બરનો દિવસ રાષ્ટ્રીય પક્ષી દિન તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ પક્ષી દર્શન દિન તરીકે પણ ઓળખાય છે.

મહાન પક્ષીવિદ સલીમ અલીનો જન્મ ૧૨ નવેમ્બર ૧૮૯૬ના રોજ મુંબઈ ખાતે થયો હતો. પર્યાવરણ અને પક્ષી વિજ્ઞાની એવા સલીમ અલીએ પોતાનું સમગ્ર જીવન પક્ષી સંશોધન પાછળ વિતાવ્યું હતું. ભારતભરના અલગ અલગ અભ્યારણ્યો અને જંગલો તથા ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં જોવા મળતાં પક્ષીઓ પર તેમણે ગહન અભ્યાસ કર્યો. આ પક્ષીઓમાં કાયમી વસવાટ કરતાં પક્ષીઓ ઉપરાંત દૂર દેશાવરથી આવતા મહેમાન પક્ષીઓ - યાયાવર પક્ષીઓ (migratory birds)નો સમાવેશ થાય છે. મુંબઈ ખાતેની બોમ્બે નેચરલ હિસ્ટરી સોસાયટીની સ્થાપનામાં તેમનો સિંહફાળો રહેલો છે. સલીમ અલીએ પક્ષીજગત પર અનેક પુસ્તકો લખ્યાં. તેમના બહુમૂલ્ય કાર્ય બદલ ભારત સરકાર તરફથી ૧૯૫૮માં પદ્મભૂષણ અને ૧૯૭૬માં પદ્મવિભૂષણથી તેમનું બહુમાન કરવામાં આવેલ છે. ૨૦ જૂન ૧૯૮૭ના રોજ મહાન કુદરત પ્રેમ પક્ષીવિદ વિજ્ઞાની સલીમ અલીનું મુંબઈ ખાતે નિધન થયું.

વ્હાલા કિશોરમિત્રો, ઈશ્વરે જગતને અનેક ખૂબસુરત વસ્તુઓથી હર્યું-ભર્યું કર્યું છે. પક્ષીઓ એ આ સૃષ્ટિનું સુંદર અવિભાજ્ય અંગ છે. તમે પણ પક્ષીઓને ધ્યાનથી જોવાની ટેવ પાડજો. તેમની રહેણી-કરણી, તેમનો રંગ, કદ, તેમની ચાંચ, તેમના રહેવાના માળા, વગેરેનો બારીકાઈથી અભ્યાસ કરજો અને એક નોટમાં તેની વિગતો લખજો. તમને ખૂબ મજા આવશે.



## રાષ્ટ્રીય પત્રકાર દિન

લોકશાહીમાં અખબારોને ચોથી જાગીર ગણવામાં આવે છે. અખબારોનું કામ લોક જાગૃતિ ફેલાવવાનું અને તેની સામે સરકારને રાહ ચીંધવાનું પણ હોય છે. જરૂર પડે ત્યારે સરકારનો કાન આમળવાનું કામ પણ કરવું પડે. નીડર પત્રકાર કોઈથી ડરે નહિ અને જે સત્ય હોય તે જ લોકો સમક્ષ રજૂ કરે.

૪ જુલાઈ ૧૯૬૬ના રોજ ભારતીય સંસદે ખરડો પસાર કરી પ્રેમ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની સ્થાપના કરી. આ સંસ્થાનો મુખ્ય આશય દેશના વર્તમાનપત્રો પર કડી નજર રાખી વર્તમાનપત્રો નીડર અને નિષ્પક્ષ બની રહે તે જોવાનું છે. લોકશાહીના જતન માટે વર્તમાનપત્રો અને તેની સાથે સંકળાયેલ પત્રકારો તટસ્થ રહે એ અત્યંત અગત્યનું છે. સંસદે પસાર કરેલ ખરડા પછી ૧૬ નવેમ્બરનો દિવસ આપણા દેશમાં રાષ્ટ્રીય પત્રકાર દિન તરીકે મનાવવામાં આવે છે. આજના ડિજિટલ યુગમાં અખબારો ઉપરાંત ઈલેક્ટ્રોનિક મીડિયા, જેવા કે ટીવી, ઈન્ટરનેટ, વગેરે પણ અગત્યના બન્યા છે. ઘણા અખબારો, ટીવી ચેનલો, તટસ્થ ના રહેતા કોઈ એક બાજુનો પક્ષ લઈ પત્રકારત્વને લાંછન લાગે એવી પ્રવૃત્તિ કરતાં આપણે જોઈ શકીએ છીએ. ઈન્ટરનેટ જેવાં સોશ્યલ મીડિયા પર પણ અસત્ય કે અર્ધસત્ય ફેલાવવામાં આવે છે. આવાં નાજુક જોખમી સમયમાં પત્રકારોની ભૂમિકા અત્યંત અગત્યની બની રહે. નીડરતાથી સત્યને ઉજાગર કરે એ જ સાચો પત્રકાર !!

## ગુરુ નાનક જયંતી




શીખ ધર્મના સ્થાપક ગુરુ નાનકનો જન્મ અને ૧૪૬૯માં કાર્તિક પૂનમના દિવસે તે સમયના અખંડ ભારતના પેશાવર જિલ્લાના તલવંડી ગામે થયો હતો. હાલ આ ગામ પાકિસ્તાનમાં આવેલ છે અને નાનકા સાહેબ તરીકે પ્રસિદ્ધ છે.

બાળપણથી જ ગુરુ નાનક અત્યંત તેજસ્વી પ્રતિભા ધરાવતા હતા. ખાસ કરીને આધ્યાત્મિક બાબતોમાં તેઓ નિષ્ણાંત હતા. સમાજમાં ફેલાયેલ જાતિપ્રથાના તેઓ ખૂબ જ વિરોધી હતા. યુવાનીમાં ગુરુ નાનક સુલતાનપુર લોધી ખાતે ગવર્નરના હિસાબનીશનું કામ કરતાં પણ રોજ સવારે અને સાંજે નદી કિનારે બેસી ધ્યાન ધરતા અને ભજનો ગાતા. આવી જ ઉપાસના સમયે એક દિવસ વહેલી સવારે નદીમાં સ્નાન કરતી વેળા તેમને દિવ્ય જ્ઞાન લાધ્યું અને સ્વર્ગના દર્શન થયા. ત્યારબાદ ત્રીસેક વર્ષ સુધી ગુરુનાનકે આધ્યાત્મિક ભ્રમણ કર્યું અને સમાનતા, ભાઈચારો, પ્રેમ અને એકતાનો સંદેશ ફેલાવ્યો. ઊંચ-નીચ, ગરીબ-પૈસાદાર, સ્ત્રી-પુરુષ જેવાં ભેદભાવ મીટાવવાનો સંદેશ આપ્યો. એક જ ઈશ્વરમાં શ્રદ્ધા રાખવા તેમણે પોતાના અનુયાયીઓને શિખામણ આપી. તેમના અનુયાયીઓ શીખ કહેવાય છે.

પોતાના જીવનના ઉત્તરાર્ધમાં ગુરુનાનક પંજાબ પ્રાંતમાં રાવિ નદીને કિનારે કરતારપુર ગામે આવીને વસ્યા. અહીં લોકો દૂર દૂરથી તેમની વાણી સાંભળવા ઊમટી પડતા. કરતારપુર ગામે જ તેમણે સહુ એક પંગતે બેસી ભોજન કરે એવી સમાનતાના દૃષ્ટિકોણવાળી લંગર પ્રથા શરૂ કરી. આ પ્રથા દરેકે દરેક શીખ ધર્મના દેવાલય ગુરુદ્વારામાં અનુસરવામાં આવે છે. અહીં નાત-જાત, ગરીબ-ધનિક, સ્ત્રી-પુરુષના ભેદભાવ વગર સહુને ભોજન પૂરું પાડવામાં આવે છે. ગુરુ નાનક તેમનો ઉપદેશ ભજન સ્વરૂપમાં આપતા. કુલ ૯૭૪ આવાં ધાર્મિક ભજનો એક ગ્રંથમાં ગ્રંથસ્થ કરવામાં આવ્યા છે જે શીખ ધર્મનો ધાર્મિક ગ્રંથ ગણાય છે. આ ગ્રંથ 'ગુરુ ગ્રંથ સાહિબ' તરીકે ઓળખાય છે. અષાઢ સુદ દસમ વિક્રમ સંવત ૧૫૯૬ (૨૨ સપ્ટેમ્બર ૧૫૩૯)ના રોજ ગુરુ નાનકનું દેહાવસાન થયું.

## દસ કોઢિયા

એક સમયે પ્રભુ ઈસુ ગાલીલ સરહદેથી પસાર થઈ યરૂશાલેમ જઈ રહ્યા હતા. તેવામાં ગામથી દૂર રસ્તામાં કોઢ રોગથી પીડાતા દસ કોઢિયા ઈસુને સામે મળ્યા. તે સમયમાં કોઢ રોગ ભયંકર રોગ ગણાતો અને રોગીઓને ગામથી દૂર વગડામાં રહેવું પડતું. ઈસુએ ચમત્કાર કરી અનેક લોકોના રોગ મટાડ્યા છે એ વાત જાણી આ કોઢિયાઓ પણ મોટે મોટેથી બૂમ પાડી તેમને સાજા કરવા ઈસુને વિનંતી કરી.




ઈસુને તેમના પર દયા આવી. તેમણે એ દસ કોઢિયાઓને કહ્યું, 'જઈને તમારું શરીર પુરોહિતોને બતાઓ.' તે સમયમાં જો કોઈ રોગી સાજો થઈ જાય તો તેણે પોતાનું શરીર પુરોહિતને બનાવવું પડતું અને જ્યારે પુરોહિત જાહેર કરે કે રોગ સંપૂર્ણ મટી ગયો છે તો જ તે વ્યક્તિ ફરીથી ગામમાં પોતાના કુટુંબ સાથે રહી શકતો. પેલા દસ કોઢિયાઓ

પુરોહિતને મળવા જતા હતા ત્યાં જ રસ્તામાં ચમત્કાર થયો અને તેમનો રોગ મટી ગયો. પોતે સાજા થઈ ગયા છે એની ખુશીમાં નવ કોઢિયાઓ દોડી ગયા. પરંતુ એક કોઢિયો પ્રભુ ઈસુ પાસે પાછો ફર્યો અને તેમનો આભાર માની તેમની સ્તુતિ કરવા લાગ્યો. આ માણસ યહૂદી પણ ન હતો પરંતુ શમરુની હતો.

આ જોઈ ઈસુએ કહ્યું, 'દસેદસ સાજા નહોતા થયા ? બાકીના નવ ક્યાં છે ? આ એક પરદેશી સિવાય બીજા કોઈને પાસે આવીને ઈશ્વરનાં ગુણગાન કરવાનું સૂઝ્યું નહિં ?'

પછી તેમણે પેલા માણસને કહ્યું, 'ઊઠ, અને તારે રસ્તે પડ. તારી શ્રદ્ધાએ તને સાજો કર્યો છે.'

પ્રવૃત્તિ : આ ચમત્કારિક પ્રસંગ વાંચો. (લૂક ૧૭ : ૧૧-૧૯)



**ચિંતનપુષ્ય :**

***નોંધ :*** આ મહિને નવેમ્બરની ૨૫ તારીખે આવતી ગુજરાતી કવિ દુલા ભાયા કાગની જન્મ જયંતી પ્રસંગે તેમની એક પ્રખ્યાત કવિતા ચિંતન પુષ્પ તરીકે રજૂ કરીએ છીએ. પ્રસ્તુત કવિતામાં આંગણે આવેલ મહેમાનની આગતા – સ્વાગતા કરવાનુ જણાવવામાં આવ્યું છે. આજ વાત પ્રભુ ઈસુએ એ કહી છે. 'હું અજાણ્યો પ્રવાસી હતો ત્યારે તમે આશરો આપ્યો હતો.' (માથ્થી ૨૫:૩૧-૩૬)

**આવકારો મીઠો આપજે...**



**હે જી તારા આંગણિયા પૂછીને જે કોઈ આવે રે, આવકારો મીઠો આપજે રે જી...**
**હે જી તારે કાને સંકટ કોઈ સંભળાવે રે, બને તો થોડું કાપજે રે જી...**
**માનવીની પાસે કોઈ માનવી ન આવે રે (૨)**
**તારા દિવસની પાસે દુઃખિયા આવે રે આવકારો મીઠો આપજે રે જી (૧)**
**કેમ તમે આવ્યા છો ? એમ નવ કે'જે રે (૨)**
**એને ધીરે એ ધીરે તું બોલવા દેજે રે આવકારો મીઠો આપજે રે જી (૨)**
**વાતું એની સાંભળીને આડું નવ જોજે રે (૨)**
**એને માથું એ હલાવી હોંકારો દેજે રે આવકારો મીઠો આપજે રે જી (૩)**
**'કાગ' એને પાણી પાજે સાથે બેસી ખાજે રે (૨)**
**એને ઝાંપા એ સુધી તું મેલવા જાજે રે આવકારો મીઠો આપજે રે. (૪)**



કિશોરમિત્ર સંપાદક : રાજેશ ક્રિશ્ચિયન મો. ૯૪૨૬૫ ૮૪૦૨૮ e-mail : rajesh.christian@yahoo.co.in



# પત્રકારત્વ : ત્રીજું નેત્ર-ચોથી જાગીર

✍ શૈલેષ રાઠોડ

(૧૭ નવેમ્બર રાસ્ટ્રિય પત્રકાર દિન નિમિત્તે)

ગુજરાતમાં છેવાડાના વિસ્તાર તરીકે ગોધરા પંચમહાલનું નામ ગણાય. રોજની ટેવ પ્રમાણે વહેલી સવારે નડિયાદથી ખંભાત વ્યવસાય સ્થળે જતાં કારમાં એફ.એમ. રેડિયોમાં સમાચાર શરૂ કર્યા. આકાશવાણીનું ગોધરા કેન્દ્ર અમૃતસરની ટ્રેન દુર્ઘટના અને ન્યુયોર્કમાં થયેલ સંશોધનના સમાચાર પ્રસારિત કરી રહ્યું હતું. જેને છેવાડાનું ગણાય તે ગોધરા આજે ગુજરાતનાં મોટાભાગના ગામોમાં મહત્ત્વનું સંચાર કેન્દ્ર બની દેશ દુનિયાની ખબરો આપી રહ્યું છે. સંચાર માધ્યમો - મીડિયા આજે ખૂણામાંથી સત્યને ઉજાગર કરવા સમર્થ બન્યું છે.

આધુનિક યુગમાં ‘ચોથી જાગીર’ એટલે કે સમાચાર માધ્યમો મહત્ત્વનું સ્થાન ધરાવે છે. પહેલી સત્તા - શાસન / શાસક. બીજી સત્તા એટલે વહીવટી તંત્ર - એડમિનિસ્ટ્રેશન. ત્રીજી સત્તા એટલે ન્યાયતંત્ર. ચોથી સત્તા ‘સમાચાર માધ્યમોની જવાબદારી પણ વિશાળ છે. કારણ સમાચાર માધ્યમો પ્રજાની આધિ-વ્યાધિ-ઉપાધિઓને સમજે છે, તેની રજૂઆત કરે છે અને સત્તાના ત્રણેય સૂત્રો ઉપર બાઝ નજર રાખે છે.’

સોશ્યલ મીડિયાના યુગમાં પત્રકારત્વ (Journalism) એ આધુનિક સભ્યતાનો એક મુખ્ય વ્યવસાય છે. જેમાં સમાચારોનું એકત્રિકરણ, લેખન, સંપાદન, પ્રસ્તુતિ, મુદ્રીકરણ, પ્રકાશન કે પ્રસારણ વગેરે બાબતોનો સમાવેશ થાય છે. આજના યુગમાં પત્રકારત્વના અનેક માધ્યમો છે. જેમાં વર્તમાનપત્રો, સામયિકો, રેડિયો, દૂરદર્શનનો સમાવેશ થાય છે. તેને મુદ્રણ તથા દશ્ય-શ્રાવ્ય એમ બે મુખ્ય માધ્યમોમાં વિભાજીત કરવામાં આવે છે. પત્રકારત્વને લોકશાહીના ચોથા આધારસ્તંભ (ચોથી જાગીર) તરીકે પણ ઓળખવામાં આવે છે.

પ્રથમ દૈનિક અખબાર “Acta Diurna” (દિવસની ઘટનાઓ) રોમથી પ્રસિદ્ધ થયું હતું. એટલે વિશ્વમાં સામાજિક સ્તરે પત્રકારત્વની શરૂઆત ઈ.સ. પૂર્વે ૧૩૧ વર્ષ પહેલાં રોમ ગણવામાં આવે છે. ખરેખર તો એ એક પથ્થર કે ધાતુની પટ્ટી સ્વરૂપે હતું જેના પર સમાચારો લખવામાં આવતાં હતાં. આ પટ્ટીઓને રોમનાં મુખ્ય સ્થાનો પર રાખવામાં આ વતી હતી. તેમાં વિશિષ્ટ અધિકારીઓની નિયુક્ત, લડાઈના પરિણામો વગેરેની ઘોષણા કરવામાં આવતી હતી. ઈ.સ. ની ૧૫મી સદીનાં મધ્યભાગમાં છાપકામ માટેના યાંત્રિક સાધનોની શોધ થઈ. તેનાથી પુસ્તકો અને વર્તમાનપત્રોનું પણ પ્રકાશન કરવું શક્ય હતું. યુરોપનાં સ્ત્રાસબુર્ગ શહેરમાં કારોલૂસ નામના ધનવાન વ્યક્તિ હાથથી લખેલા સૂચનાપત્રો પ્રકાશિત કરતો હતો. ઈ.સ. ૧૬૦૫માં તેણે છાપકામ યંત્ર ખરીદીને વિશ્વના સૌ પ્રથમ મુદ્રિત સમાચારપત્રની શરૂઆત કરી જેનું નામ ‘રિલેશન’ હતું.




ભારતમાં પ્રાચીનકાળમાં ઢંઢેરો પીટીને લોકો સુધી સમાચારો પહોંચાડવાની પ્રથા હતી.પાછળથી ભીંતપત્રો શરું થયા. સૌ પ્રથમ મુદ્રિત સમાચારપત્ર ઈ.સ. ૧૭૭૬માં ઈસ્ટ ઈન્ડિયા કંપની વતી તત્કાલીન અધિકારી વિલેમ વોલ્ટસે શરું કર્યું. પાછળથી સમાચારપત્રોનો વિકાસ થયો. મહાત્મા ગાંધીએ પણ નવજીવન પત્ર શરું કર્યું હતું. જેણે આઝાદીની લડત અને સમાજોત્થાન માટે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ભારતમાં ઈ.સ. ૧૭૭૦ થી આઝાદી સુધીનો સમય પત્રકારત્વ માટે ઘણો જ સંઘર્ષપૂર્ણ રહ્યો છે. ૧૯૭૦ બાદ કેટલાક સમાચારપત્રો શરું થયાં જે મુખ્યત્વે અંગ્રેજીમાં હતા અને સરકારની વાહ વાહ કરતાં મુખપત્રો હતા. સરકારની આલોચના કરતાં પત્રો સામે કડક પગલા લેવાતા હતા.સૌ પ્રથમ ભારતીય ભાષામાં સમાચારપત્ર બંગાળીમાં રાજા રામમોહન રાય દ્વારા ઈ.સ. ૧૮૧૯માં ‘સંવાદ કૌમુદી’ પ્રસિદ્ધ થયું. ગુજરાતી ભાષાનું પ્રથમ સમાચારપત્ર મુંબઈ સમાચાર ઈ.સ. ૧૮૨૨માં પ્રકાશિત થયું. તે આ પણ વિદ્યમાન છે.

મુદ્રણ, દશ્ય - શ્રાવ્ય અને સોશ્યલ મીડિયા એમ ત્રણ પ્રકારે આજે પત્રકારત્વ વિકસ્યું છે. મુદ્રણ કરીને પ્રકાશિત કરવામાં આવતાં હોય તેવા તમામ પ્રકારના પત્રો / પત્રિકાઓનો આ માધ્યમ હેઠળ સમાવેશ થાય છે. દશ્ય શ્રાવ્ય માધ્યમો એટલે જોઈ શકાય તથા સાંભળી શકાય તેવા માધ્યમો જેમ કે ટેલીવિઝન / રેડીયો તથા એમપી૩-૪ જેવા ઓડીયો - વીડિયોને ઉપરાંત ઈન્ટરનેટ પર મળતા વીડિયો ફૂટેજ, સિનેમા તથા મોબાઈલમાં જોવાતા યુ ટ્યુબ જેવા માધ્યમો દશ્ય શ્રાવ્ય માધ્યમો છે. સોશ્યલ મીડિયાનો ગુજરાતી અર્થ સામાજિક માધ્યમો એવો થાય છે. સોશ્યલ મીડિયા એટલે એવા માધ્યમો જે સમાજનાં લોકોને એકબીજા સાથે જોડે છે. વર્તમાન સમયમાં જોઈએ તો કોમ્પ્યૂટર તથા મોબાઈલ પર ઉપયોગમાં લેવાતાં ફેસબુક, વોટ્સએપ, ટેલિગ્રામ, હાઈક સહિતનાં સોશ્યલ મીડિયાનો ઉપયોગ વધી રહ્યો છે, જે આંતરમાળખા (Internet)ને આભારી છે. જેમાં લોકો એકબીજાને અક્ષરોથી લખેલા સંદેશા તથા તસ્વીરો મોકલી શકે છે. જેમાં વ્યક્તિગત તથા જૂથ બનાવીને એકથી વધુ લોકો સુધી સંદેશો, તસ્વીર, દશ્ય, શ્રાવ્ય મોકલી શકાય છે. પત્રકારત્વ જગતમાં પણ આજે સોશ્યલ મીડિયાનો ઉપયોગ વધી રહ્યો છે. સોશ્યલ મીડિયાનાં માધ્યમથી સમાચાર, પ્રેસનોટ તથા તસ્વીરો મેળવી શકાય છે. તેથી સમાચારપત્રો માટે સોશ્યલ મીડિયા પૂરક સાબિત થયું છે. આ માધ્યમથી લોકો પણ ઘટનાઓ કે ખબરોને ત્વરિત રીતે અન્ય લોકો સુધી પહોંચાડી શકે છે. જોકે સોશ્યલ મીડિયા

પરથી પ્રસારિત થતાં સંદેશા કોઈ સેન્સર કે એડિટર પાસેથી પસંદગી પામીને ન જતાં હોઈ સંઘર્ષ ઊભા કરનાર અથવા લોકોને જાગૃત કરનાર પણ સાબિત થાય છે.

આધુનિક પત્રકારત્વનો પાયો આઝાદી બાદ નખાયો. અંગ્રેજો ગયા પરંતુ નેતાઓના પરાક્રમો - કૌભાંડો ખોલવાનું આઝાદી બાદ શરૂ થયું. અખબારોએ હકારાત્મક અને સંશોધનાત્મક પત્રકારત્વની ભૂમિકા ભજવી પ્રજાના હામી બન્યા. જોકે તેમાં પીળું પત્રકારત્વ પણ ઉમેરાયું.

અમેરિકાએ વિયેતનામ સામે યુદ્ધ છેડ્યું. વિયેતનામને ઘાયલ કરી દીધું. ત્રાસ ગુજાર્યો. વિશ્વભરમાં અમેરિકાની બદનામી થઈ પરંતુ બોમ્બ મારો અને તોપ ગોળા યથાવત રાખ્યા. આ અરસામાં એસોસિએટ પ્રેસના એક ફોટો જર્નાલિસ્ટ યુદ્ધનું કવરેજ કરવા વિયેતનામ પહોંચ્યો. એક ગામમાં અમેરિકન યુદ્ધ વિમાનોએ બોમ્બ ઝીંકી દીધો. મકાનો સળગવા લાગ્યાં. જાન બચાવવા સાતેક વર્ષની એક બાળકી કે જે નહાતી હતી તે વસ્ત્રહીન દિશામાં દોડી. પાછળ તેનાં ઝૂંપડાં સળગી રહ્યા હતા. બાળકી નગ્ન હતી અને રડતી રડતી દોડી રહી હતી. ફોટો જર્નાલિસ્ટે એ ક્ષણોને કેમેરામાં કેદ કરી લીધી. આ તસ્વીર 'ન્યુયોર્ક ટાઈમ્સ'ના પ્રથમ પેજ પર છપાઈ અને અમેરિકા ક્ષોભમાં મુકાઈ ગયું. આ તસ્વીરે વિશ્વભરને રડાવી દીધું અને અમેરિકાને યુદ્ધ બંધ કરવા મજબૂર કર્યું.

સોશ્યલ મીડિયાએ મહત્ત્વની ખબરોને ઉજાગર કરવાનું કામ કર્યું છે એટલું જ મહત્ત્વની ખબરોને દબાવવાનું કામ પણ કર્યું છે. વર્તમાન સમયમાં આધુનિક ટેકનોલોજી અને સોશ્યલ મીડિયાનો વ્યાપ એટલો ઝડપથી વધ્યો છે કે, બહુ ઓછા સમયમાં અનેક લોકોના સંપર્કમાં પહોંચી શકાય છે. ફેસબુક, ટ્વીટર, વ્હોટ્સએપ અને બીજી ઘણી બધી સાઈટ્સના માધ્યમથી લોકો પોતાની અભિવ્યક્તિને અનેક લોકો સુધી સરળતાથી પહોંચાડી શકે છે. પરંતુ જેમ એક સિક્કાની બે બાજુ હોય છે તેમ સોશ્યલ મીડિયાના પણ સારા-ખરાબ પરિણામો છે. અખબારો મોર્નિંગ વોકમાં મોબાઈલમાં ખૂલે છે, પરંતુ તે ક્ષણવાર માટે. એએજેએનયુ મીડિયા સોશ્યલ મીડિયામાં કન્વર્ટ થઈ ગયું છે. વિશેષ આજની યુવા પેઢી સોશ્યલ મીડિયામાં એટલી ડુબેલી હોય છે કે ઝરણાંઓનો કલનાદ, મોર-કોયલનો ટહુકો, પક્ષીનો કલરવ સાંભળવાની મઝા લેતા નથી. વરસાદના ફોરાંઓને માણવાની જગ્યાએ સ્ટેટ્સમાં કેદ કરવા અધીરા બનેલા યુવાનો મીડિયાથી નજીક છે પણ સંવેદનોથી દૂર જઈ રહ્યા છે. આજનું પત્રકારત્વ ચર્ચાની એરણે છે. અખબારો અને વીડિયો પ્રસારણ મોબાઈલમાં પ્રવેશી ચૂક્યા હોઈ સમાચારોની સત્યતા અંગે પણ અનેક પ્રશ્નો સર્જાયા છે.

આજે મીડિયાની ભૂમિકા શંકાના ઘેરાવમાં છે. કેટલાક અખબારો અને ચેનલો ઉપર શાસકોનો કંટ્રોલ હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. ત્રીજું નેત્ર કે ચોથી જાગીરની કલમને તકવાદી નેતાઓ પોતાના બળે ચલાવે છે. રાજનૈતિક લાભ માટે ઝેર ઓકતું મીડિયા સમાજમાં નીતિમત્તાને હણી રહ્યું છે. ફેક ન્યુઝ ફેલાવામાં રાજનૈતિક દળ અને સરકારી એજન્સીઓ સૌથી આગળ છે એટલું જ નહીં એ બંને અફવા ફેલાવાની સાથે જ સેન્સરશિપનો પ્રયોગ કરવા સાર્વજનિક સંગઠનો વિજ્ઞાન અને મીડિયામાં લોકોનો વિશ્વાસ ઓછો કરવા માટે અને કરોડો રૂપિયાનો પણ ખર્ચ કરે છે. આ વાત ઓક્સફોર્ડ યુનિવર્સિટીના સ્ટડી રીપોર્ટમાં સામે આવી છે.

રીપોર્ટમાં જાણવા મળ્યું છે કે આ સમસ્યા વૈશ્વિક સ્તરે ખૂબ જ વધી રહી છે. વિશ્વભરમાં સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર લોકોના વિચારને તોડી-મરોડીને રજૂ કરવા એક ગંભીર ખતરાના રૂપે સામે આવી રહ્યું છે. ભારતમાં પણ મોબલિંચિંગની ઘટનાઓમાં સોશ્યલ મીડિયાની ભૂમિકા પર સવાલ ઊઠી રહ્યા છે. વિશ્વભરમાં સંગઠિત રૂપથી સોશ્યલ મીડિયા દ્વારા હેરાફેરી કરતા દેશોની સંખ્યા ૨૮ થી વધીને ૪૮ થઈ ગઈ છે. તેઓએ કહ્યું કે, તેમાંથી સૌથી વધુ વધારો રાજનૈતિક દળો તરફથી થઈ રહ્યો છે. રાજનૈતિક પક્ષો ચૂંટણી દરમ્યાન ખોટી સુચનાઓ અને ફેક ન્યુઝ ફેલાવે છે.

પ્રિન્ટ હોય કે ઈલેક્ટ્રોનિક, ગુજરાત કે ભારત, સત્ય છે કે કવરમાં મુકાતી પેલી નોટોની લીલાશ પત્રકારની શાહીમાં પીળાશ ઘોળી રહી છે. સિનિયર પત્રકાર પ્રશાંત દયાળે એ લખેલું કે, 'સાચા પત્રકારોને સાચવી લેવાની જવાબદારી સમાજની છે.' એનું માન-સન્માન જળવાઈ અને એને એના કામનું યોગ્ય વળતર મળી રહે એ નિશ્ચિત કરવું જ પડશે. નહીં તો મીડિયા અને પી.આર. એજન્સીઓમાં જળોની જેમ વળગેલી પેલી અધકચરી પણ મીડિયોકર જમાત પત્રકારત્વ પર હાવી થઈ જશે. પત્રકારત્વમાં જે બચ્યું કુચ્યું સત્ય છે એનું પણ ધનોત પનોત કાઢી નાખશે. કારણ કે, ઈતિહાસ સાક્ષી છે કે જંગ જ્યારે ઘસાયેલા સ્લિપર અને કડકડતી નોટ વચ્ચે હોય ત્યારે લાંબા ગાળે જીત લીલા રંગની જ થતી હોય છે.

વર્તમાન સમયમાં ફેસબુકથી લઈ તમામ સોશ્યલ મીડિયા 'વોટસ ઈન યોર માઈન્ડ ?' પ્રશ્ન તરફ લઈ જનારું છે. જ્યારે સાચું પત્રકારત્વ 'વોટસ ઈન યોર હાર્ટ' એમ પ્રશ્ન પૂછી કલમ કે કેમેરાથી કંડારાઈને જગતને જાગૃત કરનારું, ક્રાંતિ કરનાર ચોથી જાગીર અને ત્રીજું નેત્ર છે.●


**પાંચમી પુણ્યતિથિ**

**સ્વ. પેટ્રીક દિનેશ ક્રિશ્ચિયન**

જન્મ: ૦૭-૧૦-૧૯૮૩ ★ અવસાન: ૨૧-૧૧-૨૦૧૩

સંવેદના ક્યાં કોઈ શબ્દોથી મપાય છે. એતો અવિરત વ્હાલ બની આંખોમાં ઉભરાય છે. સદેહે નહીં પણ યાદરૂપે સદાય અમારી સાથે છે.

**બસ એ જ દિનેશ જે. રાજદીપ પરિવાર**

*૧૧, જયશ્રી એપાર્ટમેન્ટ, ઈડલી ચાર રસ્તા, મણિનગર (પૂર્વ)*

**મો. ૯૮૯૮૫૮૬૩૭૮**



**સાતમી પુણ્યતિથિ**



**સ્વ. સુમિત (B2) અનિલ મેકવાન**

જન્મ: ૬-૯-૧૯૯૪ ★ અવસાન: ૧૫-૧૧-૨૦૧૧

'હસતો, રમતો જ તું પહોંચ્યો પ્રભુની પાસે, રાતોની નિંદ્રા સાથે અનેક સપનાઓ તૂટતા રહ્યા, શી રીતે ભૂલીશું તને?'

**લિ. દુઃખિત મમ્મી-પપ્પા**

**સોનિયા અનિલ મેકવાન તથા પરિવાર**

૧૩, સફલ કુંજ સોસાયટી, પવનચક્કી રોડ, નડીઆદ મો. ૯૪૨૬૭૩૮૩૧૭

# બાળકને વસ્તુથી નહીં વ્હાલથી જીતો



✍ દીપ્તિ જોયલ મેકવાન

**(૧૪ નવેમ્બર બાલદિન નિમિત્તે)**

"The greatest gift you can give your child is your time".

અર્થાત, તમારા બાળકોને જો કોઈ સૌથી મોટી ભેટ તમે આપી શકો, તો તે તમારો સમય છે. આજના વ્યસ્ત જમાનામા આપણે આપ ણાં બાળકોને પૂરતો સમય આપી રહ્યા નથી, શું એવું નથી લાગતું? દિવસો પસાર થતાં જાય છે, વર્ષો પસાર થતાં જાય છે, બાળક મોટું થતું જાય છે, દર વર્ષે તેના જન્મદિવસની ઉજવણી કરવામાં આવે છે, જન્મદિવસ પર તેને અવનવી ભેટ આપવામાં આવે છે. પરંતુ શું કોઈ દિવસ આપણે હિસાબ માંડ્યો ખરો, કે આપણાં બાળક માટે અમુલ્ય એવી ભેટ 'આપણો સમય', તે આપણે તેને કેટલા પ્રમાણમાં આપીએ છીએ.

દરેક માતા પિતા પોતાના બાળકનો વિકાસ ખૂબ જ ઝડપી અને સારો થાય તેમ ઈચ્છે છે. પરંતુ વિકાસ માટેની પ્રક્રિયા કે જરૂરિયાતોથી મોટા ભાગના માતાપિતા અજાણ હોવાને લીધે તેમની તે ઈચ્છા પૂરી થતી નથી. આમ જોવા જઈએ તો આજનો વાલી ખૂબ જ વ્યસ્ત બની ચૂક્યો છે. પોતાના બાળકના ઉછેર માટે તેની પાસે પૂરતો સમય હોતો નથી. પરંતુ દરેક માતાપિતાની એક જ ઈચ્છા હોય છે કે તેમનું બાળક સર્વશ્રેષ્ઠ હોય. દરેક માતાપિતાનો એવો જ આગ્રહ હોય છે કે તેમનું બાળક દરેક વાતે આગળ પડતું હોય અને હંમેશા પહેલા સ્થાને જ આવે. આપણે ભલે બાળકને પૂરતો સમય આપીએ કે ન આપીએ પણ બાળકે તો દરેક ક્ષેત્રમાં આગળ આવીને જ અને આપણું નામ રોશન કરીને બતાવવાનું.

બાળક કરતાં આપણામાં બુદ્ધિ અને શક્તિ વધુ હોય છે. તે આપણી સરખામણીએ ઓછું સમજદાર હોય છે. છતાં આપણે તેની સાથેના વર્તનમાં તેનામાં જ પરિવર્તન ઈચ્છીએ છે. આપણે આપણી જાતમાં કોઈ પરિવર્તન લાવવાનો પ્રયત્ન કરતાં નથી. બાળકને માર મારવાથી તે ક્યારેય વ્યવહારમાં પરિવર્તન લાવશે નહીં. તમે શા માટે મારો છો તેની તેને ખબર જ હોતી નથી પછી માર મારવાથી શો ફાયદો ? હા, એક વસ્તુ બની શકે કે તેને માર ખાવાની આદત પડી જાય અને તે જે પરિસ્થિતિમાં છે, કાયમ માટે તે જ પરિસ્થિતિમાં રહે અને કોઈ દિવસ પોતાનામાં પરિવર્તન જ ન લાવે. કેમકે જ્યારે પણ તે કોઈ ભૂલ કરશે ત્યારે આપણે તેને માર મારીને ચૂપ કરી દઈશું એટલે તે જે તે સમયે ચૂપ થઈ જશે કે પોતે જે ભૂલ કરી છે તે બંધ કરશે પરંતુ તેના વર્તનમાં કોઈ પરિવર્તન આવશે નહીં. બાળકો ભલે નાના અને એકાંત પ્રિય હોય, છતાં તેમના વર્તનની તેઓ નોંધ લેવડાવવા ઇચ્છતા હોય છે. ક્યારેક કોઈ મહેમાન આવે ત્યારે તે વચ્ચે આવીને રમે, આપણી સામે પડેલી કોઈ વસ્તુ લઈને રમવા લાગે વગેરે. આવા સમયે તમે તેને દૂર ધકેલશો તો તે ફરી આવી જ જશે. પરંતુ જો આ સમયે આપણે તેને સમજીને તેના વર્તનની નોંધ લઈએ, સમયાંતરે તેની પાસે જઈને વાત કરીએ, તો તે જરૂર આપણને અને આપણાં વ્યવહારને પસંદ કરશે અને આપણી ઈચ્છા પ્રમાણે વર્તશે.

નોકરી કરતાં લોકો પોતાના બાળકને કામવાળી પાસે મૂકીને જતાં હોય છે. આ પરિસ્થિતિમાં બે પરિણામ આવે છે. પહેલું તે કે જો કામવાળી બાળકને સારી રીતે નહી રાખે તો બાળકના સ્વાસ્થ્ય પર તેમજ તેના વર્તનમાં આની અસર જોવા મડે છે. અને બીજું તે કે જો કામવાળી તેને ખૂબ જ પ્રેમથી અને વ્હાલથી રાખશે તો બાળક પોતાની સાચી મા કરતાં કામવાળીને વધારે પ્રેમ કરશે. તેની સાથે જ સૂઈ જાય, તે ખવડાવે તો જ ખાય અને પોતાની માતાની વાત ન માને, કામવાળી ની જ વાત માને. જો નાનપણમાં આપણે બાળકને ઘોડિયાઘરમાં કે અન્યના સહવાસમાં લાંબો સમય રાખીશું તો તેના મન-દિલમાં આપણી માટે પૂરતી લાગણી નહી જ થાય. આજે તમે તેને તમારી સવલત માટે ઘોડિયાઘરમાં મૂકશો તો ભવિષ્યમાં તેઓ તેમની સવલત માટે તમને વૃદ્ધાશ્રમમાં મૂકતા સહેજ પણ નહી અચકાય. જે વ્યક્તિ બાળકનું સારી રીતે પાલનપોષણ ન કરી શકે કે પછી તેને સમય ન આપી શકે, કાલે તે વ્યક્તિને બાળક પૂરતો સમય અને દેખરેખ આપશે કે કેમ તે ખરેખર વિચારવા જેવી વાત છે. સાચુ જ કહેવાયું છે કે,

"બાળકો અરીસા જેવા હોય છે, જે કાંઇ પણ આપણે તેમણે કહીશું અને જે કાંઇ પણ આપણે કરીશું તેને તેઓ પ્રતિબિંબિત કરશે."

ઘણા માતાપિતા એમ પણ કહેતા હોય છે કે તેઓ બાળકો માટે જ તો કમાય છે. તેમના સારા ભવિષ્યના ઘડતર માટે જ તો તેઓ આટલા વ્યસ્ત રહે છે. પરંતુ માત્ર પૈસા કમાવાથી બાળકનું સારું ઘડતર શક્ય નથી. તે માટે તેને પૂરતો સમય, સંભાળ અને હૂંફની પણ જરૂર હોય છે. અને આ વસ્તુઓ ખરીદવી તે અશક્ય છે. આપણે જો આપણાં બાળક માટે પૂરતો સમય ફાળવી શકતા નથી તો પછી કામવાળી પાસેથી આપણા બાળકને હૂંફ મળી રહેશે તેવી આશા આપણે કેમ બાંધી લઈએ છીએ. જે વસ્તુ આપણે આપણાં બાળકને ન આપી શકતા હોય તેની આશા આપણે બીજા કોઈ પાસેથી કેવી રીતે રાખી શકીએ. ઘણા માતાપિ તા એમ સમજતા હોય છે કે બાળકને સાચવવા કામવાળી રાખી એટલે તેમની ફરજ પતી ગઈ. આ બાબત ને તેઓ ખૂબ સામાન્ય લઈ લે છે. પરંતુ તેના પરિણામો ગંભીર હોય છે. આજે આવા પરિવારોની સંખ્યા વધતી જાય છે. આવા પરિવારોને ગરીબ પરિવાર ગણવામાં કોઈને વાંધો ન હોઇ શકે. કોઈક પરિવાર આર્થિક કારણોસર ગરીબ ગણાય છે, તો બીજો પરિવાર સંસ્કાર-મૂલ્યોમાં ગરીબ હોય છે. વાત

તો ગરીબાઈની જ છે ને! અને આવી ગરીબાઈને કારણે ઘોડિયાઘર અને વૃદ્ધાશ્રમની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. શું આ બંને જગ્યાઓએ ખરેખર ઘર જેવુ વાતાવરણ હોય છે? માતાપિતાએ એટલું યાદ રાખવું જોઈએ કે જે ઉછેર તેઓ પોતાના બાળકને આપી શકે તે બીજું કોઈ આપી શકે નહી. કોઈપણ વ્યક્તિ મા-બાપના તોલે આવી શકે નહી.

ઘણીવાર એવું જોવા મળતું હોય છે કે વાલી ઓફિસ, મિત્રો અને સામાજિક કારણો પાછળ એટલો સમય ફાળવે છે કે તેને પોતાના બાળક સાથે બેસીને વાત કરવાનો પણ સમય હોતો નથી. મિત્રો પાછળ બે કલાક ફાળવતા વ્યક્તિને પોતાના સંતાન માટે બે મિનિટ સમય ફાળવવાનો સમય હોતો નથી. કેટલાક કુટુંબમાં તો બાળક તેના પિતાને માત્ર રવિવારે જ જૂએ છે. પપ્પા રાતે દસ વાગે ઘરે આવે ત્યારે બાળક સૂઈ ગયું હોય અને સવારે બાળક જાગે તે પહેલા પપ્પા ઓફિસ જવા નીકળી ગયા હોય. આ કથની ગ્રામ્ય વિસ્તારમાં નહી પણ શહેરી વિસ્તારમાં જોવા મળે છે. માટે જ તો વૃદ્ધાશ્રમો બાંધવાની જરૂરિયાત શહેરમાં ઊભી થઈ છે. ગામડામાં કોઈ એક કુટુંબની ડોસી એકલી હશે તો પણ પડોશીઓના સહકાર અને હુંફથી શાંતિમય ભગવાનનું નામ લેતા લેતા જીવન પૂર્ણ કરે છે. શહેરમાં કેટલાક કુટુંબ તો પડોશીઓના નામ અને અટકથી પણ અજાણ હોય છે.

જો માતાપિતા પોતાના બાળકને સર્વશ્રેષ્ઠ સુવિધાઓ અને ભૌતિક સુખ સગવડતા આપવા ઈચ્છે છે, તો આમાં કઈ જ ખોટું નથી પરંતુ ભૌતિક સુખ સગવડતાના ભાર નીચે અન્ય મહત્ત્વની બાબતો દબાઈ જાય છે તે વાત પણ યોગ્ય નથી. બાળક પાછળ પૈસાના રોકાણની સાથે સાથે પ્રેમનું પણ રોકાણ કરવું એટલુ જ જરૂરી છે. બાળકને કોઈ દિવસ પૈસાથી જીતી શકાય નહી કે પછી જીતવાની કોશિશ પણ કરવી જોઈએ નહી. બાળકને જીતવા માટે પ્રેમની જરૂર છે. ઘણા માબાપ બજારમાં જાય ત્યારે બાળક માટે વિવિધ પ્રકારના રમકડાં અને અન્ય વસ્તુઓ લાવશે. પરંતુ એ જ માબાપ બાળકને સાથે રાખીને બજારમાં જવાનો સમય ફાળવી શકતા નથી. અહીં તેઓના મતે વસ્તુ લાવ્યા એટલે બાળક પ્રત્યેની પોતાની ફરજ સારી રીતે નિભાવે છે એમ તેઓ સમજી બેસે છે. વાલી એમ સમજે છે કે બાળકને વસ્તુ આપી એટલે તે ખુશ થઈ જશે. ખરેખર તો આવા વાલી બાળકના માનસ ને જાણતા જ નથી. બાળકને પૂછશો કે તારે શું લેવું છે? તો તે બે ચાર વસ્તુઓના નામ જણાવી દેશે અને આ વસ્તુઓ તે થોડા જ દિવસ રમીને ફેંકી પણ દેશે. તેનો વસ્તુઓ પાછળનો આનંદ બે ચાર દિવસથી વધુ ટકતો નથી. જો બાળકને કાયમી આનંદમાં રાખવો હોય તો તેને વસ્તુ નહી, પણ વ્હાલ આપો. આનંદિત બાળકોના જ શારીરિક, માનસિક, સંસ્કારિક વિકાસ થશે. આજે સૌ વાલી વાવે છે લીમડા અને અપેક્ષા રાખે છે કેરી અને દ્રાક્ષની. તો તે અપેક્ષા ક્યાંથી પૂરી થાય?

આ ઉપરાંત આજના વાલીએ પોતાની વ્યસ્તતા ને કારણે બાળકોને શાંત રાખવા કે પછી તેઓને પોતાના કાર્યમાં મશગૂલ રાખવા અને પોતે પોતાનું કામ બાળકોની હેરાનગતિ વગર શાંતિથી પાર પાડવા માટે એક નવો માર્ગ શોધી નાખ્યો છે અને તે એ કે આજના વાલીએ પોતાના બાળકને તેને જે જોઈએ તે વસ્તુ આપવાની ભૂલ કરવા માંડી છે. પોતાની વ્યસ્તતાને પ્રાધાન્ય આપવા આજના વાલીએ એક રસ્તો શોધી નાખ્યો છે. જો તે પોતે કોઈ કામમાં હશે તો તે બાળકને પસંદ પડે એવી વસ્તુ આપી દે છે. અને આજના સમયમાં લગભગ ૭૦% વાલીઓ બાળકને મોબાઈલ રમવા માટે આપી દે છે અને બાળક શાંત થઈને મોબાઈલમાં મશગુલ થઈ જાય છે. આમ કરવાથી તેઓ કેટલી મોટી ભૂલ કરી રહ્યા છે તેનું તેમને ભાન હોતું નથી. આમ કરવાથી બાળકને મોબાઈલની લત લાગી જાય છે એમ કહીએ તો પણ વધારે નથી. આવા બાળકો મોબાઈલ પાછળ એટલી હદ સુધી ઘેલા થઈ જાય છે કે એમને કોઈ જમવા, સુવા કે કોઈની સાથે બે મિનિટ વાત કરવા કહે તો પણ તેઓ નકારી દે છે. તેઓ પોતાનો બધો જ સમય મોબાઈલમાં ગેમ રમવામાં અને ઈન્ટરનેટ સર્ફીંગમાં પસાર કરતાં થઈ જાય છે. અને આની સીધી અસર તેઓના સ્વાસ્થ્ય અને અભ્યાસ ઉપર પડે છે. અને ત્યાર પછી વાલી તેને મોબાઈલ ન વાપરવા ધમકાવ્યા કરે છે. આ કેવો ન્યાય. પહેલા પોતે જ તેને મોબાઈલની ટેવ પાડે છે અને પછી પોતે જ તે વસ્તુથી દૂર રહેવા કહે છે. ઘણા પરિવારમાં એવું પણ જોવા મળે છે કે જે બાળકોને તેમના દાદા દાદી સાચવતા હોય તેઓ પોતાના માતાપિતા કરતાં દાદા દાદીની વધારે નજીક હોય છે કેમકે તેઓ બાળકોને આખો દિવસ પ્રેમથી સાચવે છે, તેમને વ્હાલથી જમાડે છે, વાર્તાઓ અને પરીકથાઓ કહીને સુવડાવે છે, ગીતો ગવડાવે છે, ઉખાણાં પૂછે છે. અલબત તેઓ પોતાનો પૂરતો સમય અને સ્નેહ બાળકોને આપે છે. બાળકોના પ્રશ્નોનાં જવાબો આપે છે. ચિડાઈને તેઓને દૂર ધકેલી મુકતા નથી કે પછી બાળકના હાથમાં મોબાઈલ આપી દેતા નથી અને માટે જ બાળક તેઓની વધારે નજીક રહે છે. માતાપિતા કાંઈક કહે તો તેમની ફરિયાદ દાદા દાદીને કરે છે.

આજે કેટલા માબાપ બાળક પાસે બેસીને તેને પ્રેમથી ધમકાવ્યા વગર ભણાવે છે? બજારમાં જાય ત્યારે તેના પ્રશ્નોના યોગ્ય જવાબ આપે છે ? આજે કેટલા વાલી પોતાના બાળક પાસે બેસીને તેને પ્રેમથી વ્હાલ કરે છે ? જો આપણે આપણાં બાળકો માટે સમય નથી ફાળવી શકતા તો તેઓ મોટા થઈને કેવી રીતે આપણી માટે સમય ફાળવી શકશે. જો આપણને તેઓને વ્હાલ કરવાનો સમય નથી તો તેઓને પણ ભવિષ્યમાં આપણને હૂંફ આપવાનો સમય નહીં હોય. મોટા ભાગના માબાપ બાળકની શાળામાં જે પેરેન્ટ્સ મિટિંગ રાખવામાં આવે છે તેમાં હાજરી આપી શકતા નથી. આ સમયે બાળકના મનની શું સ્થિતિ થતી હશે તે આપણે વિચારવા જેવુ છે. જે દિવસે પેરેન્ટ્સ મિટિંગ હશે તે દિવસે જો માતાપિતાને નોકરીના સ્થાને કઈક જરૂરી કામ હશે તો તેઓ ચોક્કસ પણે મિટિંગમાં જવાનું ટાળીને પોતાની નોકરી પરની ફરજ બજાવવાને પહેલું પ્રાધાન્ય આપશે. વધુમાં તેઓ બાળકને વાયદો કરીને જશે કે સાંજે તારી માટે આ વસ્તુ લઈ આવીશું. પરંતુ આપણે તે વિચારી નથી શકતા કે બીજા માબાપ આવ્યા હશે તેમને જોઈને આપણું બાળક કેટલું હતાશ થઈ જશે. તે સમયે તેના મનમાં આપણે વાયદો કરેલી વસ્તુના સુખ કે આનંદ ને બદલે આપણી ગેરહાજરીનું દુખ વધારે ઘર કરી જશે. માટે જ સૌ માતાપિતા એ ચેતી જવાની જરૂર છે કે વસ્તુ આપવાથી જ અસ્તુ થઈ જશે એવું જરૂરી નથી. તેની પાસે બેસીને પ્રેમથી વાતચીત કરો. આજનો વાલી પોતાના બાળકને ફક્ત પરીક્ષાનું પરિણામ પૂછે છે પરંતુ

*અનુસંધાન પાન નંબર ૩૭ ઉપર જુઓ...*

**લઘુકથા**

# આથમણે અજવાળું

✍ સ્નેહલતા ભાટિયા

**(૧૪ નવેમ્બર બાલદિન નિમિત્તે)**

સાંજ ટાણે હું ઘરની નજીકના બાગમાં બાંકડા પર બેઠી હતી. બાજુના ક્રીડાંગણમાંથી બાળકોનો ખીલખીલાટ સંભળાતો હતો. અચાનક ત્યાંથી મોટેથી રડવાનો અવાજ આવતા નજર તે તરફ ગઈ. બે છોકરીઓ એકબીજાના વાળ પકડી ઉંધા મોંએ જમીન પર પડી હતી. તેમાંની એક જોર જોરથી રડતી હતી પણ બંને એકબીજાના વાળ છોડતા ના હતા. તેમની નજીકમાં ચાલતા એક વડીલે ધમકાવી બંનેના હાથ ખેંચી છોડાવ્યા. રડતી હતી તે ગોરી, સ્વચ્છ પીળા રંગની ફ્રોકમાં હતી જયારે બીજી શ્યામ, લીલા રંગની ફ્રોકમાં હતી. લીલી ફ્રોકવાળીના વાળ છુટ્ટા, પીંખાયેલા હતા. ફ્રોક ઘણા દિવસથી બદલી નહિ હોય તેથી કડક થઇ ગયેલી, મેલથી લીલો રંગ ગાઢો થઇ ગયો હતો.

પીળા ફ્રોકવાળીને તેની મોટી બહેન સાંત્વના આપવા લાગી, મોટીએ અચાનક ઝનૂને ભરાતા લીલા ફ્રોકવાળીના વાળ પકડ્યા. લીલી ફ્રોકવાળીએ પણ તેટલી જ ત્વરાથી મોટીના વાળ પકડ્યા ને જમીન પર પછાડી. હવે મોટીએ ભેંકડો તાણ્યો. વડીલ હજી ત્યાં જ હતા તરત જ લીલી ફ્રોકવાળીને નિતંબ અને સાથળો પર 'શૂઝ' પહેરેલા પગથી પ્રહારો કરવા લાગ્યા. બંનેને છુટા પાડ્યા. 'ચલ જા અહીંથી' કહી વડીલે જમીન પર બેઠેલી લીલી ફ્રોકવાળીને બે લાતો મારી લીધી. લીલી ફ્રોકવાળીના શરીરની એક એક નસ તંગ બની. મોં પર ગુસ્સો હતો. આંખો કોરી હતી. દર્દ છુપાવવાનો પ્રયત્ન હતો, પોતાને અન્યાય થયાનો ભાવ સ્પષ્ટ દેખાતો હતો. તે ઉઠીને હિંચકાએ બેઠી. પેલી બંને બહેનો પણ હિંચકાએ ગઈ. જાણે કે લીલી ફ્રોકવાળીને પીટવી હતી. લીલી ફ્રોકવાળી હિંચકો છોડી પાળી પર એક પગ લટકતો અને એક ઉંચો રાખી નજર બીજી તરફ ફેરવી બેસી ગઈ. બાગમાં મંદ મંદ દીવાઓ સળગવા શરુ થયા. સફેદ ફૂલોની સુગંધ પ્રસરવા લાગી. લીલી ફ્રોકવાળી ઉઠી, સીધી નજરે, ધીમી ચાલે, અપમાનિત ભાવે બગીચા બહાર નીકળી ગઈ.

બીજા દિવસની સાંજે હું બાંકડા પર બેઠી હતી ને મારી નજર લીલી ફ્રોકવાળી પર ગઈ. આજે એની સાથે એના ચાર મિત્રો હતા. પાંચેય કિલ્લોલતા ક્રીડાંગણની ધૂળમાં ગોલમટા ખાતા હતા ત્યાં પેલી બંને બહેનો આવી. એકના હાથમાં નાસ્તાનો ડબ્બો હતો તેને આ પાંચમાંના એકનો ધક્કો લાગતા પડી ગયો ને નાસ્તો ધૂળમાં વેરાઈ ગયો. તે રડવા લાગી. ફરીથી એ જ રડારોળ, વડીલોનો આ પાંચ બાળકો પર ફિટકાર 'આ પરપ્રાંતિઓ શહેરમાં ઠલવાય છે ને શહેરને બગાડી મૂકે છે.' વડીલોએ પાંચેયને ક્રીડાંગણમાંથી તગેડી મૂક્યા. પાંચની ટોળકી ત્યાંથી નીકળી લોનમાં આળોટવા લાગી, ને ગુલતાન કરવા લાગી.

સૂર્યએ પશ્ચિમમાં પ્રયાણ આદર્યું. પાંચની ટોળી બાગના ખૂણામાં આવેલા આઈસક્રીમ પાર્લરે ગઈ. બધાએ 'ઝુલુબાર' લીધા. હું અચરજ પામી તેમના આઈસક્રીમને જોઈ રહી. ચાર જણે રેપર ખોલી બગીચાની ધારે આવેલા 'યુઝ મી'માં નાખ્યા ને ઝુલુબાર ખાવાનું શરુ કર્યું. લીલી ફ્રોકવાળી ક્રીડાંગણમાં ગઈ જેનો નાસ્તો વેરાઈ ગયેલો તેને પોતાનો ઝુલુબાર આપી, ટટ્ટાર ચાલે બગીચાના દરવાજા તરફ ચાલવા લાગી. તેના મિત્રો તેને અનુસરતા બગીચા બહાર નીકળી ગયા.●

**પાંચમી પુણ્યતિથિ**



**સ્વ. મણીબેન દલાભાઈ ખ્રિસ્તી**

અવસાનઃ ૨૫-૧૧-૨૦૧૩

પ્રભુ તમારા આત્માને શાંતિ આપો.
'પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.'

**લિ. દલાભાઈ મોહનભાઈ ખ્રિસ્તી (વણસર, તા. માતર)**
**તથા અક્ષય, મિતેષ, મનીષા, કાન્તી**
*૧૧, સૌજન્યપાર્ક, નડિયાદ*

**પ્રથમ પુણ્યતિથિ**



**સ્વ. કનુભાઈ સેબાસ્તીયાન પરમાર**

જન્મઃ ૧૭-૦૮-૧૯૫૨ ★ અવસાનઃ ૨૮-૧૧-૨૦૧૭

ના દિવસ ના રાત, ના ભૂખ ના થાકની ચિંતા વિના જીવન ચલાવ્યે રાખ્યું. ક્યારેક જીવન અટકી ગયું ખબર જ ના પડી. હંમેશા પ્રભુમાં રહેવાની પ્રેરણા આપનાર વ્હાલા પપ્પા.

**લિ. સમસ્ત પરિવાર**
*એકતાનગર પાધરિયા, આણંદ*

*અનુસંધાન પાન નંબર ૩૬ ઉપરથી આગળ...*

પરિણામને વધારવા માટે તે જાતે કેટલો સમય બાળક સાથે બેસે છે? ટ્યુશન રાખવાથી વાલી તરીકેની ફરજ પૂરી થઈ જતી નથી. પોતાના બાળક પાસે સારા મિત્રોની અપેક્ષા રાખે છે પણ તેના મિત્રો સાથે બેસીને સારી બે વાતો કરવાનો સમય હોતો નથી. બાળકના તન અને મન બંનેનો વિકાસ કરવો તે દરેક માબાપની ફરજ છે અને એટલે જ તે આપણી પહેલી પ્રાથમિકતા હોવી જોઈએ. નહીં તો આજે બાળકના ભોગે પૈસા કમાતા વાલીને ભવિષ્યમાં એ જ પૈસા ખર્ચવા છતાં બાળકોનો ભેટો થશે નહી. આજે બાળકોની અપેક્ષા સંતોષશો તો જ તેઓ ભવિષ્યમાં તમારી અપેક્ષા સંતોષશે. માટે જ બાળકને અમુલ્ય એવી આપણાં સમયની ભેટ આપવી જોઈએ. બાળકને વસ્તુથી નહીં પરંતુ વ્હાલથી જીતવાનો પ્રયત્ન કરવો જોઈએ.●

# પ્રમાણિકતાના પંથે શ્રદ્ધાનો સથવારો

✍ ગાબ્રિયેલ પાઉલભાઈ

એ વાત સાંભળતાં જ માને માથે તો જાણે વીજળી ત્રાટકી !

આશરે ઓગણીસો પંચોતેર પહેલાંની આ વાત છે. ત્યારે મારી ઉંમર માંડ પાંચેક વરસની હશે. છ ભાઈઓ અને મા-બાપ મળી આઠ વ્યક્તિઓનો બહોળો પરિવાર. બાપુજી કોલેજમાં હમાલની માસિક પિસ્તાળીસ રૂપિયાની નોકરી કરે. મા સીમમજૂરીના ઢસરડા કરી માંડ એકાદ રૂપિયો રળી લે. ત્યારે કોઈ ભાઈ કમાઈ શકવાની સ્થિતિમાં નહિ. ટૂકી આવકમાં છ ભાઈઓનું ભરણપોષણ કરતાં વરસે દહાડે છ રૂપિયા પણ બચતાં નહિ ઉપરથી છસો રૂપિયાનું વાણીયાનું લેણું તો ઊભું હોય એ જુદુ ! પૈસો ક્યાં જાય છે એ ત્યારે તો ગૌણ બાબત હતી, પૈસો ક્યાંથી આવશે એ જ મુખ્ય બાબત ગણાતી.

આવી કપરી સ્થિતિમાં એક દિવસ બાપુજીના સમાચારે માને માંથે તો જાણે વીજળી ત્રાટકી.

વાત એમ હતી કે બાપુજી નોકરી કરતાં એ કોલેજની ચાવીઓ બાપુજીને હાથ. છૂટતી વેળા બધી રૂમો બંધ કરવાની એમની જવાબદારી. સવારે વહેલા જઈને બાપુજીએ જ રૂમો ખોલવાની. બાપુજી પોતાની જવાબદારી નિષ્ઠાથી બજાવે. આટલા વરસોની નોકરીમાં કદી ચૂક થયેલી નહિ. કોલેજમાં સૌને એમની પર ભરોસો. બાપુજીએ પણ એ ભરોસો અકબંધ રાખેલો. એક દિવસ નિત્યની પેઠે બાપુજી કોલેજ જવા નીકળ્યાં. એ દિવસનો સૂરજ એમની હથેળીમાં જુદી જ ભાગ્ય રેખાઓ ચિતરવાનો હતો. જેની જાણ બાપુજીને તો ક્યાંથી હોય ? એ દિવસે પણ રોજના સમયે જ તેઓ કોલેજ પહોંચ્યા. રૂમ ખોલી અંદર ગયાં. રૂમમાં થયેલો ફેરફાર તેમને ચોંકાવી દેનારો હતો. છત પર રોજની માફક લટકતાં બે પંખા ગાયબ હતાં. બાપુજી કશું સમજી જ ના શક્યાં કે પંખા ગયાં ક્યાં ? તેમનાં ચહેરાં પર ચિંતાના વાદળો છવાયાં. તેમના માટે આ એવો પ્રશ્ન હતો જેનો હાલ તેમની પાસે કોઈ જ જવાબ નહોતો. અણધારી બનેલી આ ઘટનાની વાત તેમણે લાગતા વળગતાઓને કોલેજમાં કરી. માથા પર ઘેરાયેલાં ચિંતાના વાદળો સાથે તે હવે મોટા સાહેબના આવવાની જ રાહ જોઈ રહ્યાં. મોટા સાહેબ આવીને શું નિર્ણય લે છે તે તેમના માટે મુંઝવતો પ્રશ્ન બની ગયો. મનોમન તેમણે ભગવાનને સ્મરવા માંડ્યાં.

આટલા વરસની ઈમાનદારીથી કરેલી નોકરીમાં આ પ્રથમ વખત જ ગ્રહણ ઊભું થયું હતું. હેમખેમ ઉગરી જવાય એ જ એમના માટે મહત્ત્વનું હતું. પોતે નિર્દોષ છે એ વાત એમના અંતરાત્મા સિવાય કોઈ જાણતું નહોતું. બધાં કહેતાં ખરા કે કોઈએ તેમને ફસાવવા માટે જ ઈર્ષાથી પ્રેરાઈને આ હીન કૃત્ય કર્યું હશે. પણ એના માટેય કોઈ આધાર તો હોવો જોઈએ ને ! લગભગ દશ વાગ્યા પછી સાહેબ આવ્યાં. પોતાની ઓફિસમાં જઈને બેઠા પછી થોડી વાર બાદ રોજની માફક બાપુજી મળવા ગયાં. ઉત્સાહ વિનાનું અને ચિંતાથી ભરેલું તેમનું શરીર સાહેબ સામે જઈને ખડું રહ્યું. સાહેબે પણ આ ફેરફાર નોંધ્યો. સાહેબ બાપુજીના ખાસ હિતેચ્છુ. તરત બોલી પડ્યાં, ‘પાઉલ, કેમ આજે શું થયું છે ? મ્હોં કેમ પડી ગયું છે ?’ સાહેબની લાગણીનો સ્પર્શ થતાં જ બાપુજીનો બંધ તૂટ્યો. ઘટેલી ઘટનાનું બયાન તેમણે રજૂ કર્યું. એક પળે તો સાહેબને પણ વિશ્વાસ ના પડ્યો. થોડી ક્ષણો વિચાર્યા પછી તે બોલ્યા, ‘તું ચિંતા ના કર, આપણે બે દિવસ રાહ જોઈએ. આમતેમ તપાસ કર્યા પછી જો ના મળે તો ...!’

બાપુજી નિશ્ચેતન થઈ ગયા. જો કે સાહેબે તેમના પ્રતિ હમદર્દી દાખવીને જ બે દિવસ આપ્યા તે તેમની કદર કર્યા બરાબર હતું. આ બે દિવસમાં બાપુજીએ પોતાના માટે પ્રમાણિકતાનું નવું પ્રમાણપત્ર મેળવવાનું હતું. એ ઘટનાનો આખો દિવસ પસાર કરતાં બાપુજીનો જાણે આખો ભવ પસાર થઈ ગયો. સાંજે ઘરે ગયા તે પણ માત્ર જવા ખાતર જ. બાપુજીની જીવતી છબી જોઈને માને પણ અચંબો થયો. તેનાથી પૂછ્યાં વગર ના રહેવાયું. પ્રતિભાવમાં તેમણે માત્ર એટલું જ જણાવ્યું કે, ‘કોલેજમાં પંખાની ચોરી થઈ છે.’ માને જરા પણ સંતોષ ના થયો. તેને ખબર કે બાપુજી પુરી વાત તેને કદી જણાવશે નહિ. બાપુજી પણ આ વમળમાં પરિવારને લાવવા માંગતા નહોતા. પણ મા કંઈ એમ બેસી રહે એમ નહોતી. કોઈને કહ્યાં વગર સીધી તે ગઈ બાપુજીની જોડે નોકરી કરતાં ગામના જ એક કાકા જોડે. ત્યાંથી તેને સઘળી બીના જાણવા મળી. તેને એમ પણ જાણવા મળ્યું કે જો બે દિવસમાં પંખા ના મળે તો તેમની નોકરી સામે મોટો પ્રશ્નાર્થ ખડો થવાનો હતો. નોકરી જાય એ કલ્પનાએ જ માને માથે આભ પડ્યું !

ઘેર આવીને ચુલો પેટાવાની પણ ઈચ્છા મરી પરવારી. ચિત ચગડોળે ચડ્યું. બાપુજીની નિર્દોષતા પર માને જરા પણ શક નહોતો. અને નિર્દોષતા પંખા મળ્યે જ સિદ્ધ થવાની હતી ! ‘‘હવે કરવું શું ?’’ એ બાપુજી કરતા માને માટે મોટો પ્રશ્ન થઈ ગયો. એ વખતની એની એ ક્ષણો કેવી હશે એ તો એણે જ અનુભવ્યું હશે. ઘરમાં તો બંનેના માત્ર આત્મા વગરના દેહ જ ફરતાં હતાં. અમ ભાઈઓને તો કશી ગતાગમ લે જ નહિ. માત્ર મોટો ભાઈ જ જાણે અને સમજે. અચાનક માને અંતઃપ્રેરણા જાગી. ઊભી થઈને તે હાથપગ ધોવા ગઈ. બાપુજી તો ખાટલો ઢાળીને નામના જ જાગતા મને સુઈ ગયા. અમે ભાઈઓ તો સુનમુન જોયા કરીએ. મા આવીને ઘરમાં બનાવેલી વેદી આગળ હાથ જોડીને બેસી ગઈ. પુરી શ્રદ્ધાથી બંધ આંખે તેણે તેના આરાધ્ય દેવને વિનવણી કરવા માંડી. માના મનમાં એક જ મહાત્માનું રટણ શરૂ થઈ ગયું અને તે મહાત્મા એટલે ‘ફાધર ઐશલા એસ.જે.’

માનું પિયર પેટલાદ પાસેનું નાર ગામ. નાર આમોદ તાબામાં આવે. એ તાબામાં ફાધર ઐસલાનું ખૂબ જ માન સન્માન. લોકો દેવની જેમ તેમને પૂજતા. તેમના સદકાર્યોની સુવાસે આખો તાબો ઈસુ તરફ

વળેલો. એમનો પડ્યો બોલ લોક ઉથામતું. એમના અવસાન બાદ લોકોની આસ્થામાં તેઓ સંત તરીકે બિરાજવા લાગ્યાં. એમાં પણ એમના અસ્થિને આમોદમાં કબરમાં ભવ્ય સરઘસ અને માનસન્માન સાથે દફનાવવામાં આવ્યા પછી તો ફાધર તાબાના લોકો માટે તો શ્રદ્ધાનું પ્રતીક બની ગયા. માને પણ આ ફાધરમાં અતૂટ શ્રદ્ધા. એ શ્રદ્ધાને બળે જ મા બે દિવસ ઉપવાસ અને ફાધરની કબર પર પાંચ મીણબત્તીની માનતા હૈયે ધરી બેઠી.

વેદીએથી ઊભા થઈને તેણે છોકરા માટે રાંધી નાખ્યું, મા સિવાય અમે ખાધુ ના ખાધુ કર્યું. માની શ્રદ્ધાની કસોટી શરૂ થઈ. ચિંતાઓથી ઘેરાયેલી રાત તો તેની ખુલ્લી આંખે જેમતેમ પસાર થઈ ગઈ. સવારના ઊઠીને નાહી ધોઈને પ્રથમ કામ તેણે પ્રાર્થનાથી કર્યું. પ્રાર્થનામાં એ જ એનો અરાધ્ય દેવ - એટલી જ પૂરી શ્રદ્ધા. પ્રાર્થના પછી ઝટપટ ચૂલો પેટાવી ચા તૈયારી કરી બાપુજીને જગાડ્યાં. બાપુજીની આંખો લાલઘુમ હતી જે તેમની આખી રાતના ઊજાગરાની ચાડી ખાતી હતી. સમ દઈને માએ બાપુજીને ચા પાઈ. મા હૈયામાં ચમત્કારની આશા લઈને સવારના કામે વળગી. અમે પણ વારાફરતી ઊઠી ચા-ભાવ પતાવી પોતપોતાની પ્રવૃત્તિમાં પરોવાયાં. સમય એનું કામ કરવા માંડ્યો. બાપુજી નિત્ય સમયે કોલેજ જવા નીકળ્યાં. ચાલતા - ચાલતા પણ તેમને તો કોલેજના દરવાજે મૂકેલા પંખા જ દેખાતાં. કોલેજ પહોંચીને કામે વળગ્યાં તેય કશા ચિત વગર. એકાદ વાર તો સાહેબે પણ તેમને હામ દેવી પડી. બે દિવસમાનો પહેલો દિવસ તો પસાર થવા લાગ્યો. પરિણામનો કોઈ અણસાર જણાતો નહોતો.

આ બાજુ મા પોતાના સૌભાગ્યને જીતાડી લેશે એવી અદમ્ય એષણાથી શ્રદ્ધાના તાંતણે બંધાઈ હતી. એ દિવસે મેં પણ કેટલીયે વાર ફાધર ઐસલાના નામ સાથે ગણગણતી સાંભળેલી. રાતથી તેનું પેટ ખાલી હતુ પણ તેનો અંતરાત્મા, તેનો માંહ્યલો તો ભર્યો ભર્યો હતો. સાંજ પડે અને બાપુજી ઘેર આવી શુભ સમાચાર આપે તે સાંભળવા તેના કાન તત્પર બન્યાં હતાં. બાપુજીના આવવાના સમયે તે ઘરની પરસાળમાં કુંભીને અઢેલીને બેઠી. થોડી વારની આતુરતા બાદ બાપુજી આવ્યાં. તેમના ચહેરા પર વિજયની એક પણ રેખા ના જોતા તેને કશું પૂછવાની હિંમત ના ચાલી. બાપુજીની તો જીભ જ ઉપડવી બંધ થઈ ગઈ હતી. વગર જણાવ્યે માને આજના દિવસનો ચિતાર મળી ગયો હતો. પણ માની પાસે હજુ એક દિવસ બાકી હતો. બાપુજી તો જાણે હિંમત જ હારી બેઠા હતા. મા તો ફરી પાછી હાથપગ ધોઈ વેદીએ બેસી ગઈ. આ વખતની તેની પ્રાર્થના લાંબી ચાલી. જો કે તેના ચહેરા પર ચિંતાઓ હતી પણ પરાજય નહોતો. પ્રાર્થના બાદ એ જ નિત્યક્રમ. અમારું ખાધુ ના ખાધુ,બાપુજીનું ખુલ્લી આંખે સુઈ જવું અને માનું ફાધર ઐસલાનું રટણ, આજની રાત તો ખરી કટોકટીની રાત હતી. કાલનો સૂરજ કેવું ભાગ્ય રચવાનો હતો એ ફાધર ઐસલા અને માની શ્રદ્ધા વગર બીજું કોણ જાણતું હોય !

અમારું ઘર સૂર્યાભિમુખ એટલે સવારના સૂર્યોદયનું કિરણ પરસાળમાં પડ્યું અને અમારા ઘરમાં રાત વીતી ને સવાર થઈ ! ઘર જીવતું થયું. હારેલા પિતાજી તો આજે નોકરીનો છેલ્લો દિવસ માનતા. માના અંતરનો ભાવ જુદો. બાપુજીની નિરાશા, માની અતૂટ શ્રદ્ધા અને અમારી અસમંજસતા ! બધાંના મન ભરેલા પણ કોઈની જીભ કામ ના કરે. અજીબોગરીબ ભાવ દરેકના ચહેરે. મૂંઝારાની આ પળોએ દરેકને વશ બનાવી દીધેલા ! મા કશુ ના બોલે પણ એનું હૈયું સતત રટણરત હતું. નોકરી જવાનો સમય થયો એટલે બાપુજી સળવળ્યાં. આજનો દિવસ શું વિતાડશે એની કલ્પના જ તે કરી શક્યા નહિ. હાથમાં થેલી લઈ જેવા તે બહાર નીકળ્યાં કે મા આવીને બોલી, ‘ફાધર ઐસલાની પ્રાર્થના ફળશે : તમને કશું થશે નહિ.’ જતાં બાપુજીને મા છેક સુધી જોઈ રહી. ઘરમાં આવી વેદી આગળ ગોઠવાઈ ગઈ.

બાપુજી કોલેજ પહોંચ્યા ત્યારે પોતાને મોડું થયું હોય તેવું તેમણે અનુભવ્યું. કારણ બીજા કર્મચારીઓ ત્યાં હાજર હતાં. બધા તેમને જોઈ રહેલાં. પણ બાપુજીની કોઈની સામે જોવાની હિંમત રહેલી નહિ. જેમતેમ આગળ વધી સાહેબની ઓફિસે આવ્યા. એ વખતની એમની મનોસ્થિતિને કોણ વર્ણવી શક્યું હશે ? રોજની માફક પોતાની કામગીરી આરંભી. અચાનક કોઈકે બૂમ પાડી ‘પાઉલ, સાહેબ બોલાવે છે.’ તેમના અંતરમાં ફાળ પડી. ‘પ્રમાણિકતાથી ભરેલી નોકરી અપ્રમાણિકતાના પ્રમાણપત્ર સાથે આજે છીનવાઈ જશે !’ સાહેબની ઓફિસમાં જઈ ઊભા. સાહેબ તેમની સામે જોઈ રહ્યાં. બાપુજી સાહેબનો નિર્ણય સાંભળવા અને ઘેર જવાની તૈયારી સાથે જ આવ્યા હતા. સાહેબે એક સેવકને બોલાવી ‘પેલી વસ્તુ’ લઈ આવવા કહ્યું. બાપુજીની સામે જોઈ સાહેબ બોલ્યાં ‘પાઉલ, આજે તારે ઘરે જવું પડશે !’ જે થવાનું હતું એ આખરે થઈને જ રહ્યું. બાપુજી તો જીવ વગરનો દેહ બની ગયા. સાહેબ સામે જોવાની હિંમત તો ક્યાંથી હોય ? ‘સારું, હું જઉં છું.’ બોલી પાછા ફરવા જતાં હતાં ત્યાં જ સાહેબે તેમને રોક્યાં. ત્યાં તો પેલા સેવક સાહેબે મંગાવેલી ‘પેલી વસ્તુ’ લઈ આવ્યાં. ટેબલ પર મૂકેલી એ વસ્તુ જોતાં બાપુજીને પોતાની આંખો પર જ વિશ્વાસ ના બેઠો ! તેમનું મન માનવા રાજી જ નહોતું. શરીરમાં ક્યાંક ક્યાંક જીવે પ્રવેશ કર્યાનું તેમણે અનુભવ્યું. નીરવ સન્નાટાને તોડતાં સાહેબ બોલ્યાં ‘પાઉલ, તારી પ્રમાણિકતા જીતી, જો આ તારી નિષ્ઠા કલંકિત થયાં વિના પાછી આવી.’ ટેબલ પર બે પંખાને જોતાં બાપુજીના થંભી ગયેલા આંસુ સુખમય બની વછુટ્યાં. આભારવશ સાહેબની સામે જોઈ રહ્યાં. સાહેબ બોલ્યાં, ‘કાલે રાતે કોઈક ઓફિસના પાછલા દરવાજે આ બે પંખા મૂકી ગયું. કોઈકની શ્રદ્ધાએ એનામાં વસવસો જગવ્યો હશે. કોઈકે એને પાપમાં પડતો અટકાવ્યો અને કોઈકના પુણ્યએ તને ઉની આંચ ન આવવા દીધી.’ કોની શ્રદ્ધા અને કોનું પુણ્ય એ બાપુજીને સમજવાની જરૂર ના પડી ! બાપુજી માત્ર એટલું બોલ્યાં ‘સાહેબ મને આજે ઘેર જવાની રજા આપો.’ સાહેબે પણ તેમને ઘેર જવાની રજા આપી.

પાછા વળતા બાપુજીના ચરણોએ પાંખો વળગી. હૈયુ આનંદસભર, મન નિશ્ચિંત. રોજનું ઢૂકળું અંતર આજે વેગળુ લાગવા માંડ્યું. ઘરમાં મા ફાધરમાં શ્રદ્ધાના બળે ઓતપ્રોત હતી. બાપુજીને જોતાં જ તેમનો ચહેરો વાંચવા માંડી. બાપુજી કાંઈક બોલે તે પહેલા તો વેદી આગળ જઈ તેના આરાધ્યને આભારવશ ઝૂકી. બાપુજીના મોઢેથી સઘળી વાત સાંભળી તેના રોકાઈ રહેલા આંસુ વહ્યા. બોલી, ‘આપણે આજે આમોદ જઈએ.’

બાપુજી કાંઈ પણ બોલ્યાં વગર તેને અનુસર્યા.

***

ફાધર જે. ઐશલાએ આમોદ મિશનમાં ઘણી સેવા આપી હતી. ૯મી એપ્રિલ ૧૯૪૭ના રોજ તેમનું અવસાન થયું હતું. તેમની સેવાઓને કદર કરતું એક વિલાપ કાવ્ય સ્વ. બાર્નાબાસ ખ. ડાભીએ લખ્યું હતું અને દૂતના એપ્રિલ ૧૯૪૭ના અંકમાં પ્રસિદ્ધ થયું હતું. જે નીચે પ્રમાણે છે.

**આમોદ મિશનના રેવ. ફા. જે. ઐશલા એસ.જે.ના અમર આત્માને**

ઝળહળતા દીપક ગુર્જરમાં સ્પેન થકી પ્રગટિયા,
ખ્રિસ્તતણા સાધુમંડળના શૂરા સેવક આવ્યા;
ગામેગામ ફરી વળિયા, સહુના દિલ વિશે ભાવ્યા...૧

બત્રીસે એક દીપક એવો ગુજરાતે પ્રગટિયો,
આણંદે દિન કૈંક રહી તે આમોદે ઉપડિયો;
જઈને આમોદે ઠરિયો, દેવનો મહિમા ત્યાં કરિયો... ૨

ફરતાં ગામે સફર કરી જો ખ્રિસ્ત ઈસુના પ્રેમે,
યજ્ઞો અર્પ્યા; ઉપદેશો, સંસ્કારો ધીમા રે'મે;
ચાલ્યા ખ્રિસ્તતણા નેમે, ઘેટડાં સંભાળ્યાં પ્રેમ...૩

બારું મારું બાકી રે' ના એ ધ્યેય ત્યાં ધાયા,
વિદેશીઓને ધર્મ શીખાડી વળગાડી ઈશમાયા;
ખ્રિસ્તનાં પ્રેમામૃત પાયાં, ભક્તને સુપંથે આણ્યાં...૪

ભૂખ, તરસ, ઠંડી, ગરમીની પરવા રજ ના કીધી,
દેવ ઉપરના પૂરણ પ્રેમે ખાંધે ઝૂંસરી લીધી;
કરવાને સૌની સિદ્ધિ, હોમી શક્તિ સર્વ દીધી...૫

ચુંમાલીસ મહીં પેટલાદે માનું તીર્થ ઉઘાડ્યું,
આરોગિય માતાને મેળે પર્વ મહા ઉજવીયું;
દેવળ દિલ મહીં ચણિયું, બા'ર ચણવા તે દર્શાવ્યું...૬

તે આશા સેવી અંતરમાં સુડતાલીસે પાયા
માતાનો મેળો ઉજવતાં અનહદ હેતે નાખ્યા;
વળતી દર્દે પીડવિયા, દર્દના ઉપચારે ધાયા...૭

દેહ-દર્દ વાધ્યું તે ગુર્જર પ્રેમે વેઠી રોયા,
તારીખ નવ રવિની સાંજે અંતરનાને જોયા;
ત્યારે પ્રાણ તમે છોડ્યા, પ્રભુએ સ્વર્ગમહીં ખોળ્યા...૮

દેવળ થાએ ત્યારે 'બાપુ' સ્વર્ગમહીંથી જોજો,
દેવળના મિનારા દેખી દિલ વિશે હરખાજો;
આશિષ ત્યાં રહીને દેજો, દેવને અમ અરજો કે'જો...૯

ગુર્જરનાં બાળોની દેવા નમ્ર અરજ સાંભળજો.
બાપુ અમારા આઈશલાને તમ ગોદે સાચવજો;
આપનાં પ્રેમપીણાં પાજો, ત્યાં અમને ભેગા કરજો...૧૦


## મહેશ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**"નવી એ.સી. લક્ઝરી બસ માટે ઈશ્વરપિતાનો આભાર"**

**(૧) ગોવા-મહાબળેશ્વર - પંચગીની - ખંડાલા - લોનાવાલા - મુંબઈ**

**(૧) પ્રવાસ** તા. ૦૩/૧૧/૧૮ **પરત તા.** ૧૧/૧૧/૧૮ (૨ બસ ફૂલ)

**(૨) પ્રવાસ** તા. ૨૬/૧૧/૧૮ **પરત તા.** ૦૪/૧૨/૧૮

**(૩) પ્રવાસ** તા. ૨૨/૧૨/૧૮ **પરત તા.** ૩૦/૧૨/૧૮

**ટિકિટ દર :** રૂા. ૬૨૦૦ (નોન એ.સી.), રૂા. ૬૭૦૦ (એ.સી. બસ)

**(૨) ઉદેયપુર - જોધપુર - જયપુર - પુષ્કર - કુંભલગઢ - હલ્દીઘાટી - અજમેર**

**પ્રવાસ તા.** ૧૨/૧૧/૧૮ **રાત્રે** ૮:૦૦ કલાકે

**પરત તા.** ૧૮/૧૧/૧૮ સવારે

**ટિકિટ:** રૂા. ૪૯૦૦(નોન એ.સી.), રૂા. ૫૪૦૦ (એ.સી. બસ)

**(૩) મુંબઈ (સાઈટસીન) - એલિફન્ટા કેવ**

**પ્રવાસ તા.** ૦૭/૧૨/૧૮ **રાત્રે** ૮:૦૦ કલાકે

**પરત તા.** ૧૦/૧૨/૧૮ સવારે

**ટિકિટ:** રૂા. ૨૫૦૦(નોન એ.સી.), રૂા. ૩૦૦૦ (એ.સી. બસ)

**(૪) માઉન્ટ આબુ**

**પ્રવાસ તા.** ૨૨/૧૧/૧૮ **રાત્રે** ૮:૦૦ કલાકે

**પરત તા.** ૨૫/૧૧/૧૮ સવારે

**(૫) કચ્છ - સફેદ રણ - કાલા ડુંગર - કોટેશ્વર - નારાયણ સરોવર, માંડવી બીચ - ભૂજ - અંજાર**

**પ્રવાસ તા.** ૨૫/૦૧/૧૯ **રાત્રે** ૮:૦૦ કલાકે

**પરત તા.** ૩૦/૦૧/૧૯ સવારે

**ટિકિટ:** રૂા. ૪૦૦૦(નોન એ.સી.), રૂા. ૪૫૦૦ (એ.સી. બસ)

- દરેક પ્રવાસમાં એક ટાઈમ ચ્હા–નાસ્તો, બે ટાઈમ જમવાનું તથા હોટલમાં રહેવા સાથે.
- દરેક પ્રવાસ અમદાવાદ–નડિયાદ–આણંદ–વડોદરાથી બસ જશે અને સીટ બુકીંગ પણ થશે.
- રૂા. ૧૦૦૦/– આપી સીટ બુક કરાવો.

### બસ ઉપડવાનું સ્થળ

(૧) સી.ટી.એમ. અમદાવાદ
(૨) છાણી જકાતનાકા, વડોદરા

**: આયોજક :**
**મહેશ એચ. વાઘેલા (ક્રિશ્ચિયન)**
**મો. ૯૮૨૫૫ ૬૮૨૮૧ / ૮૩૨૦૧ ૫૦૭૩૮**

# પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. થોમસ કે. પરેરા**

**Retired Superintendent - Central Excise and customs**

જન્મ : ૨૯-૦૬-૧૯૫૨

અવસાન : ૨૩-૦૯-૨૦૧૮

**લિ. વિમળા, ચિંતન, જેક્વેલીન, ચિંકલ, આશિષ**
**દાદાના વ્હાલા બાળકો સેરન, પર્લ, પીહુ**
**તથા સમગ્ર પરિવાર - બરોડા**

**'A great soul serves everyone all the time and never dies, it brings us together again and again."**

અમારા વ્હાલા પપ્પા,

જેની શીતલ છાયામાં સમગ્ર પરિવાર સુખેથી અને નિશ્ચિંત રહેતો એવા ઘટાદાર વૃક્ષ સમા પપ્પા તમે નથી રહ્યા એ મન માનતું નથી. છતાં કહ્યું છે ને "Say not in grief 'he is no more' but in thankfulness that he was."

ક્યારેક રોદ્ર, રુક્ષને તીખા તો ક્યારેક મધ મીઠા ! સત્યના રણકારથી ગુંજતું તમારું નીડર વ્યક્તિત્વ, હરહંમેશ active અને કોઈપણની મદદ માટે ever-ready, તમારી dictionary માં 'ના' શબ્દ જ નહિ, સમાજનું ભલું કરવા હંમેશા ઉત્સાહી, કોઈ ક્ષેત્રમાં તમારું knowledge ઓછું ન ખપે, તમે ખરે જ Versatile genius હતા. તમારી સુવર્ણ સલાહો તો હવે સર્વ માટે દુર્લભ બની ગઈ.

તમારું અનુશાસન, શિસ્ત, તમારો અપ્રદર્શિત અનંત પ્રેમ, તમારો અતિ caring nature પળે પળે યાદ આવે છે. અમ સંતાનો માટે તો તમે દરેક પળે યુવાન રહેતા, જીવનની તમામ પળોને enjoy કરતા અને કરાવતા. તમે જ અમ સર્વની ધરોહર, અમારી ઢાલ, અમારું કલ્પવૃક્ષ અને અમારા Superhero હતા.

પરમેશ્વરનાં સાંનિધ્યમાં બિરાજેલ આપ, અમારા માટે ઈશ્વરને પ્રાર્થના કરજો કે પુનરુત્થાનની પ્રભાતે આપણે ફરી મળીશું.


# TEACHERS REQUIRED

***CBSE Affiliated School in Rajasthan***

## FROM THE SECOND SEMESTER ONWARD:

- **Secondary Teachers for English, Maths, Science, Social Studies, Art & Craft and Activities**
- **Also an opportunity FOR 12th pass/Graduates to teach in Primary Classes for all Subjects**

**Fluency and accuracy in English is must**

**Contact: Dipak Christi - Mo. 9909017887**

**Salary Negotiable/ Free Accommodation**

**Mail your Resume: jobs@shriajitschool.org**

## Shri Ajit Vidhya Mandir

**Shanti Nagar, Sirohi 307001 (Rajasthan)**

**www.shriajitschool.org**

# ખ્રિસ્ત શાંતિદાતા

✍ જયપ્રકાશ ટી. રોય

હું તમને શાંતિ આપીને જાઉં છું. સારી શાંતિ હું તમને આપું છું જેમ જગત આપે છે તેમ હું તમને આપતો નથી. તમારાં હૃદયોને વ્યાકુળ થવા ન દો અને બીવા પણ ન દો. (યોહાન ૧૪:૧૭)

આજના યુગનો માનવી સાચે જ શાંતિની શોધમાં આમતેમ ફરતો હોય છે. ઉપરના વચન પ્રમાણે તો એવું જ સમજી શકાય કે ખ્રિસ્ત આ જગતમાં હતા ત્યારે શાંતિનું સામ્રાજ્ય હતું. તેવું સમજી શક્યા પણ એવું પણ વચનમાં લખેલું છે કે જગત આપે છે તેમ હું તમને આપતો નથી.

ખરેખર આજના સમયમાં સૌથી વધારે બોલતો અને સાંભળતો જો કોઈ એક શબ્દ હોય તો તે છે 'ટેન્શન'. વાત પણ સાચી જ છે. યુવાનોને નોકરીનું ટેન્શન છે. ખેલાડીઓને હારજીતનું તો વળી નેતાઓને ચૂંટણીનું, તો વળી બાળકો માટે એવું બોલાય છે કે ભાર વિનાનું ભણતર પણ આજે બાળકોના સ્કૂલ દફતર એટલા ભારથી ભરેલા હોય છે કે વાલીઓએ ઊંચકવા પડે છે. આમાં શાંતિ જેવું કોઈના પણ કાર્યમાં લાગતું જ નથી.

જો ખરેખર આ બધાથી બચવું હોય અને જીવનમાં શાંતિ જોઈતી હોય તો એક જ શબ્દ જગત પરના જીવનમાં ઉતારવો રહ્યો તે છે. 'એડજેસ્ટ એવરી વ્હેર' આ ટેન્શનભર્યા વાતાવરણમાં જો એડજેસ્ટ નહીં થઈએ તો ખૂબ જ મુશ્કેલી અનુભવાશે. આ જીવનરૂપી સંસાર-સાગરમાં બીજું કશું ન આવડે તો વાંધો નહીં પણ 'એડજેસ્ટ' થતાં આવડ્યું તો ફાવી ગયા તેવું જ સમજવું. બાઈબલના બહુમૂલ્યવાન વચનો શાંતિ વિશે આપણને ઘણું બધું સમજાવે છે. તે તરફ આપણે નજર કરવી જ રહી.

- એકબીજાને મહત્ત્વના ગણો... પક્ષાપક્ષીથી કે અભિમાનથી કંઈ ન કરો. દરેકે નમ્રભાવથી પોતાના કરતાં બીજાઓને ઉત્તમ ગણવા, તમે દરેક પોતાના હિત પર જ નહીં પણ બીજાઓના હિત પર લક્ષ રાખો. (ફિલીપી ૨:૩-૪)

- ખુલ્લું મન રાખીને ધ્યાનથી સાંભળો... ટંટાખોર નહિ પણ નમ્ર રહીને સર્વ માણસોની સાથે પૂરેપૂરા વિનયથી વર્તવાનું તેઓને યાદ અપાવ. (તીતસ ૩:૧-૨)

- ધીર અને માયાળુપણુ કેળવો... લાંબી મુદતની સહનશીલતાથી અધિકારીનું મન માને છે અને કોમળ જીભ હાડકાંને ભાંગે છે. (નીતિ ૨૫:૧૫)

- અપશબ્દો બોલશો નહિ અથવા મારપીટ કરશો નહિ... રીસ, ક્રોધ, અદાવત, નિંદા તમારા મુખમાંથી નીકળતા બિભત્સ વચન એ સર્વને ત્યજી દો. (કોલોસી ૩:૮)

- માફ કરવા અને મતભેદો થાળે પાડવા તત્પર રહો... એક બીજાનું સહન કરો, ને જો કોઈને કોઈની સાથે તમને રાખશે કેમ કે જે માપથી તમે માપી આપો છો, તેથી તમને પાછું માપી આપવામાં આવશે. (લુક ૬:૩૮)

શાંતિ વિશે બાઈબલ યશાયાના પુસ્તકમાં ૫૩ની ૫મી કલમ આ જણાવે છે કે, 'પણ આપણા અપરાધોને લીધે તે વીંધાયો આપણા પાપોને લીધે તે કચડાયો. આપણને શાંતિ પ્રાપ્ત કરાવાને માટે તેને શિક્ષા થઈ, ને તેના સોળથી આપણને સાજાપણું મળ્યું છે. આ રીતે જગતની ઉત્પત્તિની સાથે ને પ્રભુપિતાના આગમનની શરૂઆતથી જ શાંતિની લહેરોની શરૂઆત થઈ હતી. આજના દિવસે પણ આખુ વિશ્વ શાંતિની ઝંખના જ કરે છે. ઘણી બધી એવી બાબતો આ વિશ્વમાં ઊભી કરેલી છે જે આ દુનિયાની શાંતિની અવગણના કરી રહી છે. તે દૂર થાય માટે એવા કાર્યના આયોજનો કરીએ, પ્રભુપિતાની સહાય માંગી એને શાંતિનું વાતાવરણ ઊભુ થાય તે માટે આગળ વધીએ ને લોકોને આ કાર્યમાં જોડાવવા પહેલ કરીએ.'

એક ગામમાં રહેતા ભાઈના હાથની ઘડિયાળ ખોવાઈ ગઈ. ભેટ આપેલી ઘડિયાળ ખોવાઈ જાય તે ન ગમે. ઘડિયાળની શોધમાં એ ભાઈએ ખૂબ જ પ્રયત્નો કર્યા. ગુસ્સામાં બૂમો પાડતાં પાડતાં ઘરનો એકએક ખૂણો જોયો. પણ ઘડિયાળ ન મળી. એના મનમાં એક વિચાર આવ્યો કે હું નાના બાળકોની મદદ લઉં. કારણ કે હું જ્યાં નથી જોઈ શકતો ત્યાં આ બાળકો જોઈ શકશે. તેણે બાળકોને બોલાવીને તે કાર્ય કરવા માટે કહ્યું અને ઈનામ આપીશ તેવી વાત પણ જણાવી. બાળકો ખુશ થઈ ગયા ને ઘડિયાળ શોધવા લાગ્યા. ૨-૪ કલાકની મહેનત પછી પણ પરિણામ શૂન્ય આવ્યું. બધા બાળકો નિરાશ થઈ ગયા... એટલામાં એક છોકરો આવ્યો પણ શરત માત્ર એટલી જ કે મારી સાથે આ રૂમમાં બીજું કોઈ ના આવવું જોઈએ.

પેલા ભાઈને તો ઘડિયાળ જોઈતી હતી. એટલે છોકરાની વાત સ્વીકારી અને પેલા છોકરાએ ઘડિયાળની શોધ શરૂ કરી. થોડીવારમાં જ એ ઘડિયાળ લઈને બહાર આવ્યો. પેલા ભાઈને થયું ઘડિયાળ આ બાળકે ચોરીને સંતાડી તો નહીં હોય ને ? અમે બધાએ ઘણી મહેનત કરી તો અમને ન મળી અને આ માત્ર થોડી મિનિટોમાં જ ઘડિયાળ શોધી લાવ્યો. એણે બાળકને પ્રશ્ન કર્યો કે તેણે આ ઘડિયાળ કેવી રીતે શોધી ?

બાળક બોલ્યો, "વિશેષ પ્રયત્ન કરવાની કોઈ જરૂર જ ન હતી. હું રૂમમાં ગયો અને બારી-બારણાં બંધ કર્યા અને પછી કાન સરવા કરીને અવાજ સાંભળવા પ્રયાસ કર્યો તો મને ઘડિયાળનો ટીક-ટીક અવાજ સંભળાયો અને અવાજની દિશામાં જઈને જોયું તો ઘડિયાળ મળી."

ઓરડાની શાંતિ ઘડિયાળ શોધવામાં મદદરૂપ થઈ તેમ મનની શાંતિ જીવનમાં ઊભી થતી સમસ્યાઓનો ઉકેલ શોધવામાં મદદરૂપ થશે અને આ કાર્ય માટે બાઈબલના ઉત્તમ વચનો તરફ જવું જ પડશે. આ વાતો સમજવા ઈશ્વરપિતા સૌને રૂડું મન પૂરું પાડે એ જ પ્રાર્થના.●

# લાભદાયક દુઃખ

✍ જસવંત મેકવાન – તંત્રીશ્રી

‘સુખદુઃખ મનમાં ન આણીએ રે’ એમ આપણા એક કવિએ જીવનનો અનુભવસાર રજૂ કર્યો છે, સુખની વાત છોડીએ પણ દુઃખને વિસારે પાડવું એટલું સરળ તો નથી ! આપણને જેના પ્રત્યે આસક્તિ હોય તે ન મળે અને જે અન્ અપેક્ષિત હોય તો સામે મળે ત્યારે દુઃખ થાય એ સ્વાભાવિક છે. આજની વ્યસ્ત દુનિયામાં અન્યનાં દુઃખદર્દ હળવાં કરવા ભાગ્યે જ કોઈને સમય કે દાનત હોય છે. પ્રત્યેક પોતાનામાં એટલા ગળાબૂડ હોય છે કે પરિવારજનો પણ હવે પરાયાં લાગે છે. આજ કાલ અસ્તિત્વમાં આવેલી એક નવી કહેવત ‘હું અને મારી વહુ, તેમાં બધું બહું’ ઘણું સૂચવી જાય છે, તેમ છતાંયે સુખદુઃખ માનવજીવનમાં વારાફરતી આવે છે, એ સનાતન સત્ય છે; એટલે પ્રત્યેક ધર્મમાં, ધર્મશાસ્ત્રમાં કે સંત મહાત્માઓએ દુઃખનો મહિમા કર્યો છે અને માનવને તેનો સહજ સ્વીકાર કરવા સંદેશ પણ આપ્યો છે.

દર વર્ષે ધર્મસભા ૧૪ સપ્ટેમ્બરના રોજ ‘પુનિત ક્રૂસની પ્રતિષ્ઠાનું પર્વ’ અને તરત જ બીજા દિવસે ‘વેદનામૂર્તિ માતા મરિયમનું પર્વ’ ઉજવે છે. વળી આપણા શ્રદ્ધાળુઓમાં ‘પ્રભુ ઈસુની પીડાની ભક્તિ’(ક્રૂસના માર્ગની ભક્તિ), ‘ઈસુના પાંચ વેહતી ભક્તિ’ તથા ‘માતા મારિયાનાં સાત દુઃખની ભક્તિ’ પ્રચલિત છે. તપઋતુ કાળમાં દાયકાઓથી અંકલપુર કાલવારી ધામ - આંકલાવ ખાતે અને કાટકૂવા(દક્ષિણ ગુજરાત)માં છેલ્લાં કેટલાંક વર્ષથી ભક્તિમેળા યોજાય છે, જેમાં ક્રૂસ ભક્તો ‘ક્રૂસના માર્ગની ભક્તિ’ કરતા દૂરદૂરથી પધારે છે. વળી હમણાં હમણાં થોડાં વર્ષથી શ્રદ્ધાળુઓમાં ‘ચૌદધામ યાત્રા’નું ઘેલું લાગ્યું છે. યાત્રીઓ તીર્થધામોની મુલાકાત કરતાં ક્રૂસના માર્ગનાં ચૌદ સ્થાનની ભક્તિ પણ કરે છે, એટલે ધર્મસભામાં દુઃખભોગનો મહિમા થયો છે અને શ્રદ્ધાળુઓએ પણ તે અત્માસાત કર્યો છે.

સંત પાઉલ કરિંથવાસીઓ આગળ શુભસંદેશની ઘોષણા કરતાં કહે છે : ‘...અમે ખ્રિસ્તની ઘોષણા કરીએ છીએ અને તે પણ ક્રૂસે જડાયેલા ખ્રિસ્તની’ (૧ કરિંથ : ૨૩) ઈસુની પ્રથમ સદીના ઉત્તરાર્ધમાં, સંત પીતર પછીના ત્રીજા વડાધર્મગુરુ સંત ક્લેમેન્ટે આરંભના ખ્રિસ્તીઓને ‘ખ્રિસ્તના રક્ત તરફ અચળ મીટ માંડી રહેવા વિનંતી કરી હતી, જે ઈસુએ ક્રૂસ પર વહાવ્યું હતું. પ્રારંભના ધર્મસંઘ માટે ખ્રિસ્તનું ક્રૂસારોહણ ચિંતન પ્રણવ માટે મહત્ત્વનું ભાથું હતું, તદુપરાંત ક્રૂસની પડખે ઊભાં રહેલાં વ્યથિત માતા મારિયા તરફ ધ્યાન દોરવા પણ સંકેત આપ્યો હતો. સમયાંતરે ૧૩મી સદીમાં ધર્મસભામાં વેદનામૂર્તિ માતા મારિયાની ભક્તિને ઉત્તેજન મળ્યું. વિશેષમાં આજ અરસામાં શરૂ થયેલા સાધ્વીસંઘે(ધ ઓર્ડર ઓફ સર્વન્ટસ ઓફ મેરી)’ માતા મારિયાનાં સાત દુઃખ અને ક્રૂસના માર્ગની ભક્તિનો વિશેષ પ્રચાર-પ્રસાર કર્યો.

સારાંશ એટલો જ કે પ્રભુ ઈસુએ પોતાના જીવન કવન મરણ અને પુનરુત્થાન દ્વારા દુઃખ પર વિજય મેળવ્યો છે અને માનવજાતને આશા બંધાવી છે.

‘પ્રભુ જેના પર પ્રેમ રાખે છે તેને શિક્ષા કરે છે અને જેને જેને પુત્ર તરીકે સ્વીકારે છે તે દરેકને તે ચાબખા મારે છે, તમે જે સહન કરો છો તે શિક્ષા માટે છે; ઈશ્વર તમને પુત્ર જાણીને તમારી સાથે વર્તે છે. એવો કયો પુત્ર હશે જેને પિતા શિક્ષા નહિ કરતો હોય ? બધાને મળતી શિક્ષા તમને ન મળતી હોય તો તમે જારજ પુત્રો છો, સાચા પુત્રો નથી.’ (હિબ્રૂઓ ૧૨:૬-૮) ઈશ્વર તરફથી મળતી આપદાઓ, ઈશ્વરના પ્રેમની નિશાની તરીકે સ્વીકારીએ, સમજીએ તો ઈશ્વરના આશીર્વાદ અચૂક મળે છે. દુઃખને જ્યારે આપણે સજા માનીને ઈશ્વરની વિરુદ્ધ બડબડાટ કરીએ છીએ ત્યારે સંતમહાત્માઓ તેને ઈશ્વરનું વરદાન સમજીને આભાર વ્યક્ત કરતા હોય છે. આપણામાં અને સંતોમાં આ જ તફાવત છે. લીમાનાં સંત રોસાની પ્રાર્થના હતી : ‘પ્રભુ મારાં દુઃખમાં ઉમેરો કરો પણ સાથેસાથ મારી સહનશક્તિ પણ !’ કારણ ઈશ્વરની ઈચ્છાનો અમલ કરીને તેણે જે આપવાનું વચન આપ્યું છે તે મેળવવા આપણામાં દૃઢતાની જરૂર છે, એમ સંત પાઉલે (હિબ્રૂઓ ૧૦:૩૬) પત્રમાં લખ્યું છે. મોટાભાગનાં સંત સ્ત્રીપુરુષો આ રહસ્ય સમજ્યા હતા.

જો આપણી ઈચ્છા હોય કે ઈશ્વર તેમનાં વ્હાલાં સંતાન તરીકે આપણને અપનાવે તો ઈશ્વર જેમ પવિત્ર છે તેમ આપણે પવિત્ર બનવું જ રહ્યું. દુઃખપીડા દ્વારા આપણે પવિત્રતા ધારણ કરી શકીએ છીએ. પયગંબર યશાયાના મુખે આ વાત સ્પષ્ટ થઈ છે. ‘જુઓ, મેં તમને દુઃખની ભઠ્ઠીમાં તપાવ્યા પણ તમે ચાંદીની જેમ ચોખ્ખા થયા નથી. કેવળ


## શ્રદ્ધાંજલિ

**૯૦મી જન્મજયંતી અને બીજી પુણ્યતિથિ** **૧૪મી પુણ્યતિથિ**





**સ્વ. આન્દ્રેઆસ ફિલિપ મેકવાન**
જન્મ : ૧૦-૧૧-૧૯૨૮
અવસાન : ૨૫-૧૦-૨૦૧૬

**સ્વ. ફ્રાન્સિસકા (બબીબેન) આન્દ્રેઆસ મેકવાન**
જન્મ : ૩૦-૦૩-૧૯૩૨
અવસાન : ૦૩-૧૨-૨૦૦૪

વ્હાલા મા, બાપુજી

મા ની વિદાયને ૧૪ વર્ષ થયાં તથા બાપુજીના વિદાયને ૨ વર્ષ પૂરાં થયા છતાં અમારી આંખો આજે પણ ભીની છે. તમારો પ્રસન્ન ચહેરો, પરોપકારી સ્વભાવ અને અદ્ભુત સહનશીલતા અવિસ્મરણીય છે.

પરમાત્મા આપના બંન્નેના આત્માને શાશ્વત શાંતિ બક્ષે.

**પ્રાર્થના સહ શ્રદ્ધાંજલિ**
**લિ. આપનો મેકવાન પરિવાર, પ્રેસ કોલોની, આણંદ**

મારા નામને ખાતર જ મેં આ કર્યું છે.' (૪૮ ૧૦-૧૧) અર્થાત્ ઈશ્વર કષ્ટ અને દુઃખભોગની ભઠ્ઠીમાં આપણને શુદ્ધ કરીને તેમનાં પ્રિય સંતાન અને સ્વર્ગના અધિકારી બનાવે છે. સંકટગ્રસ્ત દિવસોમાં, સંતો ઈશ્વરના મુક્તિદાયક પ્રેમનું સ્મરણ કરી રાજીખુશીથી સહન કરે છે બલકે તેમાં વધારો થાય તેવી પ્રાર્થના કરે છે.

દુઃખીપુત્રી તરીકે જાણીતાં સંત આલ્ફોન્સા મુટ્ટતુપાડતુએ પોતાની ગંભીર માંદગીના સમયે ઈશ્વર તરફથી રાહત મેળવવાને બદલે અલગ જ વાત કરી : 'ઈશ્વરને કાજે આનાથી પણ વધારે સહન કરવા તૈયાર છું. મારા માથે ઈશ્વરની જે ઈચ્છા હોય તે પૂર્ણ થાઓ. જેઓ આધ્યાત્મિક જીવન પ્રત્યે બેદરકાર છે તેવા લોકો માટે આ બીમારી અર્પણ કરું છું.' (સંતોની કેડીએ)

પુણ્યશાળી યોબના માથે એક પછી એક દુઃખ ઉતરે છે, માલ-મિલકત, સંતાનો ગુમાવ્યા પછી પણ યોબની પ્રાર્થના હતી : 'ભગવાને આપ્યું અને ભગવાને પાછું લઈ લીધું. જે કંઈ ગુજર્યું છે તે ભગવાનની ઈચ્છાથી ગુજર્યું છે. ભગવાનનું ભલું થજો.' (યોબ : ૧:૨૧) વર્તમાન દુઃખભોગના સમયે સંત પાઉલ આપણને મળનાર અમર વારસાની યાદ અપાવે છે. 'મને ખાતરી છે કે, જે મહિમાનો આપણને સાક્ષાત્કાર થવાનો છે તેની આગળ અત્યારનાં દુઃખો કંઈ વિસાતમાં નથી.' (રોમ ૮:૧૮)

દુઃખ પ્રત્યેનો હકારાત્મક અભિગમ સાહિત્યમાં પણ વ્યક્ત થયો છે. કવિ હરિવંશરાય બચ્ચન 'દે મન કા ઉપહાર' કવિતામાં પોતાનાં દુઃખદર્દ પોતે સહન કરવા શીખ આપે છે પણ અન્યનાં દુઃખદર્દ હળવાં કરનારની કદર કરે છે. આપણા કાળનાં સંત મધર થેરેસા તેનું જીવંત ઉદાહરણ છે. જો કે કવિએ નોંધપાત્ર ઈશારો કર્યો છે, કે બીજાનાં કૃપાદાનથી જીવવા કરતાં જેઓ સતત સંઘર્ષ કરે છે તેઓ લાખ દરજ્જે કવિની દૃષ્ટિમાં સારાં છે. દુઃખ દર્દ સહન કરવા કવિ ઉપાય પણ સૂચવે છે,

'कटती है हर एक मुसीबत, एक तरह बस झेले झेले.'

જીવનની વિષમ પરિસ્થિતિ આવે તો તેનો સામનો કરી અણનમ ટકી રહેવાનો સંકલ્પ ગઝલકાર હર્ષ બ્રહ્મભટ્ટ 'ઉગી જવાના' ગઝલમાં રજૂ કરે છે. તેઓ જણાવે છે :

'અમે રાખમાંથી બેઠા થવાના, જલાવો તોય જીવી જવાના.'

પ્રજાના માનસની દુઃખમાંથી મુક્ત થવા માટેની ઝંખનાને તૃપ્ત કરે એવા થોમાસ એ કેમ્પિસ રચિત 'ધી ઈમિટેશન ઓફ ક્રાઈસ્ટ'ના ગુજરાતી ભાષાંતર માટે રાષ્ટ્રપિતા પૂજ્ય મહાત્મા ગાંધીએ અભિલાષા વ્યક્ત કરી હતી, જે સ્વ. ફાધર થોમાસ આલફોન્સ એસ.જે.એ 'ખ્રિસ્તાનુકરણ'માં પૂર્ણ કરી હતી. તેમાં દુઃખના પ્રશ્નોના પાર પામવા લેખક પ્રત્યુત્તર પાઠવે છે. લેખકના મતે કષ્ટો કલ્યાણકારી છે. માણસ અંતરમાં ઉતરે છે. આ સંસાર અસાર છે તેનું તેને ભાન થાય છે. દુઃખ નમ્ર બનવામાં મદદરૂપ બને છે, મિથ્યાભિમાનથી બચાવે છે.

એટલે જે અનિવાર્ય છે તે દુઃખદર્દનો સહજ સ્વીકાર કરીએ અને બહાદૂરીપૂર્વક સહન કરી તેને લાભમાં પરિવર્તિત કરીએ. ક્રૂસે જડાયેલા ઈસુ આપણા અભાવ દૂર કરી, તમામ દુઃખદર્દ મિટાવી નવું જીવન આપશે એમાં શંકા શી ?●

# શુભેચ્છા



'ભગવાન રાખે તેમ રહેવું, દેખાડે તે જોવું' એવી સરળ પણ ઉચ્ચત્તમ આધ્યાત્મિકતાના માલિક શ્રી માર્ટિનભાઈ ૩૯ (૧૯૭૯-૨૦૧૮) વર્ષની દીર્ઘકાલીન સેવા બાદ વયમર્યાદાને કારણે ઓક્ટોબર ૨૦૧૮માં ગુજરાત સાહિત્ય પ્રકાશમાંથી નિવૃત્ત થયા છે ત્યારે તેઓશ્રીનો જાહેર આભાર માનીએ છીએ. ૧૯ વર્ષની વયે એક કર્મચારી તરીકે સંસ્થામાં જોડાનાર તેઓશ્રી ઓફિસ સુપરિટેન્ડન્ટના હોદ્દા પરથી નિવૃત્ત થયા છે ત્યારે તેમના અનેકવિધ સદ્ગુણોનો પરિચય સૌને થયો છે.

સૂર્યાસ્ટ્રીટ આણંદમાં સ્વર્ગસ્થ માતા આગ્નેસબેન અને સ્વ. પિતા માક્ષીમીન માર્સેલ મેકવાનના, આઠ સંતાનોના બહોળા પરિવારમાં સાતમા ક્રમે ૧૦ ઓક્ટોબર, ૧૯૬૦ માં આપનો જન્મ થયો હતો. ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ પૂરું થતાં જ ૧૯૭૯ માં ગુજરાત સાહિત્ય પ્રકાશમાં સેવાનો આરંભ કર્યો. તારીખ ૮મી મે, ૧૯૮૩ના રોજ પેટલાદનાં શાન્તાબેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા. પ્રસન્ન દામ્પત્યના ફળસ્વરૂપે દીકરી નમ્રતા તથા દીકરા સચિન અને ગુંજનનું પરિવારમાં આગમન થયું, જેઓ અભ્યાસ પૂર્ણ કરી પગભર બની રહ્યા છે; તે પરિવારજનો માટે સંતોષનું નિમિત્ત છે.

સંસ્થા દ્વારા પ્રકાશિત ત્રણેક સામયિકનું પ્રકાશન - વિતરણ, ધાર્મક ગ્રંથોનું પ્રકાશન - વેચાણ તથા ધાર્મિક ચીજવસ્તુઓના વેચાણ પોતાના કાર્યકાળ દરમિયાન સુપેરે કર્યું છે. સંસ્થાના ઉપરીઓ, સહકર્મચારીઓ તથા ગ્રાહકો સાથે આપનો વ્યવહાર નમ્ર અને સરળ રહ્યો છે. પળવારમાં પ્રત્યેકને આત્મીયતાનો અનુભવ કરાવી દે તેવો મિલનસાર સ્વભાવ, હિસાબી કામકાજમાં નખશિખ પ્રમાણિકતા અને કામકાજમાં કર્તવ્યપરાયણતાએ એક સહૃદયી કર્મઠ તરીકેની છાપ આપ છોડી ગયા છે.

પરમાત્મા આપનાં નિવૃત્તજીવનમાં નિરામય દીર્ઘાયુષ્ય પ્રદાન કરે, પરિવારજનોનો હર્યોભર્યો પ્રેમ પ્રાપ્ત થાય અને આજીવન સુખ-શાંતિ અને આનંદનું નજરાણું મળે એ જ અમારી પ્રાર્થના અને શુભેચ્છા.

**- ગુજરાત સાહિત્ય પ્રકાશ પરિવાર, આણંદ**

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. માણેકબેન રામજીભાઈ ચૌહાણ**

**જન્મઃ ૨૪-૦૨-૧૯૩૫**

**અવસાનઃ ૧૦-૧૦-૨૦૧૭**

વ્હાલી મા,

આપની અણધારી વિદાયને એક વર્ષ પૂરાં થવાં આવ્યાં છે. પણ અમારું મન માનવાં તૈયાર નથી. એવી એક પળ વીતી નથી કે અમે આપને યાદ ન કર્યા હોય. આપે અમને પરિશ્રમ અને સંઘર્ષ વેઠીને સુખી કર્યા. આપનો લાગણીશીલ સ્વભાવ, કૌટુંબિક ભાવના તથા સહનશીલતા સદા હૈયામાં જીવંત રહેશે.

**"દિવ્ય દયા આપનાં આત્માને શાંતિ અર્પે"**

**લિ. સમગ્ર ચૌહાણ પરિવાર**

*મિલ રોડ, નડિયાદ*

## પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. જીગ્નેશકુમાર આર. ડાભી**

**જન્મઃ ૧૪-૦૬-૧૯૭૯**

**અવસાનઃ ૨૩-૦૯-૨૦૧૮**

વ્હાલાં જીગ્નેશ,

'રડી પડે છે આંખો અમારી જોઈ તસ્વીર તારી.'
'નાની ઉંમરે તારી અણધારી વિદાય
અમ સર્વના કાળજા કંપાવી ગઈ.'
પરમ પવિત્ર પરમાત્મા તારા આત્માને શાશ્વત શાંતિ અર્પે.

**પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.**

**લિ. તારો દુઃખી ડાભી પરિવાર**

**રમીલા (બહેન) ચંદ્રિકા (બહેન) સંજય (ભાઈ)**

**મણીબેન (મમ્મી) રમણલાલ (પપ્પા)**

*૪૮ હરસિદ્ધ પાર્ક - મહેમદાવાદ*

## શ્રદ્ધાંજલિ

**આલોક**
**૦૯-૦૪-૨૦૦૩**



**પરલોક**
**૧૬-૧૧-૨૦૧૬**

**સ્વ. સ્મીથ નિશાર ક્રિશ્ચિયન**

'મારી પહેલા તમે ચાલ્યા ક્યાં દીકરા ?'

અંધારાને
હળવે હાથે
સંકોરીને
એકઠું કર્યું
ત્યાં જ
દીવો ઠરી ગયો.
અને...
ફરી વેરવિખેર થઈ ગયું
અંધારું...

એલિન, બધું જ એ જ છે ફક્ત તારી ખોટ દરરોજ અનુભવાય છે. તારી સ્કૂલના દરવાજે જઈને ઘણીવાર ઊભો રહું છું, પણ પહેલાની જેમ હવે તું દોડીને મળવા નથી આવતો. એલિન, આપણા ઘરે જરૂરથી પાછો આવીશ એ આશા હજુ જીવંત છે. પ્રભુ તારા દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.

**લિ. તારા પપ્પા તથા તારી મમ્મી**
**તથા પ્રિન્સિ અને પ્રિયંકા**

## શ્રદ્ધાંજલિ



**સ્વ. રમેશભાઈ ખાનદાસભાઈ પરમાર**

**જન્મઃ ૩૦-૦૬-૧૯૫૯**

**અવસાનઃ ૨૨-૧૧-૨૦૧૦**

સમય જિંદગીનો ઓછો હશે તે ક્યાં ખબર હતી ? જીવનની જ્યોત આમ અચાનક બુઝાઈ ગઈ. મન હજીયે માનતું નથી. તમારી હાજરીનો અહેસાસ ઘરમાં થયા કરે છે. આપની વિદાયને આઠ વર્ષ વીતી ગયા. આપે પરીશ્રમ અને સંઘર્ષ વેઠીને અમને સુખી કર્યા, આંખો તમને નિહાળે છે. અંતર અમને પુકારે છે. અમારાથી દૂર ઈશ્વરના રાજ્યમાં ચાલ્યા ગયા પણ આપ અમારા હૃદયમાં વસેલ છો. પ્રભુ ઈસુ આપના દિવ્ય આત્માને દિવ્ય શાંતિ અને પરમશાંતિ અર્પે એ જ અમારી પ્રભુ પાસે પ્રાર્થના.

**લિ. આપની પત્ની જ્યોતિ અને બાળકો રોનક,**
**રાહુલ, રીંકુ, ઘનશ્યામ, જીયા, શૌર્ય**

*બી-૩, ક્રિસમસપાર્ક સોસાયટી, પાધરિયા સેંટ ઝેવિયર્સ રોડ, ગામડી - આણંદ*

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાસુમન

'પ્રભુમાં શ્રદ્ધા રાખનાર પરમસુખી છે.' (બાઈબલ)



**સ્વ. પિયુષભાઈ ખેંગારભાઈ પરમાર**

**(ડેમોલવાળા)**

પૂર્વતંત્રીશ્રી, 'કેથલિક સમાચાર' (ગુજરાતી કેથલિક સમાજ)

**દેહઆગમનઃ ૦૧-૦૬-૧૯૪૭**

**દેહવિલયઃ ૨૯-૧૧-૨૦૧૭**

પપ્પા, છત્ર ગયું અને છાયા રહી ગઈ,
તમારી હૂંફ ગઈ અને સ્મૃતિ રહી ગઈ,
પપ્પા, અંતર ખાલી છે તમારા વિના,
સ્મરણો યાદ રહેશે સદા; તમારા વિના,
પપ્પા, બધુ છે ઘરમાં સૂમસામ; તમારા વિના
તમારા માટે અમારી પ્રાર્થના છે પ્રભુને.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું આપણે બધા !

**લિ. આપના ધર્મપત્ની**
**પુષ્પાબેન દાનાભાઈ રાઠોડ**

**કલ્પેશ-પુત્ર** **સંજય-પુત્ર** **બિન્દુ-પુત્રી**
**કલ્પના-પુત્રવધૂ** **ચંદ્રિકા-પુત્રવધૂ**
**ધ્રુવા-પીહૂ- પૌત્રી**

*૧૯, મનમંદિર, મિશન રોડ, નડિયાદ*

## બીજી માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

**સ્વ. મેકવાન જયંતીભાઈ જોનભાઈ**

**જન્મઃ ૨૧-૧૧-૧૯૫૬**

**અવસાનઃ ૨૪-૦૯-૨૦૧૮**



જીવન એવું જીવી ગયા કે મૃત્યુ પણ રડી પડ્યું,
વિદાય એવી લીધી કે, મૃત્યુ અમર થઈ ગયું.
કષ્ટ સહન કરીને પરિવાર માટે ફૂલો પાથરી ગયા.
સુખમાં છલકાયા નહીં, ધર્મ કદી ભુલ્યા નહીં,
રડી પડે છે, આંખો અમારી જોઈ પ્યારી તસ્વીર તમારી.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

**લિ. આપની ધર્મપત્ની કુસુમ જે. મેકવાન**
**અને આપના બાળકો**
**તથા સમગ્ર મેકવાન પરિવાર**

## શ્રદ્ધાંજલિ

તેના આયુષ્યની મર્યાદા ઠરાવેલી છે,
તેના મહિનાઓની ગણતરી તારા હાથમાં છે. (અયુબ ૧૪ : ૫)
હું સારી લડાઈ લડ્યો છું, મેં દોડ પૂરી કરી છે.
વિશ્વાસ રાખ્યો છે. (તિમોથી ૪ - ૭)



**સ્વ. માયકલ નારણદાસ મેકવાન**

**જન્મઃ ૨૧-૦૩-૧૯૩૮**

**અવસાનઃ ૧૬-૧૦-૨૦૧૭**

વ્હાલા બાપુ,
જીવનપથ પર અગ્રેસર રહી, કર્યા સુકર્મો સદાય.
અમ સૌને બહુ વસમી લાગે, તમારી આ વિદાય.
સુખ-દુઃખને પચાવી જાણ્યાં, સાચવ્યાં સૌ વહેવાર
તમારી હાજરીથી બની જતાં, સૌ દિવસ તહેવાર.
જે કહેવું તે સ્પષ્ટ કહેવું, કદી ન કોઈથી ડરવું,
સિદ્ધાંત તમારો એવો બાપુ, કામ લીધું તે કરવું.
દાન-ધર્મને ભક્તિભાવમાં સદાય આગળ રહેવું
ઘર હોય કે દેવળ, તમારે પ્રભુની નિકટ રહેવું
આંખોમાં આસુ ને દિલમા દર્દ આપી. ચાલ્યા અનંતવાટ
પ્રભુને વિનંતી. તમારે માટે ખોલે સ્વર્ગનાં દ્વાર.

પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું

**લિ. એ જ મહાન આશામાં આપના પત્ની શાન્તાબેન મેકવાન**
**તથા સહ પરિવાર (ઉત્તરસંડા)**

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

**પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું**

**સ્વ. લખીબેન મગનભાઈ પરમાર**

**જન્મઃ તા. ૦૮-૧૨-૧૯૨૭**

**અવસાનઃ તા. ૦૩-૧૧-૨૦૧૭**



'મા' તમોએ આ દુનિયામાંથી અણધારી વિદાય લીધી,
તેનું આજે એક વર્ષ પૂરું થયું.
ઘરમાં તમારી તસ્વીર સામે નજર પડી,
તમને જોયાં ને આંસુ સરી પડ્યાં.
જાણે ભારે વસંતમાં ફૂલો ખરી પડ્યાં.
દુઃખ અમને એ નથી કે, 'તમે અમને અલવિદા' કહી દીધું,
પણ દુઃખ એ છે કે અમને કોણ પ્રેમ કરશે,
કોણ અમારાં આંસુઓ લુંછશે હવે.
'મા' તો અંધકારનો દીવો છે.
હજું તો અમને મળતો તારો પ્રેમ અધૂરો રહી ગયો.
અધવચ્ચે અમો સર્વેને છોડીને પ્રભુની પાસે ચાલી ગઈ.

**લિ. બસ એ જ દુઃખી પરિવાર**

*સામરખા*

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. બોનીબેન છગનભાઈ પરમાર**

**પરલોકગમનઃ ૩૦-૧૦-૨૦૧૭**

અંજલી આપતા હૈયું તૂટે છે, શ્રદ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે, આજીવન ના ભૂલાય તેવી તમારી અણધારી વિદાયથી, અમારા સૌના હૃદયના ઘાવ કદી રુઝાશે નહિ. વિદાય એવી લીધી કે મન માનતું નથી. જીવન એવું જીવ્યા કે કદી ભુલાતું નથી.

પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે.

**લિ. આપનો દુઃખીત પરિવાર**
**અશોક-ઉષા, પરેશ, નીરુ-સતીષ**
**રીતેષ, વંદના**
**તથા સમસ્ત પરિવાર**

*ઝેવિયરપુરા, પેટલાદ*

## શ્રદ્ધાંજલિ

**દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**

**જન્મ**
**તા. ૨૯-૦૭-૧૯૪૧**



**અવસાન**
**તા. ૧૨-૧૧-૨૦૧૬**

**સ્વ. સવિતા ગાબ્રિયેલ ક્રિશ્ચિયન**

પ્રિય સવિતા,

તારી વિદાયને બે વર્ષ વીતી ગયાં છે, પરંતુ હજી તારી મીઠી યાદ અમોને સતાવી રહી છે. તારો પ્રેમાળ અને હસતો ચહેરો, તારો અપાર પ્રેમ અને મમતા અમારાથી ભૂલી શકાય એમ નથી.

We will always miss you Savita

**લિ. ગાબ્રિયેલ,**
**તારાં બાળકો તથા સમગ્ર પરિવાર**
**અમારાં અન્ય સદ્‌ગત સ્વજનો તથા તમામ સદ્‌ગત આત્માઓને**
**અમારી પ્રેમભરી શ્રદ્ધાંજલિ**

## પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

**'શોકમાં ડૂબેલા પરમસુખી છે,**
**તેમને સાંત્વન મળશે.'** (માથ્થી ૫:૪)

**જન્મ**
**૨૭-૦૭-૧૯૭૯**

**અવસાન**
**૦૧-૧૦-૨૦૧૮**



**કુ. સેજલ ડાભી**
**સે**'જમાં સૂર્યાસ્ત થયો
**જ**રા વધારે વર્ષ...
**લ**મણે, અમારે વિયોગ સદાનો
**ડા**ળમાં સૂનકાર વ્યાપી ગયો
**ભી**ની આંખો રહેશે હંમેશા.

**સ્વ. ચિ. સેજલની** માંદગી દરમિયાન મુલાકાત અને પ્રાર્થના દ્વારા આપનો સાથ અમને મળ્યો છે. 'દૂત' ફેબ્રુઆરી ૨૦૧૮ના અંકમાં પ્રકાશિત અમારી અપીલને આપનો હકારાત્મક સહકાર મળ્યો છે.

વ્યસ્ત કામકાજમાંથી સમય કાઢીને અમારી મુલાકાતે પધારનાર માનનીય મહાધર્માધ્યક્ષશ્રી થોમસ મેકવાન, પુરોહિતગણ, સાધ્વીબેનો, સ્થાનિક મંડળો, સગાંવ્હાલાં અને મિત્રગણ તથા શ્રદ્ધાળુઓનો અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

સ્વર્ગસ્થની દફનવિધિ અને પ્રાર્થનાસભામાં આપની હાજરીએ અમને આશ્વાસન મળ્યું છે.

આ અસંખ્ય ઉપકારનો આભાર માનવા શબ્દો વામણા પડે, આપનો હાર્દિક આભાર. પરમાત્મા આપને અઢળક આશિષ આપે એ જ અભ્યર્થના.

પરમાત્મા સેજલના આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.

**લિ. આપનાં - આમ્રોસ કોલુબાન ડાભી તથા સમગ્ર પરિવાર**

*૧૭ પ્રેસકોલોની, સેન્ટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮ ૦૦૧*

## પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

**સ્વ. મનુભાઈ પાઉલભાઈ વાણિયા**

**જન્મઃ ૨૯-૦૧-૧૯૪૭**

**અવસાનઃ ૧૩-૧૦-૨૦૧૮**

**પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું**



સમયને ખિસ્સામાં લઈને ફરનારા,
પોતે એક યાદ બની ગયા.

શબ્દને હૃદયમાં સંઘરી રાખનારા,
પોતે નિઃશબ્દ થઈ ગયા.

આંખોમાં અનેક સ્વપ્નોને આંજનારા,
પોતે સ્વપ્ન બનીને રહી ગયા.

કર્મને હથેળીમાં લઈને ફરનારા,
પોતે ઈશ્વરના લાડીલા થઈ ગયા.

ઈશ્વર પિતા આપના આત્માને ચિર શાંતિ અર્પે
એ જ અભ્યર્થના સહ.

**લિ. આપની ધર્મપત્ની શારદાબેન એમ. વાણિયા**

*તથા સમગ્ર વાણિયા પરિવાર, આણંદ*

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. સાયમન પીટર ડાભી**

**જન્મ: તા. ૨૩-૦૩-૧૯૪૦**

**અવસાન: તા. ૨૦-૧૧-૨૦૧૭**

સખત મહેનત એ આપના જીવનનો ધ્યેયમંત્ર હતો,
આપની દીર્ઘદૃષ્ટિ, આપનાં ચીવટભર્યા કામ
આજે પણ અમારું માર્ગદર્શન બની રહ્યા છે.
ઘરની એક-એક ઈંટમાં સુગંધ છે આપના પરિશ્રમની
કદી પિતા રૂપે તો, કદી મિત્ર સ્વરૂપે
તમારો હાથ અમારી ઉપર હતો, આશીર્વાદ રૂપે
નાના હતા અમે અને ઓછી હતી સમજ
તો પણ અમારા પ્રેમ પર કર્યો વિશ્વાસ તમે
પ્રેમ અને સંસ્કારોનું સિંચન કર્યું તમે
હૃદય જેનું હતું વિશાળ, એમને શાબ્દિક અંજલિ શું આપીએ ?
બસ ! પ્રભુને પ્રાર્થના જ... હર જન્મમાં પિતા તમે જ...
પપ્પા 'પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું'

**લિ. આપની યાદમાં દુઃખીત પરિવાર**

## શ્રદ્ધાસુમન

'હે મા ! આ દુનિયામાં તારો કોઈ પર્યાય નથી'



**સ્વ. રામીબેન રામજીભાઈ ડાભી**

**આલોકે આગમનઃ ૩૧-૧૦-૧૯૨૮**

**પરલોકે ગમનઃ ૧૨-૧૦-૨૦૧૮**

સુખનો જ્યાં કાયમ સરવાળો
આપનો શબ્દે શબ્દ હુંફાળો
જીવન આપનું એક જ 'મોસમ', 'મમતા'
ના શિયાળો, ના ઉનાળો,
આપતો કાયમ વૃક્ષ લીલુછમ,
મઘ મઘ એની સઘળી ડાળો
આપે આપ્યું મબલખ મબલખ
એનો ક્યાં મળવાનો તાળો.
પ્રભુ આપનાં દિવ્ય આત્માને
ચિરકાલીન શાંતિ બક્ષે એ જ પ્રાર્થના

**આભાર** : મારાં માતૃશ્રીના અવસાન નિમિત્તે પરિવારની રૂબરૂ મુલાકાત ફોન, સંદેશા દ્વારા દિલાસો પાઠવનાર આપ સર્વે ધર્મજનો, ફાધર્સ, સિસ્ટર્સ, સગાં સ્નેહીઓ તથા પરિચિતો તથા અમારા નવા ફળિયાના આબાલવૃદ્ધો જેનો સતત અમારી પડખે રહી અમને હૂંફ અને દિલાસો આપ્યાં તે બદલ અમે સર્વનાં આભારી છીએ.

*ન્યુ સ્ટ્રીટ*
*મિશન રોડ, નડિયાદ*

**પ્રભુમા દિલાસીત**
**કુમારી કાન્તાબેન આર. ડાભી**
**તથા ડાભી પરિવાર**

## શ્રદ્ધાંજલિ

**ઈસુએ તેને કહ્યું 'હું જ પુનરુત્થાન છું અને હું જ જીવન છું. જેને મારામાં શ્રદ્ધા છે, તેનું મૃત્યુ થાય તો પણ, તે જીવતો થશે.' (યોહાન ૧૧:૨૫)**







**સ્વ. કાનિશ રાયમુન્દ મેકવાન**

**જન્મ : ૨૧-૦૪-૧૯૪૧**

**અવસાન : ૧૪-૧૦-૨૦૧૮**

યાદ કરતાં કરતાં, નયનોમાં આંસુ વહી જાય છે,
સદાય હસતો ચહેરો, દિલમાં સમાય જાય છે.

કામ કરતાં કરતાં, યાદોમાં અંધારા આવી જાય છે,
એવા હતા તમે, નિષ્ઠાવાન વટવૃક્ષ માનવી.

પ્રેમ તમારો હતો, ધર્મ ને કર્મ તમારા હતા,
પ્રેમભર્યો સંસાર તમારો હતો,
તેમ છતાં તમે પ્રભુને વહાલા બન્યા.

હર્ષ થાશે અમોને, ઊભાં હશો સ્વર્ગના દ્વારે,
ફરીથી મળીશું, પુનરુત્થાનને છેલ્લે દિવસે.

**લિ. થેરેસ્યા કાનિશ મેકવાન તથા સહકુટુંબ, વડોદરા**
**સંપર્ક : મો. +૯૧ ૯૪૨૭૮ ૪૫૪૧૩**

# પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાસુમન



**સ્વ. ઈમાનુએલ સીરીલભાઈ પરમાર**

**જન્મ : ૨૫-૧૨-૧૯૩૯**

**અવસાન : ૧૪-૧૧-૨૦૧૭**

**'પ્રભુમાં શ્રદ્ધા રાખનારનું કદાપિ મૃત્યુ થતું નથી.'**

**આપની વ્યથિત શ્રીમતી માગ્દાલેનાબેન ઈ. પરમાર**

વ્હાલા પપ્પા,

'સાફલ્ય પરિવાર'ની સફળતા, સંસ્કાર સિંચન અને ઈશ્વરીય મૂલ્યો આપની દેન છે. આપે ક્ષણે-ક્ષણે અમને જીવન મૂલ્યો શીખવ્યા છે. એક ઉત્તમ શિક્ષક, પ્રેમાળ પિતા, શ્રેષ્ઠ ધર્મજન બની અમ સર્વને ઈશ્વરીય પ્રેમપંથ બતાવ્યો છે.

ઘરમાં જ દેવળ હોવાનો અહેસાસ અને શિક્ષણ થકી વિકાસ એ જ પ્રેરણા અમ સર્વમાં કાયમ રહી છે. આપે સિંચેલ વૃક્ષ આજે વટવૃક્ષ બન્યું છે. આપના દ્વારા વારસામાં મળેલી આધ્યાત્મિક, વ્યવહારિક અને સામાજિક જીવન જીવવાની કળાના અમે ઋણી છીએ. આપે અમ સર્વને ગૌરવ અપાવ્યું છે, પથદર્શક બની માર્ગ ચિંધ્યો છે.

'સાફલ્ય-પુષ્પ' સફળતાનું શિખર શોભાવી રહ્યું છે, જેનો શતપ્રતિશત યશ આપને શિરે છે.

---


**આપની ખોટ ક્યારેય પુરાશે નહીં**

**લિ. આપના બાળકો**

| | | | |
|---|---|---|---|
| **કીર્તિ-ઈલા** | **ડૉ. કલ્પના-ડૉ. મનિષ** | **કલ્પેશ-જેનીશ** | **કવિતા-હેમંતકુમાર** |
| **કૃતિ-કથન** | **કલ્પિત-ક્રિનીશા(કેનેડા)** | **કીઆરા** | **ક્રિસીલ-ક્રિન્સી** |

*'સાફલ્ય-પુષ્પ' વિમલકોલોની, સેંટ ઝેવિયર્સ રોડ-આણંદ*

# છઠ્ઠી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



**સ્વ. જોસેફ ગ્રેગોર ડાભી**

જન્મ: ૦૭-૦૫-૧૯૪૦

અવસાન: ૦૬-૧૧-૨૦૧૨

આપની અણધારી વિદાયને છ વર્ષ પૂરાં થયાં છે,
પણ અમારું મન માનવા તૈયાર નથી. એવી એક પણ પળ કે
એક પણ પ્રસંગ વીત્યો નથી કે તમને અમે યાદ ન કર્યાં હોય.
આપે પરિશ્રમ અને સંઘર્ષ વેઠીને અમને સુખી કર્યાં.
આપનો લાગણીશીલ સ્વભાવ, કૌટુંબિક ભાવના તથા
સહનશીલતા સદા અમારા હૈયામાં જીવંત રહેશે.
આપની છઠ્ઠી પુણ્યતિથિએ આપને અશ્રુભીના હૈયે યાદ કરીએ છીએ.
આપ હંમેશાં ઈશ્વરના રાજ્યમાં આનંદિત રહો
એવી જ અર્ચના કરીએ છીએ.
આવો જ આપનો સાથ અમને જીવનમાં મળશે,
તેવી જ આશા સહ ઈશ્વરપિતાને પ્રાર્થીએ છીએ.

**લિ. રૂથબેન જે. ડાભી તથા સમસ્ત પરિવાર**

*ક્રિશ્ચિયન સ્ટ્રીટ, વડતાલ*



# પંખીની પાંખે
# ધર્મવસુધા

## સાત સંત જાહેર

**વેટીકનઃ** ૧૪મી ઓક્ટો. ૨૦૧૮નાં રોજ સાત નવા સંતના નામ જાહેર કરવામાં આવ્યા. જેમાં વડા ધર્મગુરુ સંત પાઉલ છઠ્ઠા, સંત ઓસ્કાર રોમેરો, સંત વિન્સેન્ટ રોમાનો, સંત ફ્રાન્સેસ્કો સ્પિનેલી, સંત ન્યૂનઝીઓ સલપ્રિઝીઓ, સંત નાઝારીયા ઈગ્નાસિયા, સંત મારિયા કેથરીના કેસ્પર સત્તાવાર રીતે સંત તરીકે જાહેર કરવામાં આવેલ સંત પીતર સ્કેવરમાં લગભગ ૭૦,૦૦૦ હજાર લોકો વચ્ચે આ જાહેરાત કરવામા આવી હતી.

*– વેટીકન ન્યુઝ*

## આશિયાબીબીને મૃત્યુદંડ ?

**પાકિસ્તાનઃ** આશિયાબીબીને સને ૨૦૦૯માં પયગંબર મહંમદ સાહેબને અપમાનીત કરવાના આરોપસર બંદી બનાવવામાં આવેલ છે. એક મુસ્લિમ સ્ત્રી તથા એક ઈમામ દ્વારા આશિયાબીબી ઉપર પયગંબર મહંમદ સાહેબને અપમાનિત કરવાનો આરોપ મૂકવામાં આવેલ છે. સને ૨૦૧૦ના નવેમ્બરમાં આશિયાબીબીને આ ગુના માટે નીચલી અદાલતે મોતની સજાનો હુકમ કર્યો હતો. જેને લાહોર હાઈકોર્ટ દ્વારા યથાવત રાખવામાં આવેલ છે. જો સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા તેમની અરજી કાઢી નાંખવામાં આવે અને રાષ્ટ્રપતિ પણ તેમની અરજ સાંભળે નહિ તો ઈશ્વર નિંદાના ગુના માટે મૃત્યુદંડની સજા પામનાર તેઓ પ્રથમ સ્ત્રી બની શકે છે.

આશિયાબીબીના પતિ આશિક મસીહે જણાવ્યું હતું કે, જો તેની પત્નીને જમાનત મળશે તો તેઓ સહપરિવાર બીજા દેશમાં શરણ લેવા તૈયાર છે. કારણ પાકિસ્તાનમાં તેમના માટે જોખમ છે. સને ૨૦૧૦માં વડાધર્મગુરુથી બેનદિકત ૧૬માએ આંતરરાષ્ટ્રીય સમુદાયને એક નિવેદન કરીને આશિયા બીબીને મુક્ત કરવામાં મદદરૂપ થવા માટે અપીલ કરી હતી. તા. ૨૪-૨-૨૦૧૫ના રોજ વડાધર્મગુરુશ્રીએ આશિયા બીબીના પતિ તથા દિયર સાથે મુલાકાત કરી હતી. આશિયાબીબીના કેસ માટે પાકિસ્તાનની સર્વોચ્ચ ન્યાયલયે ત્રણ ન્યાયાધિશોની નિમણૂક કરેલ છે.

*– વેટીકન ન્યુઝ*

## યુવતીઓના શિક્ષણ માટે નવી યોજનાઓ

**યુનિસેફઃ** વિશ્વ યુવતી દિનની ઉજવણી નિમિત્તે યુનિસેફે યાદ અપાવ્યું છે કે વૈશ્વિક ઉદ્યોગમાં વિશ્વની લગભગ ૬૦૦ મીલીયન યુવતીઓ નોકરી કરવા માટે સક્ષમ છે.

વિશ્વભરમાં ૧૩૧ મીલીયન યુવતીઓ શાળા અભ્યાસ છોડી દે છે. આ દરના આધારે આગામીસને ૨૦૩૦સુધીમાં વિશ્વની અડધીથી વધારે યુવતીઓ માધ્યમિક શિક્ષણના સ્તર સુધી મૌલિક દક્ષતા, સાક્ષરતા કે હિસાબી કાર્યમાં કોઈપણ જાતની ક્ષમતા પ્રાપ્ત કરી શકતી નથી. જોકે શાળાઓમાં યુવતીઓની સંખ્યા વધી રહી છે. પણ તેઓ યોગ્ય જ્ઞાન પ્રાપ્ત કરી શકતી નથી કે દક્ષતા મેળવી શકતી નથી કે જીવનમાં કારકિર્દી બનાવી શકતી નથી. ૧૫ થી ૨૯ વર્ષના ગાળામાં ૩ યુવકની સરખામણીમાં ૧ જ યુવતીને કામ મળે છે. આથી યુવતીઓના વિકાસ માટે વૈશ્વિક સમુદાયે, યુવતીઓને શિક્ષણ, કૌશલ્ય અને પ્રશિક્ષણને પ્રોત્સાહન આપવા માટે સાર્વજનિક અને અંગત બંને ક્ષેત્રોમાં નવી યોજનાઓ બનાવવી જોઈએ.

*– વેટીકન ન્યુઝ*

## ધર્મસભા ડિજિટલ દુનિયાનો ભાગ બની શકે છે

**વેટીકનઃ** તારીખ ૧૭-૧૦-૨૦૧૮ના રોજ વેટીકન સંચાર વિભાગના અધ્યક્ષ ડૉ. યાઓલો રૂફિનીએ સિનોડમાં ચર્ચા કરવામાં આવેલ મુદ્દાઓની છણાવટ કરી હતી.

ડૉ. રૂફિનીએ ડિજિટલ દુનિયા અંગે લોકોનું ધ્યાન ખેંચતા જણાવ્યું હતું. ધર્મસભા કેવી રીતે સામાજિક સંચાર માધ્યમમાં કાર્યરત થઈ શકે છે. ધર્મસભા ગંભીર તેમજ જવાબદારીપૂર્વક સક્રિય થવા ઈચ્છે છે. ધર્મસભા કેવી રીતે ડિજિટલ મિશનરીઓનું નિર્માણ કરી શકે છે. તથા લોકોને કેવી રીતે દોરી શકે છે. આમ ધર્મસભા સક્રિય રીતે ડિજિટલ દુનિયાનો ભાગ બની શખે છે.

ધર્માધ્યક્ષ તેનચરે ઉમેર્યું હતું કે, ડિજિટલ દુનિયા પ્રત્યે ધર્મસભાનો હકારાત્મક અભિગમ છે. સભામાં વારંવાર ચર્ચા કરવામાં આવી હતી કે કોમ્પ્યૂટર કે ફોન સ્વયં ખરાબ કે સારા નથી. ડિજિટલ દુનિયા વગર આપણે કોઈ આઈલેન્ડમાં ખોવાઈ જઈશું. ધર્માધ્યક્ષ પોતાના સ્કાઈપ એપ્લીકેશનનો અનુભવ વર્ણાવતા જણાવ્યું હતું કે, તેમણે સ્કાઈપ દ્વારા કેવી રીતે વિદ્યાર્થીઓને બાઈબલ - શિક્ષણનું આયોજન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, તેઓ કોમ્પ્યૂટર સામે હતા અને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. યંત્રો વિનાશક નહિ પરંતુ હકારાત્મક વિકાસનું માધ્યમ બની શકે છે.

બ્રધર આલોઈસે જણાવ્યું હતું કે, સિનોડ - ધર્મસભામાં માન-પરિવર્તનનો વારંવાર ઉલ્લંઘન કરવામાં આવેલ છે. તેઓ માનસિક પરિવર્તન અનુભવી રહ્યા છે. સિનોડમાં ભાગ લીધેલ કેટલાંય ધર્મગુરુઓ હવે યુવાનો મધ્યે કામ કરવા ઈચ્છે છે. આવી સક્રિયતાથી જ ધર્મસભામાં નવીન પરિવર્તન આવશે.

ઈસુને મિત્ર સ્વરૂપમાં વધારે ઊંડાઈથી ચિંતન કરવાની જરૂર છે. તેમણે જણાવ્યું કે યુવાનોને સાંભળવા જોઈએ પરંતુ ઘણી વખત ધર્મસભાનાં તેમનાઅવાજનેયોગ્યરીતેસાંભળવામાંઆવતો નથી. એકતા અને એકાત્મતાની ભાવના દ્વારા મિત્રતાને વધારે પ્રોત્સાહન આપવાની જરૂર છે. બ્રધરે જણાવ્યું હતું કે, સાંભળવું એ મુખ્ય કાર્ય છે. ધર્મસભાએ કોઈ રસ્તો શોધવો જોઈએ કે જેથી યુવાનો પોતાની વાત રજૂ કરી શકે. આ સભામાં વધારે પ્રતિનિધિઓએ ભાગ લેવાની જરૂર હતી. ધર્મસભામાં યુવાનો માટે પ્રાર્થના સભાનું આયોજન કરી સૌ સાથે પ્રાર્થના કરે તે જરૂરી છે.

ધર્માધ્યક્ષ તેનચરે જણાવ્યું હતું કે, સિનોડને સૌથી મોટી સફળતા મળી છે. તેનાથી તેઓ પ્રભાવિત થયેલ છે. તેમણે ઉમેર્યું કે ચર્ચા વિચારણા હકારાત્મક હતી તથા આ સિનોડ આવનાર દિવસોમાં ધર્મસભાને આગળ વધારવામાં મદદરૂપ બનશે. તેવી આશા રાખવામાં આવે છે.

*– વેટીકન ન્યુઝ*



# ધર્મભારતી

## પુરોહિત સંજયકુમાર સિંઘનું સન્માન

**ભુવનેશ્વરઃ** ધ કેથોલિક પ્રીસ્ટ કોન્ફરન્સ ઓફ ઈન્ડિયા (સીપીઆઈસી) જે લઘુમતી અને માનવીય અધિકારોને પ્રોત્સાહન આપવા માટે પ્રતિષ્ઠિત અને પ્રગતિશીલ વિદ્વાન ધર્મગુરુઓનું સંગઠન છે. જે પૂર્વ ભારતના ઓડિશાના કેથોલિક ધર્મગુરુને સન્માનિત કરે છે.

સી.પી.સી.આઈ.ના સચિવે જણાવ્યું હતું કે, અમે માનવ અધિકારો અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોના કલ્યાણ માટેના યોગદાન માટે ઓડિશા-ભુવનેશ્વરના ધર્મગુરુશ્રી અજયકુમાર સિંઘનું સન્માન કરીએ છીએ.

ઓડિશા - સંબલપુરના ધર્માધ્યક્ષશ્રી બિશપ નિરજને સી.પી.સી.આઈ. વતી ફાધર સિંઘને મોમેન્ટો અર્પણ કરી સન્માનિત કર્યા હતા.

તા. ૨૫ સપ્ટે. ૧૮ના રોજનાં કાર્યક્રમમાં ફાધર સિંઘ મુખ્ય વક્તા હતા. આ સભામાં ભારતભરના ૪૩ કેથોલિક ધર્મગુરુઓ હાજર હતા. જ્યાં ભારતના બંધારણના સંદર્ભમાં સામાજિક ન્યાય અને માનવ અંધકાર અંગે ચર્ચા થઈ હતી. ધર્મગુરુશ્રી સિંઘ હાલમાં ઓડિસા રીજબોનલ ફોરમ ફોર સોશ્યલ એક્શન, ભુવનેશ્વરના ડિરેક્ટર છે.

સને ૨૦૧૩માં ધર્મગુરુ સિંઘને ઓડિશાના કંધમાલ-રમખાણો સામેની ઝુંબેશ માટે રાષ્ટ્રીય લઘુમતી એવોર્ડથી નવાજવામાં મળ્યા હતા. ઈસુસંઘ સંચાલિત ઝેવિયર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ ભુવનેશ્વર ખાતેથી તેમણે એમ. બી.એ.નો અભ્યાસ કરેલ છે. ભુવનેશ્વર ધર્મ પ્રાંતમાં સામાજિક સેવા વિભાગમાં ડિરેક્ટર તરીકે સેવાઓ આપેલ છે. જનવિકાસ નામની સંસ્થામાં પણ તેઓ ડિરેક્ટર તરીકે સેવાઓ આપતા હતા. આ અગાઉ કંધમાલ ધર્મપ્રાંતમાં વિવિધ ધર્મ વિભાગમાં સહ-સભાપુરોહિત તરીકે કાર્યરત હતા. તેઓ કાયદાની માસ્ટર ડિગ્રી ધરાવે છે. તેઓ અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બેઠકો અને કાર્યશાળાઓમાં 'માનવ અધિકાર' વિશે વક્તવ્યો આપે છે.

*— મેટર્સ ઈન્ડિયા*

## બાઈબલ મહોત્સવ

**પટણાઃ** દક્ષિણ બિહારના ૩૦૦૦ લોકોએ પટનામાં ત્રણ દિવસના બાઈબલ અધિવેશનમાં ભાગ લીધો છે.

પટનાના ઈસુસંઘી આર્યબિશપ વિલિયમ ડીસોઝાએ છેલ્લાં એક વર્ષથી બાઈબલ અભ્યાસ દરેક તાબામાં યોજવામાં આવે તેવી જાહેરાત કરી હતી. છેલ્લાં એક વર્ષથી જુદા જુદા સમયે તાબામાં બાઈબલના સંદર્ભમાં વિવિધ ઉજવણીઓ થતી હતી. જેનો અંતિમ કાર્યક્રમ પટણાના મુખ્ય તાબા કુર્જી, ક્વીન ઓફ ધ એપોસ્ટલ્સ ચર્ચ ખાતે યોજવામાં આવ્યો હતો.

આર્ચ બિશપ ડીસોઝાએ જણાવ્યું હતું કે, ઈશ્વરીય આશીર્વાદો અને આપણને પવિત્ર બાઈબલના શબ્દો આપવા માટે ઈશ્વરનો આભાર માનવો જોઈએ. તારીખ ૧૫-૧૦-૨૦૧૮ના બપોરે ૩ઃ૩૦ કલાકે બાઈબલ મહોત્સવ શરૂ થયો હતો. કુર્જી, દેવાલય ખાતે શાળાના મેદાનમાં આર્ચબિશપ ડિસોઝાએ ભવ્ય ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો.

ઈસુસંઘી ફાધર રેમંડે જણાવ્યું હતું કે, બાઈબલ મહોત્સવથી બાઈબલને સારી રીતે સમજવામાં મદદ મળી છે અને સૌ કોઈ શાંતિ સમાધાન અને સ્નેહનો જ સંદેશ છે. જે બાઈબલમાં દર્શાવવામાં આવેલ છે તેના પ્રકાશમાં સૌ કોઈ જીવન વિતાવે.

પ્રથમ દિવસે એ.વી. જોસ જે એક શિક્ષણ શાસ્ત્રી છે તેમના નેતૃત્વમાં એક કલાક પ્રાર્થના સેવા આપવામાં આવી હતી. સાંજે યુવાનોએ બાઈબલ આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા.

બીજા દિવસે૬ઃ૩૦ કલાકે સવારથી વિવિધ પ્રાર્થનાઓના સેશન સાથે બાઈબલ મહોત્સવની શરૂઆત થઈ હતી. બિશપ સેબાસ્ટિયનના વરદ્ હસ્તે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવામાં આવ્યો હતો. તેમજ દક્ષિણ બિહાર પંથકના વિવિધ તાબાઓના શ્રદ્ધાળુઓએ બાઈબલ આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યા હતા. ત્રીજા દિવસે આર્ચબિશપ વિલિયમ ડિસોઝાની આગેવાનીમાં બાઈબલ અધિવેશન સંપન્ન થયેલ. *— મેટર્સ ઈન્ડિયા*

## ડૉન બોસ્કો-માટુંગાને પુરસ્કાર

**માટુંગાઃ** મુંબઈ ડૉન બોસ્કો હાઈસ્કૂલ - માટુંગાને બે રાષ્ટ્રીય પુરસ્કારો એનાયત થયેલ છે. શિક્ષણ વિશ્વ ગ્રાન્ડ જ્યુરી પુરસ્કાર તથા ભારતની ટોચની ૫ ગ્રીન શાળાઓમાં પ્રથમ ક્રમ આપવામાં આવેલ છે.

રસપ્રદ વાત એ હતી કે ૪૦ ટોચની શાળાઓમાં ૬ શાળાઓમાં ડૉન-બોસ્કો સંચાલિત છે. તારીખ ૨૮-૨૯ સપ્ટે. ૨૦૧૮નાં રોજ લીલા એમ્બિન્સ ગુડગાંવ હોટલ એન્ડ રેસિડેન્સ ખાતે એવોર્ડ સમારંભમાં શાળાના સંકલનકાર શ્રી સી.રાઈએ શાળા વતી એવોર્ડ ગ્રહણ કર્યો હતો.

કુલ ૮૦૦ શાળાઓએ નામાંકન ભરેલ હતું. વિવિધ અગિયાર કેટગરી હતી. જેમાં ૨૧મી સદીની શ્રેષ્ઠ શિક્ષક ગુણવત્તા તથા ગ્રીન સ્કૂલ, સ્ટેમ એજ્યુકેશન એક્સેલન્સ, નવી ટેકનોલોજીનો ઉપયોગ, કેમ્પસ આર્કિટેચર અને ડિઝાઈન, કોમ્યુનિટી આઉટરીચ, અસાધારણ નેતૃત્વ વગેરેનો સમાવેશ થાય છે.

વિશ્વ ગ્રાન્ડ જ્યુરી પુરસ્કાર પ્રથમ વખત જ આપવામાં આવેલ છે. પ્રાથમિક શિક્ષણમાં ૨૧મી સદીની પ્રથાઓ દાખલ કરવા જેમણે શાળાઓએ અસાધારણ પ્રયાસો કરેલ છે તેમને આપવામાં આવેલ છે.

માટુંગાની શાળા ગ્રીન લાઈટ સંસ્થાના સભ્ય હોવાને કારણે સંસ્થા દ્વારા થતી બધી જ પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. શાળાના વિદ્યાર્થીઓ કેટલાંક નોંધપાત્ર પ્રોજેક્ટમાં ભાગ લે છે. જેમકે ઈકો-ઈંટનું સંગ્રહ જેમાં વિદ્યાર્થીને બોટલ્સ સાથે ઈકોઈંટ બનાવવાનું કાર્ય સોંપવામાં આવે છે. શાળાની મોટાભાગની ઈકોઈંકને 'બોટા' ઈનામથી પુરસ્કાર આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત મહારાષ્ટ્રમાં પ્લાસ્ટિક પરના પ્રતિબંધ વિશે જાગૃતિ અભિયાન ચલાવવામાં આવેલ છે. *— મેટર્સ ઈન્ડિયા*

# ધર્મગુર્જરી

## સિનિયર સિટિઝન ડે ની ઉજવણી

**વડોદરાઃ** તા.૫-૧૦-૨૦૧૮ના રોજ ઝેવિયરનગર નિર્મળ સમાજ કેન્દ્રમાં સંત જોસેફ વરિષ્ઠ નાગરિક મંડળ દ્વારા સિનિયર સિટિઝન ડે ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વરિષ્ઠ નાગરિકોએ ભાગ લીધો હતો. વરિષ્ઠ નાગરિકનો સામુહિક બર્થ ડે કેક કાપીને ઉજવવામાં આવી હતી. પ્રમુખ સાયમન સીરીલ મેકવાન દ્વારા બધાને અભિનંદન આપ્યા હતા.

*– સંત જોસેફ વરિષ્ઠ નાગરિક મંડળ, વડોદરા*

## સેન્ટ વિન્સેન્ટ ડી પોલના તહેવારની ઉજવણી

**કરમસદઃ** સેન્ટ વિન્સેન્ટ ડી પોલના તહેવારની ઉજવણી તા. ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ પ્રાથમિક શાળા કરમસદના હોલમાં કરવામાં આવી હતી.

ફાધર મેરી જોસેફે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરી સંત વિન્સેન્ટ ડી પોલ અને સંત પુષ્પાવતીના સેવાભાવી જીવનની ઝાંખી કરાવી હતી.

શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ વિજેતા શ્રી હિરેનભાઈનું મોમેન્તો આપી સન્માન કરવામાં આવ્યું હતું.

સમાજના જરૂરિયાતમંદ લોકોની સેવા કરી શકાય માટે શક્ય હોય એટલું વધારે દાન સેન્ટ વિન્સેન્ટ ડી પોલ મંડળને દાતાઓ પાસેથી મળી રહે એવી અપેક્ષા પણ એમણે આ ટાણે વ્યક્ત કરી હતી.

*– અમિત ચૌહાણ, વલાસણ*

## યુવક યુવતીઓ માટે 'સંચાર માધ્યમોની તાલીમ'

**મોડાસાઃ** અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે વેદુના તાલીમ સેન્ટરમાં તારીખ ૧૯-૨૦ સપ્ટેમ્બરના રોજ રિશ્તા દ્વારા સંચાર માધ્યમોની યોજવામાં આવેલ તાલીમમાં ૮૭ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો. સી. અનિતાએ આ કાર્યશાળાનું આયોજન કર્યું હતું. મીડિયા એટલે શું તેના પ્રકાર, આપણા પર મીડિયાની અસરો, પત્રકારત્વ અને પત્રકાર વિશેની સમજ, અખબારોનો પરિચય, અખબારોની જવાબદારી તથા કાર્યો, સંપૂર્ણ લેખનની પદ્ધતિ, સમાચાર લેખન તથા તંત્રીને પત્ર, આપણા સર્વાંગી વિકાસમાં માધ્યમોનો રોલ જેવાં અનેક વિષયોને બારીકાઈથી રસપ્રદ રીતે રજૂ કરવામાં આવ્યા હતા. જ્ઞાન સાથે ગમ્મતના અસરકારક પદ્ધતિ દ્વારા આ શિબિરનું સંચાલન રિશ્તાના હસમુખભાઈ ક્રિશ્ચિયન અને રતિલાલ આર. જાદવ દ્વારા થયું હતું. *– વેદુના ટ્રેનિંગ સેન્ટર*

## પુસ્તક વિમોચન

**પેટલાદઃ** મરીયમપુરા પેટલાદ ખાતે વિમલ મિરિયમ હાઈસ્કૂલ, ગામડી આણંદના શિક્ષક અનિલ રોન્ઝાનો લઘુકથા સંગ્રહ 'રણકાર' પુસ્તકનું પૂજ્ય બીશપ રત્ના સ્વામીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું. રાકેશ સોલંકીએ પુસ્તક અને લેખનનો પરિચય કરાવ્યો હતો.

*– શૈલેષ રાઠોડ*

## મિરિયમ જયંતી મહોત્સવ : ૨૦૧૮

**ગામડી-આણંદઃ** ઓગણત્રીસ વર્ષ પહેલા આણંદ પેરીસમાંથી વેલાંકની યાત્રા પૂ.રે. ફાધર ટોનીદાસ એસ.જે. દેખરેખ હેઠળ લિજીયન ઓફ મેરીએ યાત્રા પ્રવાસ યોજેલ અને આ પ્રવાસના અંતિમ દિવસે સર્વે યાત્રિકો તરફથી વેલાંકની માતાની પ્રતિમા આણંદ દેવાલયમાં લાવીને પૂ.ફાધર ટોનીદાસ દ્વારા સ્થાપના કરવામાં આવેલ હતી. ત્યારથી આણંદ સેંટ ઝેવિયર દેવાલયના પટાંગણે 'ભક્તિમેળો' આધ્યાત્મિક ઢબે ઉજવવાની શરૂઆત થઈ.

તા. ૩૦મી ઓગસ્ટથી નવસંધ્યા ભક્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. દરરોજ જુદા જુદા ધર્મ વિભાગના ફાધરોએ પરમપૂજા અર્પણ કરી માતા મરિયમનો સંદેશ આપ્યો.

સિનિયર સિટિઝન દ્વારા મેડિકલ મેગા કેમ્પનું આયોજન એમરી હોસ્પિટલના ડૉક્ટરો દ્વારા કરવામાં આવ્યું.

તા. ૭મી સપ્ટેમ્બર ૧૯૨૧ના દિવસ વિશ્વ લિજિયન સ્થાપના દિનને યાદ કરતા લિજિયન પરિવાર તરફથી સભાપુરોહિત અને આધ્યાત્મિક સલાહગુરુ પૂ.ફાધર મેક્સિમ કાસ્તા એસ.જે. તેમજ પ્રેસિડિયમના આધ્યાત્મિક સલાહગુરુ પૂ. ફાધર રોની એસ. જે. દ્વારા ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવામાં આવ્યો હતો. મિરિયમ જયંતી તા. ૮મી સપ્ટેમ્બર લિજિયન ઓફ મેરી આણંદ પેરીસ દ્વારા તેમજ તા. ૯મી સપ્ટેમ્બરના રોજ પ્રોસિડિયમ આધ્યાત્મિક સલાહગુરુ પૂ.ફાધર રોની એસ. જે. દ્વારા ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો. માતા મરિયમના સંસ્મરણોને યાદ કરી 'બાળકી દિન'ના અવસરે ક્રોસની નીચે હિંમતભેર ઊભેલ માતા મરિયમની જેમ હિંમત દાખવવા આહ્વાન કર્યું.

તા. ૮મી સપ્ટેમ્બર મિરિયમ જયંતીની રાત્રે પૂ.ફાધર વિનય એસ.જે. દ્વારા મિરિયમ કથાનું આયોજન કરવામાં આવ્યું. પૂ. ફાધર મેક્સિમે માતા મરિયમની પ્રતિમાને પ્રાર્થનાવિધિ કરી હોલમાં તેની સ્થાપના કરી હતી. પ્રેસિડિયમ પ્રમુખ બ્રધર જોસેફે આભારવિધિ કરી.

*– બ્ર. વિક્ટર પરમાર, બ્ર. જસુ પ્રવાસી*

## શિલાન્યાસ વિધિ

**માંઘરોલીઃ** પાલૈયા તાબાના માંઘરોલી ગામે દાતાઓ તરફથી જમીન દાનમાં મળવાથી ૨જી ઓક્ટોબર ૨૦૧૮ના રોજ પૂ. રેવ. ફાધર રોકી પીન્ટોના વરદ્ હસ્તે અને પૂ. રેવ. ફાધર આમ્બ્રોસ ડાભીના સાનિધ્યમાં તથા અન્ય ફાધરો, સિસ્ટરો તથા ધર્મજનોની ઉપસ્થિતિમાં 'ઈસુના પૂજ્ય હૃદય' દેવાલયની શિલાન્યાસ વિધિ કરવામાં આવી હતી.

*– ધર્મજનો*

## બાળદિન ઉજવાયો

**નડિયાદઃ** સંત ઉર્સુલા સ્કૂલ, ડભાણ ખાતે મિશન રોડ ધર્મવિભાગના બાળકો માટે 'બાળદિન' ઉજવાયો. આ ઉજવણીમાં ભજનો, એક્શન સોંગ, બાઈબલ ક્વીઝ, પઝલ, ડાયના મિક્ષ, રમૂજી રમતો અને મૂલ્યલક્ષી શિક્ષણનું ભાથું બાળકોને પીરસવામાં આવ્યું. ધર્મશિક્ષક શ્રી સંજય વાઘેલા અને ફાધર જોન બાપ્ટિસ્ટ

તથા ટીમે આ કાર્યક્રમનુ સંચાલન કર્યું હતું. આ સાથે વિરલ પરમાર, તુષાર સર, અકિતા મેકાન અને રીજોઈસ પરેરાએ પણ તેમની સેવાઓ પૂરી પાડી હતી. આ બાળદિવસમાં ૮૦ બાળકોએ ભાગ લીધો હતો.

*— સંજય વાઘેલા*

## યુવાનો માટે સેમિનાર

**ખંભોળજ:** ખંભોળજ ધર્મવિભાગમાં ૨૩મી સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ નવયુવાનો માટે એક દિવસનો સેમિનાર યોજવામાં આવ્યો હતો. ખંભોળજ તાબાના લગભગ ૭૫ થી વધારે યુવક-યુવતીઓએ ભાગ લીધો હતો.

*— લોરેન્સ જે. રાઠોડ*

## સેન્ટ વિન્સેન્ટના પર્વની ઉજવણી તથા અધિવેશન

**પેટલાદ:** તા.૭ ઓક્ટોબરે અવર લેડી ઓફ હેલ્થ કોન્ફરન્સના યજમાન પદે સેન્ટ વિન્સેન્ટ દે પોલ સેન્ટ્રલ કાઉન્સિલ અમદાવાદના ૯માં વાર્ષિક અધિવેશન પ્રસંગે તથા પેટલાદ કોન્ફરન્સના દશાબ્દિ પર્વ પ્રસંગે મંડળના તહેવારની ઉજવણી આદરણીય બિશપ રત્નાસ્વામીની ઉપસ્થિતિમાં કરવામાં આવી.

પૂજ્ય બિશપ રત્ના સ્વામી, ફાધર ચાલ્સ જ્ઞાનપ્રકાશ, ફાધર નિલેશ, ફાધર સંદિપ તથા અન્ય ફાધરોએ ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો. ખ્રિસ્તયજ્ઞ બાદ સન્માન સમારંભ તથા મંડળની પ્રવૃત્તિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સૌ મહેમાનોનો પરિચય આપી. સ્નેહભર્યુ સ્વાગત કર્યું હતું. મહેમાન શ્રી ધિરજ ઑથર તથા શ્રી જોન બાસીલ મેકવાને હાજરી આપી હતી. ધિરજ ઑથર એડવોકેટે રૂા. ૨૫૦૦૦નું દાન આપ્યું હતું. જોન બાસીલે રૂા. ૫૦૦૦નું દાન આપ્યું હતું. મહેમાનોએ પ્રસંગને અનુરૂપ ઉદ્બોધન કર્યું હતું. સ્કૂલની બાળાઓએ સ્વાગત નૃત્ય તેમજ બહેનોએ ગરબો પ્રસ્તુ ત કર્યો હતો. અહિંયા કાઉન્સિલ આણંદના નવા પ્રમુખ સિસ્ટર ઉર્મિલાની પ્રમુખ તરીકે આધ્યાપક, સલાહકાર ફાધર ચાલ્સ જ્ઞાન પ્રકાશે શપથ લેવડાવ્યા હતા. સમગ્ર પ્રસંગનું આયોજન એ.સી. પ્રમુખ બ્રધર કનુ સોલંકી, સ્થાનિક કોન્ફરન્સ પ્રમુખ બ્રધર થોમાસ મહિડા, મહિલા કોન્ફ. પ્રમુખ સિ. ટેરેસા તથા સૌ સભ્યોએ કર્યુ હતું. સમગ્ર મીટિંગનું સંચાલન બ્રધર સિરિલ, બ્રધર સૂકેતુ તથા બ્રધર ઈસુદાસ વાઘેલાએ કર્યું હતું. સી.સી. અમદાવાદ તરફથી બિશપ રત્ના સ્વામીને રૂા. ૫૦૦૦ નો ચેક સેમિનરી ફંડ તરીકે અર્પણ કર્યો હતો.

*— બ્રધર દાનિયેલ ક્રિસ્ટી*

## ઈસુ સત્સંગ કથા

**આણંદ:** ગામડી-આણંદ ધર્મવિભાગ દ્વારા ૧૨૫માં વર્ષની ઉજવણીના ભાગરૂપે પવિત્ર મારીયાને કેન્દ્ર સ્થાને રાખી 'ઈસુ સત્સંગ કથા'નું આયોજન લિજિયન ઓફ મેરીના સભ્યોની વિનંતીથી કથાકાર ફા. વિનય મેકવાન એસ.જે. દ્વારા કરવામાં આવ્યું હતું.

*— કીર્તિ પરમાર*

## ડૉટર્સ ઓફ સેન્ટ પૉલ સંચાલિત પોલાઈન કૉ-ઓપરેટર્સ શતાબ્દિ વર્ષની ઉજવણી

**અમદાવાદ:** તા. ૨૧-૧૦-૨૦૧૮ રવિવારના રોજ સેંટ ઝેવિયર્સ કોલેજ, નવરંગપુરા અમદાવાદમાં ડૉટર્સ ઓફ સેન્ટ પોલ સંચાલિત પોલાઈન કૉ-ઓપરેટર્સના શતાબ્દી વર્ષ (૧૯૧૮-૨૦૧૮) ની પૂર્ણાહુતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના મુખ્ય મહેમાન પદે અમદાવાદ ધર્મપ્રાંતના ધર્માધ્યક્ષશ્રી રત્નાસ્વામી, અતિથિ વિશેષમાં ગુર્જર વાણીના ડાયરેક્ટર ફાધર અશોક વાઘેલા એસ.જે., ફાધર દેવાસ્યા એસ.જે., ફાધર વર્ગીસ પૉલ એસ.જે., સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલના આચાર્ય ફાધર ટાઈટસ ડિકોસ્ટા તથા સિ. શાલીની રોઝ (ડોટર્સ ઓફ સેન્ટ પૉલના વાઈસ પ્રોવિન્શિયલ), સિ. રીટા જોસેફ (ડૉટર્સ ઓફ સેન્ટ પૉલ, અમદાવાદના સુપિરિયર), આમંત્રિત ફાધરો - સિસ્ટરો, મહેમાનો ઉપસ્થિત રહ્યા હતાં.

પરમયજ્ઞ બાદ સેન્ટ ઝેવિયર્સ કોલેજના ઝીકા હોલ ખાતે ઉપસ્થિત સર્વે મહેમાનોને પુષ્પગુચ્છથી આવકારતાં બેટ્સી જ્યોર્જ અને ઈન્દુરાવે પોલાઈન પરિવાર વિશે માહિતી આપતાં જણાવ્યું હતું કે, અમદાવાદમાં વર્ષ ૨૦૦૬માં સિ. રીટા જોસેફના નેજા હેઠળ માત્ર બે કો-ઓપરેટર્સ દ્વારા શરૂ થયેલ પોલાઈન પરિવારમાં આજે અઠયાવીશ સભ્યો કાર્યરત છે. શતાબ્દિ વર્ષની ઉજવણી દરમિયાન ડોટર્સ ઓફ સેન્ટ પૉલના સિસ્ટરો અને પોલાઈન પરિવારના સભ્યોએ સાથે મળીને બાઈબલ સન્ડે, બાઈબલ ક્વીઝ, અનેક સ્કૂલોમાં અને શોપમાં પુસ્તક પ્રદર્શન તથા વર્લ્ડ અને નેશનલ કોન્ફરન્સ(રોમ-મુંબઈ)માં ઉમંગ-ઉત્સાહથી ભાગ લીધો હતો.

સિ. રીટા જોસેફ અને શાલીની રોઝે તેઓના મંડળની વિશદ માહિતી આપ્યા બાદ ડૉટર્સ ઓફ સેન્ટ પૉલના સોવિનિયરનું વિમોચન ધર્માધ્યક્ષશ્રીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

શીલા જ્યોર્જ (કો-ઓપરેટર) દ્વારા રચિત નાટકમાં બ્લેસેડ જેમ્સ આલ્બેરિયોનેના જીવન - કવનને જાણી લેવામાં આવ્યું હતું. (જન્મ ૪ એપ્રિલ ૧૮૮૪ - મૃત્યુ ૨૬ નવેમ્બર ૧૯૭૧) તેઓની ઉતાર - ચઢાવવાળી જીવન ગાથામાં તમણે સ્થાપિત ૧૯૧૪માં સોસાયટી ઓફ સેન્ટ પૉલ, ડૉટર્સ ઓફ સેન્ટ પૉલ (૧૯૧૫), લાઈન કો-ઓપરેટર્સ (૧૯૧૮) જેવાં દસેક મંડળો વૈશ્વિક સ્તરે કાર્યરત છે. અભિનિત નાટકમાં સિસ્ટરો અને કો-ઓપરેટર્સ સહુએ ઉત્કૃષ્ટ અભિનય કરીને પ્રેક્ષકો સમક્ષ બ્લેસેડ જેમ્સ આલ્બેરિયોનેના જીવન સમયકાળને જીવંત તાદેશ કરી દીધો હતો. નાટકના ડાયરેક્ટર શ્રી એમ. વાય. પટેલને સિ. શાલિનીએ શાલ ઓઢાડી સન્માનિત કર્યા હતા. સંગીતકાર શ્રી એડવીન વાઝ (અપ્પુ) તથા સ્વરાંકન, ડાયલોગ રેકોડિંગ કરવામાં ગુર્જરવાણીએ સહકાર આપ્યો હતો. સિ. રીટા જોસેફે સૌનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

*— ઈન્દુ રાવ દ્વારા*

## સેન્ટ વિન્સેન્ટના પર્વની ઉજવણી

**નડિયાદ:** તા. ૩૦ સપ્ટેમ્બરના રોજ નિર્મલ મિરિયમ નડિયાદ ખાતે સેન્ટર વિન્સેન્ટના પર્વની ઉજવણી કરવામાં આવી. ૬૫ કુટુંબોને રૂા. ૪૦૦ ની કીટ આપવામાં આવી હતી. તેમાં ૧ કિલો તેલ - ચા, મોરસ, હળદળ, તુવેળ દાળ, સોજી, ઘઉં, ચોખાનો સમાવેશ થયો હતો. દરેકને રૂા. ૨૦ ભાડા પેટે આપવામાં આવ્યા હતા.

*— દાનિયેલ ક્રિસ્ટી દ્વારા*

# બાઈબલ અધિવેશનનો અહેવાલ

'હું એટલા માટે આવ્યો છું કે એમને જીવન મળે અને ભરપટ્ટે મળે.' (યોહાન ૧૦:૧૦)

પવિત્ર શાસ્ત્રના આ વચનને કેન્દ્ર સ્થાને રાખી નડિયાદના નિર્મલ મિરિયમ દેવાલય ખાતે તા. ૧૨, ૧૩, ૧૪ ઓક્ટોબર ૨૦૧૮ના રોજ ત્રિદિવસીય બાઈબલ અધિવેશન યોજાઈ ગયું. ડિનરી કક્ષાના આ અધિવેશનનું આયોજન નડિયાદ ડિનરીના ડિન અને હાલના સભાપુરોહિત (નિર્મલ મિરિયમ દેવાલય - સેન્ટ મેરીસ ચર્ચ, નડિયાદ) રેવ. ફાધર રમેશ મેકવાન દ્વારા કરવામાં આવ્યું હતું. ત્રણ દિવસનું આ અધિવેશન તાબોર આશ્રમ (મુંબઈ)ના સહકારથી શક્ય બન્યું હતું.

આ બાઈબલ અધિવેશનમાં ત્રણે ત્રણ દિવસ તાબોરથી પધારેલા આશ્રમનાં મુખ્ય સંચાલકશ્રી ફાધર માયકલ, ફાધર પીટર, બ્રધર ટોની, બ્રધર લોરેન્સ અને ફાલ્ગુનીબેન મહેતા સહિત સંગીત ટુકડીએ 'ચિંતા ન કરશો, જીવન પામો', 'પ્રભુ મહાન અને સર્વત્ર છે', નિર્વ્યસની બનો, 'પ્રભુ પ્રત્યે આભાર વ્યક્ત કરો' એ મુખ્ય વિચાર પર પવિત્ર શાસ્ત્રના વચનોને ટાંકી ખૂબ જ તલસ્પર્શી અને હૃદયસ્પર્શી રીતે સમજાવ્યો હતો. ફાધરના અંગ્રેજી વક્તવ્યને ફાલ્ગુનીબેન મહેતા સરળ ગુજરાતીમાં અનુવાદિત કરતાં હતાં. પ્રથમ દિવસે શાસ્ત્ર વચનોને આધારે પ્રભુની અનુભૂતિ કરાવ્યા બાદ બીજા અને ત્રીજા દિવસે સાજાપણા (તંદુરસ્તી) પર વિશેષ ભાર મૂક્યો હતો. શારીરિક મુશ્કેલી મૂળમાં તો માનસિક બીમારીનું બાહ્ય સ્વરૂપ છે, એમ જણાવી શરીર સાથે મનને પણ નિરોગી રાખવાની સમજ ટીમના સભ્યોએ આપી હતી.

અધિવેશનના અંતિમ દિવસે છેલ્લી સ્તુતિ આરાધનામાં પ્રથમ બાળકોને સ્ટેજ પાસે બોલાવી ધર્મસભાના આ ભાવિ માટે વિશેષ પ્રાર્થના કરવામાં આવી હતી. દંપતીઓને એકબીજાના માથા પર હાથ મૂકાવી પ્રાર્થના કરાવાઈ હતી. હાલની યુવા શક્તિને સ્ટેજ પાસે નિમંત્રી તેઓ માટે પણ વિશેષ પ્રાર્થના કરવામાં આવી હતી અને વડીલ-વૃદ્ધો માટે પણ વિશેષ પ્રાર્થના કરવામાં આવી હતી. અધિવેશનના ત્રણે-ત્રણ દિવસ સતત હાજર રહેલા નડિયાદ સ્થિત તમામ કોન્વેન્ટના સાધ્વીબહેનો તથા અન્યત્રથી પધારેલ સાધ્વી બહેનોને પણ સ્ટેજ પાસે નિમંત્રી તેઓ માટે પણ વિશેષ પ્રાર્થના કરવામાં આવી હતી. આ અંતિમ પ્રાર્થના દરમિયાન કેટલાં કુટુંબોને નિયમિત બાઈબલ વાંચવાની પ્રેરણા મળી કે કેટલાં શ્રદ્ધાળુઓએ તમાકુ-ગુટકાના ત્યાગનો નિર્ણય લીધો અને કેટલાંને હાડકાંની બીમારીમાંથી મુક્તિ મળી તેની પણ શ્રધ્ધેય ઘોષણા કરવામાં આવી હતી.

બાઈબલ અધિવેશનના આ ત્રણેય દિવસ અતિ મહત્ત્વની કૃપા પેટે બે મહાધર્માધ્યક્ષશ્રી અને એક ધર્માધ્યક્ષશ્રીના પાવન હસ્તે ખ્રિસ્તયજ્ઞનો અમૂલ્ય અવસર સૌને સાંપડ્યો હતો. પ્રથમ દિવસે મહાધર્માધ્યક્ષશ્રી સ્તાનિસલાઉસ ફર્નાન્ડિઝના પાવન કરકમલોથી ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરાયો હતો. તેઓશ્રીના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ખ્રિસ્તયજ્ઞ દરમિયાન ધર્મબોધ વેળા બે થી વધુ વખત મહાધર્માધ્યક્ષશ્રીએ હાલમાં જ સ્વર્ગવાસી થયેલા પવિત્ર શાસ્ત્રના ગુજરાતી અનુવાદક સ્વ. રેવ. ફાધર ઈસુદાસ ક્વેલીને વિશેષ સ્મરણાંજલિ અર્પવા સાથે તેમની મહામૂલી સેવાને બિરદાવી હતી અને તેમના માટે પણ વિશેષરૂપે આભાર પ્રાર્થના કરવા સૂચવ્યું હતું.

બીજા દિવસો ખ્રિસ્તયજ્ઞ ગાંધીનગર મહાધર્મપ્રાંતના મહાધર્માધ્યક્ષશ્રી થોમસ મેકવાને અર્પણ કર્યો હતો. તેઓએ ધર્મશ્રદ્ધાને સંકોરવાની અને શાસ્ત્રના વચનોને રોજે-રોજ જીવવાની વાત પ્રબોધી હતી. તો સાથો-સાથ પોતાના જીવનમાં નિર્મલ મિરિયમ દેવાલય ધર્મવિભાગનો અત્યંત મહત્ત્વનો ફાળો રહ્યાનું જણાવી ધર્મજનોનો આભાર માન્યો હતો.

ત્રીજા અને અંતિમ દિવસે અમદાવાદ ધર્મપ્રાંતના ધર્માધ્યક્ષશ્રી રત્નાસ્વામીના વરદ્ હસ્તે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવામાં આવ્યો હતો. તેઓશ્રીએ ધર્મબોધમાં શ્રદ્ધાને પ્રાધાન્ય આપી શાસ્ત્ર વચનોમાં શ્રદ્ધા એ જ સાચું ખ્રિસ્તી જીવન છે એમ જણાવ્યું હતું.

નડિયાદના ત્રણેય ધર્મવિભાગોએ અર્પણની જવાબદારી બખૂબી નિભાવી હતી. પ્રથમ દિવસે ક્રાઈસ્ટ ધ કિંગ ચર્ચ - મિશન રોડ, બીજા દિવસે સેન્ટ જોસેફ ધર્મવિભાગ  તો ત્રીજા દિવસે નિર્મલ મિરિયમ ધર્મવિભાગના ધર્મજનોએ પ્રભુ ચરણે અર્પણ ધર્યું હતું.

આ બાઈબલ અધિવેશનને સફળ બનાવવા માટે ત્રણેય ધર્મવિભાગનાં સેવાર્થી ધર્મજનો ઉપરાંત પી.પી.સી.નાં સભ્યો, લીજીયન ઓફ મેરી મંડળ, સંત વિન્સેટ-દે-પોલ મંડળ, મહિલા મંડળ, યુવાશક્તિનો નોંધપાત્ર ફાળો રહ્યો હતો. ઉપરાંત આ દિવસો દરમિયાન પ્રાયશ્ચિત સંસ્કારનો શક્ય તેટલા વધુ શ્રદ્ધાળુઓને લાભ મળે તે માટે અનેક પુરોહિતોએ આપેલી સેવાને અને હજારોની સંખ્યામાં હાજર રહેલાં ભક્તજનોને બિરદાવી સૌનો સભાપુરોહિતે આભાર માન્યો હતો.

આ બાઈબલ અધિવેશનની વિશેષ ફળશ્રૃતિ એ રહી કે તાબોર આશ્રમે ૨૫ વર્ષની ઉજવણીનાં કાયમી સંભારણા રૂપે પ્રતિ માસનાં ચોથા શનિવારે નડિયાદમાં રાત્રિ આરાધના ચલાવવાની આ પ્રસંગે જાહેરાત કરવામાં આવી હતી. હવેથી દર મહિનાનાં ચોથા શનિવારે નિર્મલ મિરિયમ દેવાલય (સેન્ટ મેરીસ, નડિયાદ) ખાતે રાત્રિના ૯:૦૦ કલાકથી સવારના ૫:૦૦ કલાક સુધી તાબોર આશ્રમની ટીમ રાત્રિ આરાધના ચલાવશે.

- ફ્રાન્સિસ ડાયર્સા


**બીજી પુણ્યતિથિ**

**સ્વ. સ્મીથ નિશાર ક્રિશ્ચિયન**

જન્મ: ૦૯-૦૪-૨૦૦૩ ★ અવસાન: ૧૬-૧૧-૨૦૧૬

પરમકૃપાળુ પરમેશ્વર આપના પુણ્યશાળી આત્માને શાશ્વત શાંતિ પ્રદાન કરો.

પુનરુત્થાનની પ્રભાતે મિલનની શુભેચ્છા સહ, સૌની હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.

**લિ. આજ્ઞાબેન પરમાર તથા પરિવાર**

૧૬, આલેખ-૧, ચાવડાપુરા, આણંદ




# આકાશ એવન્યુ

**૨૨ ફૂટનો રોડ, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ પહેલા સમપર્ણ પાર્ક પાસે, ચાવડાપુરા, જીટોડિયા આણંદ.**



**રેડી પઝેશન**

**૨૭ લાખ, 4 BHK કાર પાર્કિંગ, જીએસટી સાથે, NA ટાઈટલ ક્લિયર,**
**સ્ટ્રીટ લાઈટ, સોસાયટીનો મેઈન ગેટ સાથે**

**એપ્રુવલ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, આણંદ**

**આકાશ મેકવાન :** મો. ૮૮૬૬૫૦૬૨૬૯
મો. ૯૯૯૮૮૩૫૯૭૨

# આકાશ વાટીકા






**સાઈટ એડ્રેસ :**
આકાશ વાટીકા,
આકાશ ટાઉન ૧ની પાસે, મ્યુનસિપલ
વોટર પંપ પાસે, તુલસી ગરનાળા રોડ,
ગામડી-આણંદ.

4BHK મકાન, કાર પાર્કિંગ, NA ટાઈટલ ક્લિયર, સ્ટ્રિટ લાઈટ, ૩૦ ફૂટ આર.સી.સી. રોડ, ગટર, વિશાળ ડેવલોપ્ડ કોમન પ્લોટ, સોસાયટીના મેઈન ગેટ સાથે

એપ્રુવલ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા,
આણંદ.

૫૦૦ મીટર નજીક
ડી-માર્ટ, શાકમાર્કેટ, સ્કૂલ,
હોસ્પિટલ, રેલવે સ્ટેશન

તુલસી નાળું પહોળું થાય છે.
પૂરજોશમાં કામ ચાલુ છે,
ભાવ વધે તે પહેલા
મકાન બુક કરાવી લેશો.

**આકાશ મેકવાન :**
**મો.૯૯૯૮૮ ૩૫૯૭૨ મો. ૮૮૬૬૫૦૬૨૬૯**

# આકાશ રેસિડેન્સી




**૨૫ લાખમાં 4BHK મકાન, કાર પાર્કિંગ, NA ટાઈટલ ક્લિયર, સ્ટ્રિટ લાઈટ, આર.સી.સી. રોડ, ગટર, સોસાયટીના મેઈન ગેટ સાથે**

**બોરીઆવી-આણંદ રોડ, બ્રિજ પાસે,**
**અમૂલ દાણ ફેક્ટરી સામે, કણજરી - બોરીઆવી, આણંદ**

**એપ્રુવલ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, આણંદ**

**આકાશ મેકવાન :**
**મો.૯૯૯૯૮ ૩૫૯૭૨**
**મો. ૮૯૬૬૫ ૦૬૨૬૯**

# ગુજરાત સાહિત્ય પ્રકાશ પ્રકાશિત

ગુજરાત સાહિત્ય પ્રકાશ પો.બો. નં. ૭૦, સેન્ટ ઝેવિયર્સ રોડ, આણંદ – ૩૮૮ ૦૦૧




# પ્રભુની વાણી ૨૦૧૯

## દૈનિક શાસ્ત્રપાઠ અને મનનચિંતન

**તારાં વચનામૃત છે દીપક મારે કાજ, પગલે પગલે પાથરે મારે પંથ પ્રકાશ.**
(સ્તોત્રસંહિતા : ૧૦૫)

- LITURGICAL INFORMATON OF THE DAY
- GOSPEL READING OF THE DAY
- THOUGHT PROVOKING REFLECTIONS
- ATTRACTIVE AND EASY TO READ LAYOUT

Paper Back: ₹ 140.00
Hard Bound: ₹ 190.00

# કેથોલિક પંચાંગ ૨૦૧૯




## ગભાણ સેટ





**વિવિધ સાઈઝના ગભાણના સેટ તથા બાળ ઈસુના સ્ટેચ્યુ ***



**સૂતેલા સંત યોસેફનું સ્ટેચ્યુ**

## આપણા પ્રભુ ઈસુના બાર શિષ્યોના આકર્ષક ફોટા સહિત

## કિંમત : રૂા. ૨૮/-

પોપ ફ્રાન્સિસને સૂતેલા સંત જોસેફ પ્રત્યે ખૂબ જ લગાવ અને પ્રેમ છે. પોપ ફ્રાન્સિસ પોતે જ્યારે કોઈ મુશ્કેલી કે સમસ્યાથી ચિંતિત હોય છે ત્યારે તેઓ પોતાના ઓરડામાં રાખેલ 'સૂતેલા સંત જોસેફ'ની પ્રતિમા નીચે એક ચિઠ્ઠીમાં પોતાની સમસ્યાઓ લખીને મૂકી દે છે, જેથી સંત જોસેફ પોતાના સપનામાં પ્રાર્થના કરી શકે અને સમસ્યાનું સમાધાન મળી શકે, એટલા માટે જ પોપ ફ્રાન્સિસે 'સૂતેલા સંત જોસેફ'ની ભક્તિને લોકપ્રિય બનાવી.

**FOR ENQUIRY**

(02692) 240161
9408420847
booksgsp@gmail.com

* વધારે માહિતી માટે કાર્યાલયનો સંપર્ક કરો.

**કાર્યાલયનો સમય : સવારે ૮.૦૦ થી ૧૨.૦૦ અને ૧.૦૦ થી ૫.૦૦ કલાક સુધી (સોમ થી શનિ)**

# Pahel Villa...



3 BHK
38.51 /-
થી શરૂ

જીવન જરૂરિયાતની
સવલતોથી સજ્જ અને
રમણીય સાંનિધ્ય અને
આનંદ પ્રમોદનો સમન્વય
એ જ પહેલ વીલા...

મુખ્ય એન્ટ્રન્સ ગેટ, R.C.C. ૨૫" પહોળા રસ્તા, ૨૪ કલાક પાણી ઉપલબ્ધ, ચિલ્ડ્રન પ્લે એરિયા, લોન પેપર ઉપલબ્ધ



2 BHK
17.51*

સૌજન્ય : પરવેઝભાઈ મન્સુરી

**વધારે વિગત માટે : ૯૭૧૪૫ ૮૩૬૮૬, ૯૭૧૨૩ ૦૫૧૨૩**

Site Address :
R.S. No. 255/P, Behind Umang Party Plot, Tulsi Garnara Rd. At. Chikhodra-Anand

PAVAN HRUDAYA DOOT, November 2018 No. of Pages 60 including cover R.N.I. New Delhi No. GUJGUJ/2000/2975
RNP No. AND / 304 / 2018-20. Licensed to post without Prepayment Up to 31.12.2020
Published on 5th of every Month & Posting on 5th of every Month Posted at Anand HO.

Sweet homes

તમારા બજેટમાં તમારા સપનાનું ઘર એટલે... **સ્વીટ હોમ્સ**
@ બાર વીઘા, પોલીસ ક્વાટર્સ સામે, મુ. ગામડી (આણંદ)
**2 & 3 BHK Twins Bungalows**



Sweet homes **સવિતા ગોવિંદ (અંબાજીવાળા)નું નવું સોપાન એટલે...** Sweet homes
Sweet homes 2 & 3 BHK Pleasing living...

તદ્દન વ્યાજબી ભાવ, મધ્યમવર્ગને પોષાય તેવા સરળ પેમેન્ટ તથા સારી ગુણવત્તાવાળા મકાનોની ટાઉનશીપ

સેમ્પલ હાઉસ રેડી પ્રધાનમંત્રી યોજના હેઠળ સબસીડી **(રૂા. ૨,૬૭,૦૦૦)** નો લાભ મળશે. (નિયમોને આધીન) લોન પેપર ઉપલબ્ધ.

**સુવિધાઓ**
- સોસાયટીમાં ઈન્ટરનલ પાકા રોડ તથા ડેકોરેટીવ સ્ટ્રીટ લાઈટ
- કોમન પ્લોટમાં બગીચો તથા ચીલ્ડ્રન પ્લે એરીયા
- સોસાયટીનો પોતાનો બોર
- સોસાયટીને ચારે બાજુ ફરતી કમ્પાઉન્ડ વોલ
- સોસાયટીમાં અન્ડરગ્રાઉન્ડ જી.ઈ.બી. કનેક્શન
- રસ્તાની બંને બાજુ પ્લાન્ટેશન.

**બુકીંગ માટે**
મો. +૯૧ ૭૬૦૦૦ ૪૯૩૬૮
મો. +૯૧ ૯૩૭૪૦ ૦૪૫૮૦

**સાઈટ એડ્રેસ**
બાર વીઘા, પોલિસ ક્વાટર્સ સામે, મુ. ગામડી, તા.જિ. આણંદ.

Publisher's & Printer's Name : Antony Pitchai Vedamuthu, Gujarat Sahitya Prakash, P.B. 70, St. Xavier's Road, Anand - 388001 and Printed by him at Anand Press, P.B. 95, Gamdi-Anand 388001. Editor: Jasvant Macwan